# દાહોદ જિલ્લાનું આદિવાસી આર્થિક વિકાસ દર્શન

ધારા વઘાડીયા
મદદનીશ અધ્યાપક
ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ

## પ્રકરણ રચના


| | |
|---|---|
| પ્રકરણ-1 | સાર, સંક્ષેપ, સૂચનો અને ભલામણો |
| પ્રકરણ-2 | આર્થિક વિકાસ |
| પ્રકરણ-3 | દાહોદ જિલ્લાની વસ્તી, વ્યવસાયિક માળખું અને આર્થિક માળખું. |
| પ્રકરણ-4 | સંસ્થાકીય અને ક્ષેત્રીય સમસ્યાઓ |
| પ્રકરણ-5 | આજીવિકાના સંભવિત ક્ષેત્રો અને કાર્ય આયોજન |

# પ્રકરણ -૧

# અભ્યાસનો સાર-સંક્ષેપ, સૂચનો અને ભલામણો

### પ્રસ્તાવના:

વર્તમાન પરિપ્રેક્ષ્યમાં કોઈ સમુદાયના આર્થિક દર્શનને નિર્ધારિત કરવામાં વર્તમાન વૈશ્વિક પરીસ્થિત અવગણી શકાય નહી ઉપરાંત સમગ્ર વિશ્વ જે સમુદાયની જીવન શૈલીને સૌથી વધુ સંપોષિત ગણતું હોય તેવા સમુદાયને મુખ્યધારામાં જોડવાનો પ્રયત્ન સદાય થયો પરંતુ તે ઇચ્છિત પરિણામ ન આપી શકી કેમકે જીવન શૈલીમાં ઉપભોક્તાવાદનો અતિરેક તુરંત ન જ લાવી શકાય જે આજના સમયમાં આવકાર્ય પણ છે પરંતુ આ જીવન શૈલી પૈકી કેટલીક બાબતો દરેક પેઢીને કાળી મજૂરી તરફ જ ધકેલતી હોય તો તે ખામીઓને નિવારવી અનિવાર્ય છે, પરંતુ તેના માર્ગ ભિન્ન છે કેમકે આજે પણ મોટા ભાગના આદિવાસીઓ પ્રાથમિક ક્ષેત્ર પર નિર્ભર છે ત્યારે તેમના દબાણ પૂર્વકના સ્થળાંતરને રોકવા કૃષિ અને આનુસંગિક ક્ષેત્રોના રૂપાંતરણના ક્ષેત્રો આજીવિકાનો વિપુલ અવકાશ ધરાવે છે આ તકોને લોકો સુધી કઈ રીતે પહોચાડવી તે સંદર્ભે આ અહેવાલમાં દિશા નિર્દેશ કરેલ છે જેથી સાંજના દરેક નાગરિક લાંબુ,સ્વસ્થ અને ગૌરવ પૂર્ણ જીવન જીવી શકે અને પોતાની ક્ષમતાઓનું પ્રફુલ્લન કરી શકે. આદિવાસી આર્થિક વિકાસ દર્શન અંતર્ગત દાહોદ જિલ્લાના વિકાસ દર્શનનો ટૂંકસાર અહીં રજુ કરવામાં આવેલ છે જેમાં વિકાસ, દાહોદની સ્થાનિક સ્થિતિ, સમસ્યાઓ અને નિવારણના પગલા અંગે રજૂઆત કરવામાં આવી છે.

## પ્રકરણ 2

### વિકાસ એટલે શું?

વિકાસનો અર્થ રાષ્ટ્રીય આવકની વૃદ્ધિથી માથાદીઠ આવકની વૃદ્ધિ અને તેનાથી આગળ વધી જીવનની ભૌતિક ગુણવત્તા સુધી વિસ્તૃત થયો છે સરેરાશ આયુષ્ય, બાળ મૃત્યુદર, અક્ષર જ્ઞાન જેવા નિર્દેશકો નો સમાવેશ કરવામાં આવેલ છે 1990 માં યુએનડીપી દ્વારા રજૂ કરવામાં આવેલ વિકાસની વ્યાખ્યા અનુસાર" લોકોને પ્રાપ્ત તકોમાં વધારો થાય અને તે તકોને ઝડપી લેવાની ક્ષમતામાં વધારો થાય તે વિકાસ છે" જેથી લોકો લાંબુ, સ્વસ્થ, અને સર્જનાત્મક જીવન જીવી શકે તેના માટે માથાદીઠ આવક, અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતાના દરને નિર્ધારિત કર્યા પરંતુ આ ત્રણ માપદંડ જીવનની ગુણવત્તા નિર્ધારિત કરે છે પરંતુ ગૌરવપૂર્ણ જીવન આ માપદંડ થી પ્રાપ્ત થતું નથી તેના માટે જાતિગત સમાનતા અનિવાર્ય છે માનવતાના અડધા પ્રમાણને અવગણીને વિકાસ સાધી શકાય નહીં. પરિણામે યુએન દ્વારા 1995 થી નારી વિકાસ સૂચક આંક રજૂ કરવામાં આવેલ. પરંતુ જાતિગત સમાનતા

સિવાય પણ વિશ્વમાં વિભિન્ન અસમાનતાઓ જેને નિવારવી જરૂરી છે તેથી આર્થિક અસમાનતા નિવારણ માટે 2010 માં ડીપી દ્વારા આઈ ડી એચ આઈ અસમાનતા સમાવતો માનવ વિકાસ આંક કરવામાં આવ્યું વિકાસના પરિણામોની વહેંચણી ને સમાવવા અભિવ્યક્તિની સ્વતંત્રતા, લોકશાહી અને બંધુતા હોવી જરૂરી છે પરંતુ જે સમુદાય માટે આ માપદંડ નિર્ધારિત કર્યા છે તે લોકો જો પ્રસન્ન ન હોય તો બધા માપદંડમાં સારું આંક મેળવવા છતાં તે કાર્ય નથી. આ સંદર્ભમાં હેપીનેસ ઇન્ડેક્સ અસ્તિત્વમાં આવ્યો પરંતુ વર્તમાન સમયની સમસ્યા માનવ સુખાકારી કરતા પણ માનવ અસ્તિત્વ સામે જ પ્રશ્નાર્થ ઉભો કરે છે. તેને ઉકેલવા માટે જે તે વિસ્તારના વિકાસના માપદંડમાં પરિસ્થિતિકીય પદ ચિન્હ ન્યૂનતમ રહે વિકાસની દિશા નિર્ધારિત કરવી જરૂરી છે પ્રસ્તુત પ્રકલ્પમાં વિકાસના સંભવિત ક્ષેત્રની ચર્ચા કરવામાં ઉપરોક્ત માપદંડને કેન્દ્રમાં રાખી સૂચન કરવામાં આવ્યા છે.

# પ્રકરણ -3

## દાહોદ જિલ્લાની વસ્તી, વ્યવસાયિક માળખું અને આર્થિક માળખું

### વસ્તી વિષયક માળખું:

જિલ્લાની વસ્તી વિષયક લાક્ષણિકતાઓમાં દાહોદ રાજ્યની વસ્તીના ૩.૫૧ ટકા હિસ્સો ધરાવે છે. જિલ્લાનો વસ્તી વૃદ્ધિનો દર રાજ્યની તુલનામાં ઘણો ઊંચો 29.98% છે આદિવાસી વસ્તીનું પ્રમાણ 90% કરતાં વધુ છે અને શહેરી વસ્તીનું પ્રમાણ માત્ર ૯ ટકા છે ગ્રામીણ વસ્તી 91% છે,દાહોદમાં જાતિ પ્રમાણ ગુજરાત ની તુલનામાં ઊંચો છે હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ 990 છે બાળકોમાં જાતિ પ્રમાણ વયસ્કની તુલનામાં નીચું 948 છે. વસ્તી ગીચતા ની દ્રષ્ટિએ રાજ્યની તુલનામાં દાહોદ જિલ્લો બમણી ગીચતા ધરાવે છે ગુજરાતની ગીચતા 308 છે જ્યારે દાહોદની 584 છે સાક્ષરતાની દ્રષ્ટિએ 2011 અનુસાર સૌથી ઓછી સાક્ષરતા ધરાવતો જિલ્લો દાહોદ છે તેનું પ્રમાણ 53.8% જ છે માં પણ આદિવાસીઓમાં સાક્ષરતાનું ન્યૂનતમ દર ધાનપુરમાં 39.3 ટકા છે જ્યારે સૌથી વધુ ફતેપુરા માં 60% છે.

### કાર્યકારી વસ્તી અને જમીન માલિકી:

દાહોદમાં કામ કરતી વસ્તી 2011માં અને 47% થઈ છે જોકે એ ગુજરાત રાજ્યની તુલનામાં વધુ છે ગુજરાતમાં સ્ત્રી કામદારોનો હિસ્સો માત્ર 23% છે જ્યારે દાહોદ માટે પ્રમાણ કા છે કુલ કામ કરતી વસ્તીના 88% લોકો ખેતી ક્ષેત્રમાં રોજગાર મેળવે છે 39% અને 44% ખેત મજૂર છે.

જમીન ધારણ કદ: એક ટકા મોટા ખેડૂતો પાસે કુલ ખેદાન હેઠળના 10% વિસ્તારની માલિકી છે 44% સીમાંત ખેડૂતો પાસે કુલ ખેડાણ હેઠળના 12% વિસ્તારની માલિકી છે 11 ટકા મધ્યમ ખેડૂતો પાસે 33% જમીનની માલિકી છે.

કૃષિ ક્ષેત્ર દાહોદમાં પાણીની અછતના પરિણામે પાક તરાહ પણ ગુજરાતની તુલનામાં ભિન્ન છે ગુજરાતના કુલ મસાલાના ઉત્પાદનમાં દાહોદનો હિસ્સો સાત ટકા છે જે હજુ વધવાની સંભાવના છે ઉપરાંત નું ઉત્પાદન રાજ્યની તુલનામાં ભુજ જિલ્લામાં વધારે થાય છે બાગાયત પાકોમાં 67 ટકા શાકભાજી અને 17 ટકા મસાલા લસણ,હળદર, મરચા, ધાણાનું પ્રમાણ છે.

## પશુપાલન:

દૂધ અને દૂધની બનાવટોનો અવકાશ દાહોદમાં વિસ્તરી રહ્યો છે 2007 થી 12 સુધીમાં દુધાળા પશુઓનું પ્રમાણમાં 10% થી વધી 27% થયું છે તેમજ માસના ઉત્પાદનમાં ઘેટા બકરા અને મરઘા બતકાનું ઉત્પાદન 33% થી વધી 40% થયું છે.

## ઔદ્યોગિક ક્ષેત્ર

દાહોદ જિલ્લામાં સૌથી વધુ ઔદ્યોગિક એકમો દેવગઢબારિયામાં છે મોટાભાગે ઉદ્યોગોમાં રબર પ્લાસ્ટિકના ઉત્પાદન, ખાદ્ય પેદાશો, એન્જિનિયરિંગ, તૈયાર વસ્ત્રો, મિનરલ તેમજ ખનન ક્ષેત્ર વધારે વિકસ્યા છે.

## લઘુ નાના અને કુટીર ઉદ્યોગો

કુટીર ઉદ્યોગોમાં લાકડાના ફર્નિચર, કાપડ ઉદ્યોગ, ભરતકામ જેવા ઉદ્યોગોમાં ઓછા મૂડી રોકાણ દ્વારા વધુ રોજગારનું સર્જન કરી શકાયું છે. સેવાઓના ક્ષેત્રે પણ તેમજ જણાય છે દાહોદમાં લઘુ નાના કુટીર ઉદ્યોગોની સંખ્યા 2440 છે અને રોજગાર નું પ્રમાણ 6000 છે

## ખનન ઉદ્યોગ

દાહોદ પહાડી વિસ્તાર હોવાથી ત્યાં ખનન પ્રવૃત્તિ વધુ વિસ્તરી છે જોકે અહીં મુખ્ય ખનીજ કોઈ નથી પરંતુ ગોણ ખનીજનું પ્રમાણ ઊંચું છે તેમાં પણ રેતી, ક્વાર્ટઝ, બ્લેક ટ્રેપની માત્રા ઉંચી છે જે સરકારની આવકના મુખ્ય સ્ત્રોતો પણ છે.

## સહકારી ક્ષેત્ર

દાહોદમાં સહકારી ક્ષેત્ર ભિન્ન ક્ષેત્રોમાં વિકસી રહ્યું છે જેમાં મુખ્યત્વે બેન્કિંગ, કૃષિ અને આનુસંગિક ક્ષેત્રો, વ્યવસાયિક મંડળીઓ, વ્યવસ્થાપક મંડળીઓ અને ડેરી ક્ષેત્ર ગણી શકાય. તેમાં પણ ડેરી ક્ષેત્ર સૌથી મોટું છે સમગ્ર દાહોદમાં 603 દૂધ સહકારી મંડળીઓ છે.

## સેવાક્ષેત્ર

દાહોદમાં સેવા ક્ષેત્રના વિકાસની સ્થિતિ તપાસતા જણાય છે કે વીજળીની સુવિધા દરેક વિસ્તાર સુધી પહોંચી છે પરંતુ પર્યાપ્ત માત્રામાં અને દરેક સમયે વીજળીનો પુરવઠો ઉપલબ્ધ નથી તે વિજ વપરાશની માહિતી

પરથી જાણી શકાય છે તેમાં ધાનપુર ઓછો વિજ વપરાશ ધરાવે છે. વાહન વ્યવહાર ક્ષેત્રે જિલ્લાની સંપર્ક ક્ષમતા પર્યાપ્ત જણાય છે દાહોદ  અને ગરબાડા બેજ તાલુકા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સાથે સંપર્ક ધરાવે છે સંજેલી તાલુકો માત્ર પંચાયતના માર્ગ ધરાવે છે. સંદેશા વ્યવહારની દ્રષ્ટિએ સંજેલી, ગરબાડા, ધાનપુર, અને ફતેપુરા સૌથી ઓછી  પોસ્ટની સુવિધા ધરાવે છે અને નેટવર્કની દ્રષ્ટિએ પણ આ તાલુકાઓમાં ગંભીર સમસ્યા જણાય છે

બેન્કિંગ:

સંસ્થાકીય માળખામાં બેન્કિંગ ક્ષેત્ર ખૂબ મહત્વનું ક્ષેત્ર છે જિલ્લામાં કુલ 109 બૅન્ક છે તે પૈકી 57 રાષ્ટ્રીયકૃત,  9 સહકારી બેંક 22 ગ્રામીણ વિકાસ બેંક તે પૈકી જમીન વિકાસ બેંકનું પ્રમાણ માત્ર  4 છે અન્ય બેંકો 17 છે.

સિંચાઈ: જિલ્લાનો  સિંચિત વિસ્તાર  2019 -20 માં 21.82% હતો 2009-10માં તે પ્રમાણ  18.48% હતું. નો મુખ્ય સ્રોત તળાવ છે તેના દ્વારા પિયતનું પ્રમાણ 44% છે 22% ચેક ડેમ 30 ટકા નહેર અને 4 ટકા  અનુ શ્રવણ તળાવ છે.

શિક્ષણ. દાહોદમાં સાક્ષરતાનું પ્રમાણ 2011 ની વસ્તી ગણતરી અનુસાર 58.82% છે જે રાજ્ય અને દેશના સાક્ષરતા દર કરતા ઘણો નીચો છે તેમાં પણ તફાવત ખૂબ વધારે છે સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ માત્ર 47.5% છે આમ નિરક્ષરતાનું પ્રમાણ તેઓમાં ઘણું ઊંચું છે. અભ્યાસ અધૂરો છોડવાનું પ્રમાણ દાહોદમાં ખૂબ ઊંચું છે 100 વિદ્યાર્થી ધોરણ એક માં પ્રવેશ  મેળવે તો ધોરણ છ માં પ્રવેશતા તે 50% થઈ જાય છે અને ધોરણ 12 સુધી પહોંચતા તે 35% થી ઓછા થઈ જાય છે છોકરીઓના સંદર્ભમાં આ ચિત્ર વધુ વિકટ છે.

સ્વાસ્થ્ય

આદિવાસી વિસ્તારમાં 80000 વસ્તીએ સીએચસી હોવું જોઈએ જે દાહોદમાં 1,80,000 છે ફતેપુરા અને ગરબાડા સૌથી વધુ ખરાબ સ્થિતિમાં છે સ્વાસ્થ્ય કર્મીઓમાં ખાલી જગ્યા ભરવામાં આવેલ નથી દેવગઢ બારીયા અને લીમખેડામાં પણ સ્થિતિ વિકટ છે. પરિણામે નવજાત શિશુ અને માતા મૃત્યુદર ઉચો છે.

# પ્રકરણ-4

## સંસ્થાકીય અને ક્ષેત્રીય સમસ્યાઓ

પ્રસ્તુત પ્રકરણમાં જિલ્લાની વિભિન્ન સમસ્યાઓને બે વિભાગમાં વિભાજિત કરી છે સંસ્થાકીય માળખાની સમસ્યા  અને ક્ષેત્ર  અનુસાર સમસ્યા.

### સંસ્થાકીય

રાજ્ય: રાજ્યની ભૂમિકા લોકોમાં ક્ષમતાઓનું પ્રફુલ્લન કરી તેમને સક્ષમ બનાવવાનું છે તેનાથી આર્થિક કે સામાજિક અસમાનતા વધવી જોઈએ નહીં, વિકાસના કાર્યક્રમને આત્મનિર્ભર બનાવવા, અને વિકાસના કાર્યક્રમોના અમલ અને આયોજનમાં લોક ભાગીદારી હોવી જોઈએ.

પરંતુ દાહોદમાં પૈસા એકના અમલીકરણ બાબતે વિશિષ્ટ પ્રશ્નો છે. તેમજ જંગલના ઉપયોગ અંગે પણ જાગૃતતાનો અભાવ છે. ડબલ્યુ જી ડબલ્યુ એલ ઓ ના હેવાલ અનુસાર દાહોદમાં સામુદાયિક મન અધિકારની મંજૂરીનો દર સૌથી નીચો માત્ર 14% છે અને વ્યક્તિગત જંગલ અધિકાર દાવા મંજૂરીનો દર 26% છે. મૂળ કારણ પુરુષોનું સ્થળાંતર છે અને ગ્રામસભામાં સ્ત્રીઓની ગેરહાજરી છે.

બજાર:

દાહોદમાં બજારનું માળખું સફળ રહ્યું હોય તેવું જોવા મળતું નથી કેમકે સ્થાનિક માંગ અનુસાર સ્થાનિક પુરવઠો ઉપલબ્ધ નથી ત્યાં જમીનની કિંમતો ઉંચી હોવાથી ઉત્પાદનના એકમો શરૂ કરવાનું ખર્ચ ખૂબ ઊંચું છે, મૂડીમાં સ્થાનિક રીતરિવાજોના પરિણામે રોકડ નાણાની માંગ વધુ રહે છે તેથી લાંબા ગાળાની ઉત્પાદક મૂડીનું પ્રમાણ અત્યંત અલ્પ છે. શ્રમની દ્રષ્ટિએ સાક્ષરતાના અભાવે કૌશલ્યવાન શ્રમની અછત જણાય છે આદિવાસી તાવો પૈકી શરમાળપણાના કારણે નિયોજકીય ક્ષમતાઓ પણ તુલનાત્મક રીતે અલ્પ વિકસિત રહી છે.

સીવીલ સોસાયટી:

રાજ્ય અને બજાર દ્વારા હાથ ધરાતી વિકાસ પ્રક્રિયામાં ટીકડી જોડવાનું કામ હંમેશા સોસાયટી દ્વારા થયું છે પરંતુ વર્તમાન સમયમાં તેઓ પાસે સ્થાનિક સ્તરના સંપર્ક અને સમર્પિત કાર્યકરો છે. પરંતુ ફંડના અભાવે અનેક ક્ષેત્રોના કાર્ય અવરોધાય છે.

# ક્ષેત્ર અનુસાર પડકાર

## કૃષિ અને આનુસંગિક ક્ષેત્રો

દાહોદમાં જમીન ધારણ કદ તપાસતા જણાય છે કે 0.50 હેક્ટર જમીન ધરાવતા ખેડૂતોનું પ્રમાણ 43% છે જે કુલ જમીનના 4% ટકા જમીન માલિકી ધરાવે છે. આટલી ન્યુનતમ જમીનને નિર્વાહ શિવાય વ્યવસાયિક ક્ષેત્રે વાળવુ મુશ્કેલ છે. કૃષિ નીપજકોની સમસ્યા પાણીની અછત અને કદની મર્યાદાના કારણે આવક ન્યૂનતમ હોવાથી નીયોજકો માટેની સહાયમાં જે હિસ્સો ખેડૂતે ભોગવવાનો છે તે પણ સહિ શકાય તેમ ન હોવાથી યોજના ઉપયોગી બનતી નથી.

વેચાણ

કૃષિ પેદાશોને સ્થાનિક સ્તરેથી આગળ પહોંચાડવાની ક્ષમતાના અભાવે આવક વધારી શકાતી નથી.

ડેરી ક્ષેત્ર : જમીનની મર્યાદાના કારણે પશુપાલન માટે લીલો ચારો મુખ્ય પડકાર છે જોકે દૂધનું ઉત્પાદન પણ આ ક્ષેત્રની સમસ્યા છે.

## ઉદ્યોગ સમક્ષના પડકારો

કુટીર ઉદ્યોગોના વિકાસ માળખાનો અભાવ

નાના પાયાના ઉદ્યોગોને વિકસાવવા માટે ન્યુનતમ શિક્ષણ, નાના સ્તરના ઉત્પાદક યંત્રો, ઓજારો તેને ચલાવવાની તાલીમ આપતી સંસ્થાઓ, આવશ્યક અને પર્યાપ્ત કાર્યકારી મૂડીની સુવિધા અને ઉત્પાદિત માલ માટે વેચાણ વ્યવસ્થાનો અભાવ જણાય છે.

ટેકનિકલ પરિવર્તન અને સ્થાનિક ક્ષમતા.

નેટવર્કના અભાવે ખેડૂત મિત્ર જેવી એપને પણ વાપરી શકાતી નથી. કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીકલ પરિવર્તનઓના સ્વીકારમાં ખર્ચ મર્યાદા રૂપ પરિબળ છે.

સ્થાનિક ક્ષમતા

વિવિધ સફળ પ્રયોગોની ચર્ચા હેવાલમાં કરવામાં આવેલ છે, કૃષિ પેદાશોના વેચાણની વ્યવસ્થા માટે ગોઠવણ થાય તો કૃષિ ક્ષેત્રે આવક પાક તરાહમાં પરિવર્તન શક્ય બને, ટેકનોલોજીકલ પરિવર્તનમાં સફળ આગેવાની અને તાલીમથી મુશ્કેલ બાબતોને પણ શકાશે.

## પ્રકરણ 5

મહત્વના સૂચનો અને ભલામણ

સમગ્ર જિલ્લાની સ્થિતિ, સમસ્યાઓ અને ક્ષમતાઓને તપાસી સમતા પૂર્ણ વિકાસની દિશામાં આગળ વધવા કેવા પગલાં ભરવા તે પ્રસ્તુત પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યું છે.

## વન્ય પેદાશોની મૂલ્યવૃદ્ધિ માટે માળખું.

વન્ય પેદાશોની મૂલ્યવૃદ્ધિ માટે ચાર સ્તરનું માળખું ગોઠવેલ છે જેમાં ગામ થી જિલ્લા સ્થળ સુધી જુદા જુદા સ્તરે દરેકે કાર્ય કરવું તે નિર્ધારિત કરેલ છે. જેમકે દાહોદમાં શું થઈ શકે? જંગલમાંથી ગૌણ વન્ય પેદાશોના એકત્રિકરણથી લઈ વેચાણ બ્રાન્ડિંગ સુધીનું માળખું કરેલ છે તેમજ તેના વ્યવહારુ અમલમાં કેવા પ્રશ્નો આવી શકે અને તેના ઉકેલ શું હોઈ શકે રજૂ કરેલ છે.

પ્રથમ સ્તરે ગ્રામજનો દ્વારા એકત્રીકરણ દ્વિતીય સ્તરે જંગલ પેદાશોનું પ્રાથમિક સ્તરનું રૂપાંતર દાખલા તરીકે મહુડા ના ફૂલના લાડુ ચીક્કી ટીમરુ ના પાનની બીડી વગેરે તૃતીય સ્તરે તાલુકા સ્તરે પ્રોસેસિંગ જે સમગ્ર તાલુકાની વસ્તુઓના વેચાણની કામગીરી પણ સંભાળે ચતુર્થ સ્તરે જિલ્લા સ્તરે તાલુકા અને ગ્રામ સ્તરના જૂથોને ટેકનિકલ અને વ્યવસ્થાપકીય સહાય પુરી પાડે જેમાં નાના યંત્રો ચલાવવાની તાલીમ અને રીપેરીંગ તેમજ તાલુકા સ્તરે થતા ઉત્પાદનને જુદા જુદા સ્તરે વેચાણના અવકાશ જોડવાની કામગીરી કરશે જે ઓફલાઈન અને ઓનલાઇન બંને વેચાણ વ્યવસ્થાની તાલીમ પણ આયોજિત કરશે.

કૃષિ ક્ષેત્ર

ક્ષેત્રની મૂલ્ય વૃદ્ધિ માટે પણ સહકારી માળખાની રચના કરી છે દાહોદમાં સહકારી ક્ષેત્રે સૌથી વધુ સફળ ક્ષેત્ર ડેરી છે ડેરીની સાથે કૃષિ પેદાશોને પણ જોડી આ જ પ્રકારે માળખું ઊભું કરી શકાય.

સહકારી ડેરી સવારે અને સાંજે ઉપયોગમાં લેવામાં આવે છે પરંતુ ડેરીને પોતાનું વ્યવસ્થા તંત્ર છે જે બાકીના સમયમાં વળ વપરાયેલું રહે છે. અને ડેરીમાં દૂધ ભરનાર ખેડૂતો જ ખેતપેદાશોનું ઉત્પાદન પણ કરે છે આજ ખેડૂતો પાસેથી કૃષિ પેદાશો ખરીદી તેને શોટિંગ કરી પેકિંગ કરી અને દૂધ વિતરણ કેન્દ્રો પર વેચી શકાય. શેષ બચતા શાકભાજી ફળફળાદીને પલ્પ,શરબત, પાવડર ના સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય જે ડેરી માટે વિશેષ પ્રયત્ન વિના થઈ શકે તેવું કાર્ય છે અને સરળતાથી મૂલ્ય વૃદ્ધિ પણ કરી શકાય ઉપરાંત ડેરી ને પોતાની બ્રાન્ડ વેલ્યુ છે તેથી આ પેદાશોને બ્રાન્ડિંગના વિશેષ પ્રયત્નની જરૂર નહીં રહે. અને આજ પેદાશ ટ્રાયફેડ સાથે પણ જોડી શકાશે. તેના માટે સજીવ પેદાશો કઠોળ અને ધાન્યના સંદર્ભમાં આજ રીતે વિચારી શકાય.

આ બંને પ્રકારના માળખામાં ઉભા થતા પ્રશ્નો મા મુખ્ય પ્રશ્ન કોણ શરૂ કરે? કેવી રીતે કરે? અને સંસાધન ક્યાંથી આવે તે છે દરેક પ્રશ્નોના ઉત્તર પ્રકરણ પાંચમાં વિગતે આપવામાં આવેલ છે.

વિભિન્ન ક્ષેત્રોની સમસ્યાઓના નિવારણ માટે ક્ષેત્ર અનુસાર સૂચન અને ભલામણ કરવામાં આવેલ છે.

આદિવાસી ક્ષેત્રોમાં આજીવિકાનું મુખ્ય સાધન ખેતી જ છે અને તેથી દબાણ પૂર્વકના સ્થળાંતરને અટકાવવા માટે ઉત્પાદન વધે તેવા પ્રયત્નો હાથ ધરવા આવશ્યક છે કૃષિ ક્ષેત્રને વિકસાવવા માટે અનેક પ્રયત્નો હાથ ધરાયેલા છે અને કેટલાકની જરૂરિયાત છે કૃષિ ક્ષેત્રની આવક વધારવા માટે ઉત્પાદનથી લઇ મૂલ્ય વૃદ્ધિ સુધીની પ્રક્રિયા માટે શું કરવું તે અંગે અહી કેટલાક પગલા સૂચવવામાં આવેલ છે. અન્ય આદિવાસી વિસ્તારોની તુલનામાં દાહોદમાં કૃષિ ક્ષેત્ર જરા વિશિષ્ટ છે કેમકે અહી ઉત્પાદન વધારવાની આવશ્યકતા છે અને તેના માટે પાક વૈવિધ્ય અને પિયતની સુવિધા ઉભી કરવી જરૂરી છે તે અંગેના પગલા નીચે મુજબ હોઈ શકે.

સિંચાઈ અંગેના સૂચન :

- કડાણા ડેમનું પાણી શક્ય તેટલા વિસ્તારમાં પહોચાડવું.
- હેક્ટરથી ઓછી જમીન ધરાવનારને ટપક સિંચાઈ પદ્ધતિ માટે સબસીડી ૮૫ ટકાથી વધારી ૧૦૦ ટકા કરવી.
- સ્થાનિક તળાવને મનરેગા અંતર્ગત ઊંડા કરી તેના વપરાશને નિયંત્રિત કરવું તેના માટે ગામની જ સામુદાયિક માલિકી અંતર્ગત નિયમન કરવું
- દાહોદ ડુંગરાળ વિસ્તાર છે તેથી ચોમાસા પૂર્વે વરસાદી પાણી સંગ્રહ માટે મનરેગા યોજના અંતર્ગત દરેક ગામની આસપાસના વિસ્તારમાં અર્ધગોળાકાર બે બે ફૂટના ખાડા કરાવી પાણી રીચાર્જ કરાવવું.

**ખેત ટેકનોલોજી સુધારણા સૂચનો:**

૧.કૃષિ યુનીવર્સીટીની મદદ લઇ ઓછા પાણીમાં થતા અને વધુ ઉત્પાદકતા ધરાવતા બિયારણ તૈયાર કરી તેનો ઉપયોગ વધારી ઉત્પાદકતા વધારી શકાય .

૨.મકાઈ દાહોદનો મુખ્ય પાક છે અને મકાઈના બિયારણમાં કૃષિ યુનીવર્સીટી દ્વારા સુધારેલ બિયારણ સદગુરુ ગ્રુપ દ્વારા એક તાલુકામાં આપવામાં આવેલ છે જે ઉચી ઉત્પાદકતા ધરાવે છે તેને બાકીના તાલુકામાં પણ પ્રયોજી શકાય.

૩.દાહોદમાં પાણીના અલ્પ વપરાશ વાળી પિયત પદ્ધતિઓના વ્યાપક સ્વીકૃતિ માટે સહકારી અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સઘન પ્રયત્ન હાથ ધરવો વિશેષ સંજેલી, દાહોદ,ફતેપુરા, અને દે.બારિયામાં.

૪.ઓછી પિયત ધરાવતા બાગાયત પાકોની ખેતીનું પ્રમાણ વધારવું દા.ત. જામફળ, કેરી, પોપૈયા

૫.આ વિસ્તારમાં મસાલાનું ઉત્પાદન સારી માત્રામાં થાય છે તેના ઉત્પાદનને વધારી તેનું રૂપાંતરણ ત્યાજ હાથ ધરવું.

૬.આ વિસ્તારનો એગ્રો કલાઇમેટ ઝોન ચારોળીના ઉત્પાદન માટે યોગ્ય છે અને જંગલ વિસ્તારમાં તેનું ઉત્પાદન થાય છે તો કૃષિ યુનીવર્સીટીની મદદથી તેના ઉત્પાદન વધારવાના પ્રયત્ન હાથ ધરી વાળી બનાવી શકાય.

૭.મશરૂમ જેવા કૃષિ ઉત્પાદન પણ હાથ ધરી શકાય તેનો એક પ્રયોગ પણ એક શિક્ષિત યુવાન દ્વારા કરવામાં આવેલ પરંતુ ઉત્પાદનને યોગ્ય બજાર ન મળવાથી તે નિષ્ફળ રહ્યો પરંતુ આ પ્રકારના ઉત્પાદનને વેચવા માટે નજીકના શહેરી વિસ્તારમાં બજાર સાથે જોડવામાં આવે તો આ પ્રકારના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા કૃષિ ક્ષેત્રે નવપ્રવર્તન પણ સર્જી શકાય તેના માટે માત્ર વેચાણ વ્યવસ્થા ઉભી કરવી જરૂરી બને અને તેના માટે એક ચોક્કસ સ્તરનું ઉત્પાદન વધારવું પડે જે સહકારી મંડળી જેવા સંગઠનથી શક્ય બની શકે.

પશુપાલન અને મરઘા બતકા પાલન :

૧.દાહોદમાં છેલ્લા એક દશકમાં પશુપાલનમાં ડેરી ક્ષેત્રે સારી પ્રગતી થઇ છે પરંતુ તેને વધુ વ્યાપક બનાવવા ઘાસચારાની વ્યવસ્થા કરવી જરૂરી છે કુલ ઉત્પાદનમાં માત્ર ૪ ટકા જમીનમાં જ

પશુચારાનું વાવેતર થાય છે જમીન વિહોણા લોકો પશુપાલન કરી શકતા નથી પરંતુ ચારની વ્યવસ્થા થાય તો તેનો વ્યાપ વધારી શકાય.

૨.મરઘા-બતકા પાલનમાં દાહોદમાં સરકાર દ્વારા યોજના પણ શરુ કરવામાં આવેલ પરંતુ તેની કાળજીના અભાવે આ ક્ષેત્ર વિકસી શક્યું નથી તેના કારણે પંચમહાલ અને મધ્યપ્રદેશથી દાહોદમાં મરઘા અને બતકા વેચાણ માટે આવે છે જે સ્થાનિક સ્તરે ઉત્પાદન કરી શકાય. તેના માટે સહકારી મંડળી શરુ કરી ઉત્પાદન કરવું વધુ યોગ્ય રહે તેમાં બહેનો જોડાયેલી હોવાથી તે વધુ સરળતાથી શરુ કરી શકાય.

## ખેતપેદાશના સંગ્રહ :

૧.એક યોજના અંતર્ગત ગામમાં ગોડાઉનની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ પરંતુ તેનો વપરાશ યોગ્ય રીતે કરવામાં આવતો નથી ગ્રામસભાને સક્રિય કરી તેના નિયમો બનાવી તેને ઉપયોગમાં લઇ શક્ય

૨.ફળ, શાકભાજી, ફૂલો જેવી નાશવંત વસ્તુઓના સંગ્રહ અને બજાર સુધી પહોચાડવા માટે સીતગૃહો (કોલ્ડ સ્ટોરેજ) અને ફ્રોજનની વ્યવસ્થા ઉભી કરી શક્ય તેના માટે સહકારી ડેરીના માળખાને ઉપયોગમાં લઇ શકાય.

૩.અનાજ અને કઠોળના સંગ્રહ માટે સહકારી ધોરણે મંડળી બનાવી સજીવ પેદાશોના પેકિંગ કરી શહેરી વિસ્તારોમાં બજાર સુધી પહોચાડી શકાય.

૪.કઠોળમાં ચણા, અડદ અને સોયાબીન દાહોદના મુખ્ય પાકો છે ત્યારે તેને સજીવ પેદાશ હોવાથી તેને સાફ કરી નાના પેકિંગ તૈયાર કરી શહેરી વિસ્તારમાં સજીવ પેદાશના બજારમાં વેચવાની વ્યવસ્થા કરવાથી વિશેષ આવક વૃદ્ધિ મેળવી શકાય છે.

૫.સજીવ પેદાશને ટ્રાયફેડ બ્રાન્ડીંગ સાથે ઓનલાઈન એમઝોન અને ફ્લીપકાર્ટ પર વેચી શકાય અને તેના માટે ૧૨ પાસ વિદ્યાર્થીઓને તાલીમ આપી કેળવી શકાય.

**ખેત વેચાણના પ્રશ્નો :**

**૧.**કાકડખીલા ગમે સદગુરુ દ્વારા એક આલોપલો કરીને એક યોજના છે જેમાં ગામના ખેડૂતો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશો વજન કરી સાંજે વાહનમાં લઇ જવામાં આવે જે વહેલી સવારે દાહોદ બજારમાં હરાજી કરી સાંજે ખેડૂતોને તેના ઉત્પાદનના મળેલ કિમત પરત કરવામાં આવે છે આમ નાના ખેડૂતો માટે નાશવંત વસ્તુઓ માટે (શાકભાજી,ફળ,ફૂલ) આવી વ્યવસ્થા સરકર કે સહકરી મંડળી દ્વારા ઉભી કરી શકાય.

૨.ગામના ૧૦ ધોરણ થી વધુ ભણેલા યુવાનોની વેચાણ માટેની મંડળી બનાવી શકાય જે આખા ગામના ઉત્પાદનને વેચાણ સ્થળ સુધી પહોચાડી હરાજી કરી સાંજે ખેડૂતને તેના નાણા પરત કરે.

૩.ડેરીના માળખાનો વેચાણ વ્યવસ્થા તરીકે ઉપયોગમાં લઇ શકાય શાકભાજી ઉત્પાદન કરતા ખેડૂતો પાસેથી ખરીદી તેના પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રો પર તાજું શાકભાજી પણ વેચી શકાય.

૪.આજ રીતે ડેરી જે શાકભાજીનું ઉત્પાદન ખુબ વધારે થતું હોય તેના રૂપાંતરણની પ્રક્રિયા પણ ડેરીમાં કરાવી શકે.

૫.દાહોદ જીલ્લાની પેદાશોને સંગ્રહી શકાય તેવી પેદાશોને સજીવ પેદાશને ટ્રાયફેડ બ્રાન્ડીંગ સાથે ઓનલાઈન એમઝોન અને ફ્લીપકાર્ટ પર વેચી શકાય.

૬.ગામમાં ખેત વેચાણ મંડળી બનાવી શકાય જે સહકારી ધોરણે ખેતપેદાશોને તાલુકા કે જીલ્લા સ્તરે વેચવા મોકલે.

ધિરાણ;

૧.સ્વ સહાય જૂથની સંખ્યા વધારી આ દિશામાં આગળ વધી શકાય.

૨.સામુદાયિક ખેતી, ઉત્પાદન, વેચાણને પ્રોત્સાહન આપવા તે સ્તરે થતી ખેતીને વેગેરેને ખાતર, બિયારણ, જંતુનાશકો, પિયત અને નાણાંકીય સહાયમાં વિશેષ પ્રોત્સાહન આપવાથી એક મજબુત માળખું ઉભું કરી શકાય.

૩.ગ્રામ વિકાસ બેંક, જમીન ધિરાણ બેંકનું પ્રમાણ વધારી શકાય.

## સમગ્રપણે ખેત રૂપાંતરણ માટેના સૂચનો :

૧.ટ્રાયફેડના માળખાને વ્યાપક બનાવી તેના તાલુકા સ્તરે જીલ્લા સ્તરે કેન્દ્ર ઉભા કરવા જ્યાં જીલ્લામાં ઉત્પાદિત વસ્તુ ખરીદવામાં આવે અને તેને સમગ્ર રાજ્યમાં વેચવા માટે મૂકી શકાય ખાસ કરીને શહેરી વિસ્તારમાં.

૨.સહકારી માળખાનો ઉપયોગ કરી શકાય દુધની જેમ ડેરી દ્વારા શાકભાજી ખરીદવામાં આવે તેના જુદાજુદા પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રોમાં વેચવા માટે મુકવામાં આવે શેષ બચેલ ઉત્પાદનને શુકાવની કરી પાવડર કરી વેચી શકાય.

૩.દાહોદ જીલ્લામાં મકાઈના ઉત્પાદનના વિભિન્ન સ્તરના પ્રોસેસની સંભાવના છે જેમકે વિવિધ પૌવા અને નાસ્તાના બહોળા અવકાશ છે તેના માટે બહેનોને એકત્રિત કરી સહકારી મંડળી બનાવી ઉત્પાદનને ટ્રાયફેડના બ્રાન્ડીંગ થી ઓનલાઈન અને ઓફલાઈન બજાર સાથે જોડી શકાય બજાર માટે દરેક ગામ જ્યાં પ્રોસેસ યુનિટ હોય ૧૨ ધોરણ સુધી ભણેલા યુવાનોને ઓફલાઇન અને ઓનલાઈન વેચાણની તાલીમ આપી વેચાણને શક્ય બનાવી શકાય.

**ઉધોગ** : ઉપરોક્ત માળખાને વ્યવહારમાં અમલમાં મુકવા માટે અને સ્થાનિક સંસાધનોના આધારે ગૃહ અને કુટિર ઉધોગોનો બહોળો અવકાશ છે જુદા જુદા ક્ષેત્ર અનુસાર જો તપાસીએ તો

કૃષિક્ષેત્ર:

**વોટર હાર્વેસ્ટીંગ** : પાણીની અછત ધરાવતા વિસ્તારમાં પિયત માટે વિવિધ સાધનોની આવશ્યકતા છે જે નાના પાયા પર ઉભા કરી શકાય.

**સોલાર લાઈટ અને સોલાર રીપેરીંગ** : દાહોદ ઉચું તાપમાન ધરાવતો વિસ્તાર છે તેથી ત્યાં સોલાર લાઈટ સંદર્ભે સારો અવકાશ છે ઉપરાંત દરેક તાલુકામાં આઈટીઆઈ માં આ પ્રકારના કોર્સ વિકસાવવાથી સ્થાનિક સ્તરે આ ઉદ્યોગ વિકસાવી શકાય.

પ્રોસેસિંગના નાના યંત્રો : દાહોદમાં મકાઈ અને શાકભાજી મસાલા જેવા પાકોના પ્રોસેસિંગના અવકાશને જોતા દળવાનાં સાધનો, નાસ્તાના મશીન, પેકિંગના મશીન, વગેરે જેવા યંત્રોના ઉત્પાદનના અવકાશ છે.

કૃષિ ઓજારો : કૃષિક્ષેત્રે વપરાતા યંત્રો નાના ખેડાણ ઘટકને ઉપયોગી પરંતુ તેના ખર્ચનું પ્રમાણ ઉચુ હોવાથી નાના ખેદન ધારકો તેને વસાવી શકતા નથી તેથી તેમાં નાના યંત્રોની આવશ્યકતા છે જે બનાવી શકાય

ખનન આધારિત ઉદ્યોગો : ઈંટ બનાવવાનો ઉદ્યોગ, પથ્થર ક્રસિંગ

વાહનવ્યવહાર સંબંધિત: ઓટો રીપેરીંગ અને સર્વિસ, બાઈક રીપેરીંગ અને સર્વિસ, ટ્યુબ ટાયર

## વિકાસ માટેના સૂચનો :

-કૌશલ્યવાન શ્રમિકો માટે દરેક તાલુકાના આઈટીઆઈમાં ઉપરોક્ત ઉદ્યોગોના સંદર્ભે કોર્સ શરુ કરવા જેમકે ફૂડ પ્રોસેસિંગ, બેકરી,

-આઈટીઆઈમાં પ્રવેશ માટે ધો-૧૦ પાસના સ્થાને ધો-૮ પાસનું ધોરણ નક્કી કરવું ખાસ કરીને કૃષિ અને ગૃહ ઉદ્યોગોના પ્રથમ દ્રિતીય ક્ષેત્રના પ્રોસેસિંગ માટેના કોર્સ માટે.

-સોલાર સંબંધિત કોર્સ વ્યાપક પ્રમાણમાં ઓફર કરવા

-વેચાણ માટેની તાલીમ અંગે અભ્યાસ ક્રમ શરુ કરવા જેમાં ઓનલાઈન અને ઓફ લાઈન બન્ને પ્રકારના બજારમાં વેચાણ વધારવાના કૌશલ્ય પર ધ્યાન આપવું.

-સામુદાયિક ધોરણે ઉત્પાદન કરવા પર જમીન, ધિરાણ વગેરે સંસધ્નોમાં વિશેષ રાહતની જોગવાઈ કરવી.

-દાહોદના વિવિધ ઉત્પાદનને ટ્રાયફેડના માધ્યમથી બજાર સુધી પહોચાડવું.

## સેવા ક્ષેત્ર

સેવા ક્ષેત્રમાં અગ્રતા ક્રમ ધરાવતા ક્ષેત્રો સંદર્ભે સૂચનો આ મુજબ છે.

૧.દાહોદ પરમ્પરાગત રીતે આજીવિકા માટે સ્થળાંતર કરતો જીલ્લો છે તેમાં અનેક લોકો બાંધકામ, ઇલેક્ટ્રિફીકેસન, ગેસલાઈન, રેલ્વે લાઈન, જેવા જોખમી ક્ષેત્રોમાં વિમા, સામાજિક સુરક્ષાના કોઈ પણ યોજના વિના કામ કરે છે જે યોજના છે તે માત્ર ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે છે જયારે તેમાં કામ કરતો વર્ગ બહોળો છે તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવી આવશ્યક છે અને તેના માટે ગ્રામસભામાં ગામમાંથી કામ માટે બહાર જતા લોકોની યાદી બનાવી સ્થળ અને ક્ષેત્ર નોંધી જોખમના આધારે વિમો સરકાર દ્વારા પૂરો પાડવો.

૨.જીલ્લામાં આંતરિક વાહનવ્યવહારથી સંપર્ક વધારવા દરેક તાલુકાના ગામોને જોડતા ખાનગી વાહનોની સાથે સાથે સરકારી વાહનોનું પ્રમાણ વધારવું.

૩. જે તાલુકાના અંતરિયાળ ગામોમાં સંદેશાવ્યવહાર માટે નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં ઉભી કરવી.

૪.કૃષિ વિમા અંગેની માહિતી ગ્રામજનો સુધી ઉપલબ્ધ કરાવવી.

૫.ચાંદલા પ્રથા જેવા નાણાંકીય માળખાના બદલે સંગઠિત માળખામાં લોકો પ્રવેશે તે સંદર્ભે સ્વસહાય જૂથો અને બહેનોમાં જાગૃતિ ફેલાવી આ પ્રથાને દુર કરવા પ્રયત્નો હાથ ધરવા તે દિશામાં પેસા એક્ટ હેઠળ ગ્રામસભા આ પ્રકારના ઠરાવ કરી આ દિશામાં આગળ વધી શકે.

૬.શિક્ષણ સંદર્ભે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા દરેક શાળા અનુસાર પર્યાપ્ત શિક્ષકોની ભરતી કરવી તેમજ શિક્ષકોની કામગીરી અંગે તપાસ હાથ ધરવી રાજ્ય બોર્ડના પરિણામોમાં જીલ્લાનું સ્તર ખુબ નબળું છે. તેને સુધારવા સ્વૈચ્છિક સંસ્થાનો સહારો લઇ શકાય.

## પ્રાદેશિક પ્રવાસન સેવાઓના વિકાસની સંભાવના

૧.સ્થાનિક સજીવ ભોજન ક્ષેત્રનો બહોળો અવકાશ છે (હોટલ વ્યવસાય સંદર્ભે)

૨.ચોમાસા દરમિયાન સાપુતારાની માફક દાહોદના રતનમહાલ વિસ્તારમાં ઈકો ટુરીઝમના સારા અવકાશ છે.

૩.પ્રવાસન સ્થળો પર વન્ય પેદાશોની બનાવટો, સજીવ ધાન્ય કઠોળ, નાસ્તા વગેરે વ્હેચવાનો સારો અવકાશ છે.

૪.પ્રવાસન સ્થળોના કેટલાક અંતર બાદ વાહન પ્રવેશ પર પ્રતિબંધ કરી ત્યાં ઇલેક્ટ્રિક વાહનો દ્વારા અવરજવર ફરજીયાત કરી સ્થાનિકોને રોજગાર આપી શકાય.

૫.ઇકોઝોનમાં પ્રવેશ પર ટીકીટ નિર્ધારિત કરી આવક ઉભી કરી શકાય.

૬.પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટિક સંપૂર્ણ બંધ કરી ખાણી-પીણી, વસ્તુઓના પેકિંગ કાગળના કરવાથી તેનો ગૃહ ઉદ્યોગ પણ તે વિસ્તારમાં વિકસાવી શકાય.

ઉપસંહાર :

સમગ્ર અભ્યાસ અંતર્ગત દાહોદ જીલ્લાના આદિવાસીઓના આર્થીક વિકાસ માટેની વર્તમાન સ્થિતિ તમાં વિકાસની સંભાવનાઓ, આદિવાસીઓની ક્ષમતાઓ અને આ ક્ષમતાઓના આધારે ભવિષ્યમાં કઈ રીતે આગળ વધી આ ક્ષમતાઓનું પ્રફુલ્લન કરી એક સંપોષિત સમાજની રચના કરી શકીએ તે માટેના સૂચનો અને તારણો રજુ કર્યા છે.

# પ્રકરણ -2

# આર્થિક વિકાસ

**પ્રસ્તાવના** :

વિકાસ આ સદીનો સૌથી વધુ ચર્ચિત શબ્દ જેની શરૂઆત ભૈતિક સમૃદ્ધિ થી લઇ તકની સમાનતા સુધી અને હેપ્પીનેશ ઇન્ડેક્ષ સુધી વિસ્તરી રહ્યો છે જે વૈયક્તિક ભૌતિક સમૃદ્ધિથી લઇ પારીસ્થિતિકીય સમતુલા સુધી વિસ્તરી રહી છે, પરંતુ આ ચર્ચાઓ અને તેના આધારે બનતી નીતિના પરિણામો જુદા જુદા સ્તરે જુદું જુદું પરિણામ લાવ્યું છે તેના લાભ વિભિન્ન સમુદાયોમા અસમાન રીતે વહેંચાયા છે પરિણામે તેના પર ચિંતન કરવાની આવશ્યકતા સર્જાય છે વિશેષ રૂપે આદિવાસી સમાજ તેમાં પણ આદિવાસી જીલ્લા કે જેને પર્યાપ્ત સ્તરે લાભાન્વિત કરવા અલગ જિલ્લા પણ કરવામાં આવ્યા, તેમ છતાં ઇચ્છિત પરિણામ મેળવી શક્યા નથી. અનિચ્છનીય સ્થળાંતર અટકાવી શકાયું નથી.

**આર્થિક વિકાસ એટલે શું?**

સૌ પ્રથમ વિકાસ એટલે શું? વૈશ્વિક સ્તરે તે અંગે શું માનવામાં આવે છે અને સમયાન્તરે તેમાં શું ફેરફાર થયો તે સમજવું આવશ્યક છે આર્થિક વિકાસનો ખ્યાલ સતત બદલવાનું કારણ વિકાસ અંગેની સમજણમા આવેલ પરિવર્તન છે ઉપરાંત આર્થિક વિકાસ દ્વારા આપણે કેવા પરિવર્તનો ઇચ્છીએ છીએ તે અંગે પણ સતત અર્થશાસ્ત્રીઓના ખ્યાલો બદલતા રહ્યા છે. સૌ પ્રથમ રાષ્ટ્રીય આવકની સતત વૃદ્ધિ એટલે વિકાસ સમય જતા વિકાસના પરિણામે લોકોના જીવન ધોરણમાં સુધારો થવો જોઈએ તેવો મત બન્યો પરિણામે લોકોની આવક વધવી જોઈએ એટલે માથાદીઠ આવકની વૃદ્ધિ માપદંડ તરીકે સ્વીકૃત બન્યો. પરંતુ લાંબાગાળા સુધીની માથાદીઠ આવકની વૃદ્ધિ પણ ઇચ્છિત પરિણામ આપી શકી નહી, વિશ્વમાં આવક વધવા છતાં ગરીબ લોકોના જીવન ધોરણમાં સુધારો શક્ય ન બનતા તેને વિકાસ ન કહી શકાય તેવો એક મત રજુ થયો, પરિણામે વિકાસના આ ખ્યાલ અનુસાર ગરીબોની સ્થિતિમાં સુધારો થાય તેવી રાષ્ટ્રીય આવકની વૃદ્ધિ જ આર્થિક વિકાસ કહેવાય. તેથી ગરીબ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષવી તે જ વિકાસ. એ ખ્યાલ માપદંડ તરીકે અસ્તિત્વમાં આવ્યો. આ વ્યાખ્યાના આધારે ભારતની પંચવર્ષીય યોજનાઓમાં ત્રીજી અને છઠ્ઠી યોજનામા ગરીબોની પાયાની જરૂરિયાતો પર નોંધ પાત્ર કામગીરી હાથ ધરાયેલ. આર્થિક વિકાસમાં લોકો અને તેનું જીવન ધોરણ વિશેષ મહત્વ ધરાવે છે તેથી માત્ર આવકના આધારે નહી પરંતુ તેના પરિણામે જીવનની ગુણવત્તામા આવતા

પરિવર્તનને નિર્ધારિત કરતા પરિબળોના આંક તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક વિકાસનો માપદંડ બન્યો પરંતુ તેમાં બાળ મૃત્યુદર, એક વર્ષની વયે અપેક્ષિત સરેરાશ આયુષ્ય અને અક્ષર જ્ઞાન આટલી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી પરંતુ તેમાં માથાદીઠ આવકને અવગણવામાં આવેલ જોકે માથાદીઠ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંકને સાથે જોતા સ્પષ્ટ થયુકે જે દેશની આવક વધુ છે તેમાં જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક પણ સારો રહ્યો છે જોકે ઓપેકના દેશો પૈકી ઘણા અપવાદ તેમાં જોઈ શકાય. તેમ છતાં સરેરાશ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તાના આંક વચ્ચે સીધો સંબંધ જોઈ શકાય. ૧૯૯૦ થી UNDP દ્વારા માનવ વિકાસ હેવાલ રજુ કરવામાં આવે છે તેમાં સંકળાયેલ અર્થશાસ્ત્રીઓએ વિકાસની જુદી વ્યાખ્યા કરી છે તે અનુસાર "લોકોને પ્રાપ્ય તકોમાં વધારો થાય અને તે તકોને ઝડપી લેવાની લોકોની ક્ષમતામાં વધારો થાય તે વિકાસ છે" જેથી લોકો લાંબુ, સ્વસ્થ અને સર્જનાત્મક જીવન જીવી શકે તેણા માટે માથાદીઠ આવક, અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતાના દરને નિર્ધારિત કરાયા. પરંતુ આવક, સ્વાસ્થ્ય અને શિક્ષા સમાજ માટે પર્યાપ્ત નથી તેમાં જાતિગત સમાનતા વિના વિકાસ અધુરો છે માનવતાના અડધા પ્રમાણને અવગણીને વિકાસ સાધી શકાય નહી અને વિકાસની વૈચારિક પ્રક્રિયામાં પણ આટલા લાંબા સમય બાદ પણ જ્યાં વિકાસ વધુ હોય ત્યાં જાતિગત સમાનતા હોય તેવું જોવા મળેલ નથી પરિણામે યુએનના ૧૯૯૪ના કાઈરોના આંતરરાષ્ટ્રીય સંમેલનથી આ બાબતને આવરી લેવામાં આવી, ૧૯૯૫થી UNDP નારી વિકાસ સૂચકઆંક રજુ કરે છે. સમાનતાને માપવા વિવિધ માપદંડ નિર્ધારિત કરાયા છે, અને ૨૦૧૯માં ૨૨ દેશોમા સ્ત્રીઓ પુરુષોની તુલનામાં આગળ છે. પરંતુ તે પર્યાપ્ત છે? સમાજમા જાતિગત અસમાનતા સિવાય પણ ઘણી વિષમતાઓ અસ્તિત્વ ધરાવે છે ૧૭૮૯ની ફ્રાંસની ક્રાંતિના ત્રણ સૂત્ર **સમાનતા**, **સ્વતંત્રતા** અને **બંધુતા**ને બીજા ૧૦૦ વર્ષમાં વિશ્વના લગભગ તમામ દેશોએ સ્વીકારી લીધુ કે એક વિકસિત સમાજમાં આ ત્રણે લક્ષણો આવશ્યક છે આર્થિક અસમાનતાને માપવા ગિનીઆંકનો ઉપયોગ કરવામાં આવે છે ૨૦૧૦મા UNDP દ્વારા માનવ વિકાસ આંકમાં અસમાનતાને જોડી IDHI Inequality Adjusted HDI અસમાનતા સમાવતો માનવ વિકાસ આંક તૈયાર કરે છે જેમા અસમાનતા જેટલી વધુ આંક તેટલો ઘટશે. આ રીતે આર્થિક અસમાનતાને જોડતા વિશ્વના દેશોના વિકાસના આંક આધારેના ક્રમમાં તફાવત જોઈ શકાય છે. જે નીચેના કોષ્ટક પરથી પણ સમજી શકાય.

2020 ihdi report પ્રમાણે

| દેશ | HDI MARKS | IHDI MARKS | HDI | IHDI |
|---|---|---|---|---|
| નોર્વે | 957 | 899 | 1 | 1 |
| જાપાન | 919 | 843 | 19 | 18 |
| સ્વિટઝરલેન્ડ | 955 | 889 | 2 | 3 |
| અમેરિકા | 926 | 808 | 17 | 28 |

| | | | | |
|---|---|---|---|---|
| કોસ્તારિકા | 810 | 667 | 62 | 64 |
| મેક્સિકો | 779 | 613 | 74 | 74 |
| ભારત | 645 | 475 | 131 | 104 |
| પાકિસ્તાન | 550 | 384 | 154 | 124 |

આ પરથી કહી શકાય કે વિકાસમાં સમાનતાને જોડવી આવશ્યક છે કેમકે તે વિકાસના પરિણામોની વહેચણી દર્શાવે છે. સારું જીવન આટલામા આવરી શકાય નહી, દરેક વ્યક્તિ,જૂથ,સમુદાયને પોતાના વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા અનિવાર્ય છે.

**પ્રેસની સ્વતંત્રતા (Reporters without borders:France)**

| પરિસ્થિતિ | સ્થિતિ | ૨૦૨૦ નો રીપોર્ટ |
|---|---|---|
| સારી | 14 | નોર્વે -૧,કોસ્ટારિકા-૭, સ્વિત્ઝરલેન્ડ-૮ |
| ઠીકઠીક | ૩૩ | અમેરિકા ૪૫ |
| સમસ્યા | ૬૩ | જાપાન ૬૬ |
| ખરાબ | ૪૩ | ભારત ૧૪૨, મેક્સિકો ૧૪૩, પાકિસ્તાન ૧૪૫ |
| ભયાનક | ૨૭ | ચાઈના ૧૭૭ |


લોકશાહીની સ્થિતિનું માપન : ૨૦૦૬ થી શરુ (Democracy Index)

(૦-૧૦ સુધીના માર્ક્સ)

| લોકશાહી | કેટલા દેશ | ૨૦૨૦નો રીપોર્ટ |
|---|---|---|
| સંપૂર્ણ ૮-૧૦ | ૨૨: ૧-૨૨ | નોર્વે (૯.૮૭) સ્વિત્ઝરલેન્ડ -૧૦ (૯.૦૩) |
| નબળી ૬-૭.૯૯ | ૫૩: ૨૩-૭૬ | જાપાન ૨૪(૭.૯૯),અમેરિકા ૨૫(૭.૯૬)ભારત ૫૧ (૬.૯૦)મેક્સિકો ૭૩ (૬.૦૯) |
| વધારે ખરાબ ૪-૫.૯૯ | ૩૭:૭૭-૧૧૩ | પાકિસ્તાન ૧૦૮ (૪.૨૫) |
| તાનાશાહી/સત્તાવાદી <૪ | ૫૪: ૧૧૪-૧૬૭ | કટાર ૧૨૮(૩.૧૯)અફઘાનિસ્તાન ૧૪૧,(૨.૮૫),ચાઈના ૧૫૩(૨.૨૬), બુરુંડી ૧૫૪(૨.૧૫) |

આમ વિકાસ આવક, સ્વાસ્થ્ય, શિક્ષા, સમાનતા, વિભિન્ન બાબતોની સ્વતંત્રતા, અને લોકશાહી પરંતુ બંધુતા?? આજે વિશ્વભરમાં, દરેક દેશમાં, સમાજમાં, જાતિ, વર્ણ,ધર્મ, ભાષા, રાષ્ટ્રીયતાના આધારપર એટલીબધી અસહિષ્ણુતા છે અને ઉત્તરોત્તર વધી રહી છે તે કેવી રીતે સ્વસ્થ સમાજ હોઈ શકે? તે કેવી રીતે

પ્રસન્ન સમાજ હોઈ શકે માટે ૧૯૭૨મા ભૂતનના રાજાએ કહ્યું હતું અમને ધન નથી જોઈતું અમને પ્રસન્નતા જોઈએ છે અને તેમણે જ રાષ્ટ્રીય પ્રસન્નતા આંક અંગેનો પ્રસ્તાવ મુક્યો હતો, અને પાછલા ૨૦-૨૫ વર્ષોમાં અનેક લોકો જુદી-જુદી રીતે આ અંક તૈયાર કરવાની વિવિધ રીતો શોધી રહ્યા છે.




આમ આવકથી શરુ થયેલા માપદંડમાં નવા નવા પરિબળો ઉમેરતા ગયા પરંતુ તે માત્ર લોકો સુધી સીમિત હતા અને આ જગત માત્ર લોકોનું નથી, તેની સાથે સહ અસ્તિત્વ ધરાવતા અનેક જીવોનું પણ છે અને આ સમગ્ર જીવસૃષ્ટિ એકબીજા સાથે ઘનિષ્ટ રીતે જોડાયેલી છે. માનવ શુખાકારી ભૌતિક ઉત્પાદન દ્વારા વધારી શકાય એ ખ્યાલ વિપુલ ઉત્પાદન તરફ ધકેલે છે અને પરિણામ રૂપ જળ, જમીન, હવા દરેક સ્તરે માનવીએ ઉર્જાના સ્વરૂપના રૂપાંતરથી પ્રદુષણ ફેલાવ્યું જે સમગ્ર પરીસ્થીતીકીય વ્યવસ્થાના વિક્ષેપ સર્જવા લાગી. પરિણામ રૂપ વાતાવરણની સમતુલા ખોરવાઈ ગઈ તો આ કયો વિકાસ છે? જે સમગ્ર જીવોના અસ્તિત્વણે જોખમમાં મૂકી દે માટે અસ્તિત્વ સૌથી વધુ મહત્વનું છે માટે આજે તમામ માપદંડ પૈકી ટકાઉપણું સૌથી વધુ અગત્યનો માપદંડ બન્યો છે.

વાતાવરણમાં જે વિક્ષેપ સર્જાયો છે તેમાં કાર્બન ઉત્સર્જન સૌથી વધુ જવાબદાર છે તમામ પ્રકારની ઉત્પાદન અને વપરાશ સંબંધિત પ્રવૃત્તિમાં કાર્બન ઉત્સર્જન થાય છે અને વાતાવરણમાં આવશ્યકતા કરતા વધુ સ્તરનો કાર્બન તાપમાનમાં વૃદ્ધિ કરે છે અને તે સમગ્ર પરીસ્થીતીકીય વ્યવસ્થાઓને નુકશાન પહોચાડે છે. તેથી દરેક દેશ પ્રતિ વ્યક્તિ જેટલો વધુ કાર્બન ઉત્સર્જીત કરે છે તે દેશ ટકાઉપણાથી તેટલો દુર છે. ઉપરાંત આપને ઉત્પાદન અને ઉપભોગની વિવિધ પ્રક્રિયામાં વિભિન્ન કચરાનું સર્જન કરીએ છીએ જે કોઈ ને કોઈ સ્વરૂપે પ્રકૃતિમાં ફેકીએ છીએ તેના આધારે આપણા માથાદીઠ પરીસ્થીતીકીય પદચિન્હો માપવામાં આવે છે.

પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન ૨૦૨૨ રીપોર્ટ

| દેશ | ૨૦૧૭ | ૨૦૨૦ |
| --- | --- | --- |
| કતાર | 37.1 | 35.64 |
| અમેરિકા | 15.7 | 13.68 |
| સ્વીત્ઝરલેન્ડ | 4.7 | 4.07 |
| જાપાન | 10.4 | 8.39 |
| નોર્વે | 10 | 7.74 |
| ચાઈના | 7.7 | 8.2 |
| મેક્સિકો | 3.9 | 3.05 |
| કોસ્ટારિકા | 1.7 | 1.55 |
| ભારત | 1.8 | 1.74 |
| પાકિસ્તાન | 1 | 1.04 |
| બરુંદી | 0.29 | 0.29 |
| પૃથ્વીની પ્રભાવસીમા | | 1.63 |

Emissions Database for Global Atmospheric Research- European Commission Joint Research Center

ઉપરોક્ત ચર્ચા અનુસાર વિવિધ માપદંડ અનુસાર તપાસીએ તો તમામ માપદંડને સમાન ગણવા કે કોઈકને વધુ મહત્વ આપવું અને કોઈકને ઓછું? આ માપદંડ પૈકી કેટલાક વિરોધાભાષી છે જેમકે માથાદીઠ આવકમાં વૃદ્ધિ અને કાર્બન પદચિન્હ એક વધતા બીજું ઘટી જશે. ઉત્પાદન અને ઉપભોગની વર્તમાન તરાહ સંપોષિત વિકાસ માટે યોગ્ય નથી પરિણામ રૂપ અન્ય માપદંડમાં સારા પ્રદર્શન માટે પણ વપરાશ પર નિયંત્રણ લાવવું અનિવાર્ય છે અને તેના માટે જેમની વપરાશની તરાહ આવ્શાકતા કરતા અનેક ગણી વધુ છે તેમણે તે ઘટાડવી પડે અને જેમની અત્યંત નિમ્ન સ્તરની છે તેમણે ત્યાના નાગરિકોના જીવનધોરણમાં સુધારો કરવા વધારવી પડે આ “જગતમાં સૌની જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત છે પરંતુ કોઈ એકના પણ લોભને સંતોષવા માટે પુરતું નથી”મ.ક.ગાંધી

વિકસિત કોણ છે ઉપરોક્ત માપદંડો અનુસાર જોઈએ તો ટકાઉપણાણે છોડી દઈએ તો જે દેશની આવક વધુ છે તે દેશમાં અન્ય ૮ માપદંડની સ્થિતિ સારી છે. તેમાં યુરોપ, અમેરિકા,કેનેડા, અને એશિયામાં જાપાન અને દક્ષીણ કોરિયા કુલ મેળવીને ૩૦ દેશ છે. આમાં પણ સૌથી વધુ આગળ જે છે તે સ્કેન્ડીનેવિયન દેશો છે જે ધનિક દેશો છે પરંતુ તેમના કાર્બન પદચિન્હ ઘણા વધુ છે જે સમગ્ર વિશ્વ માટે જોખમી છે. તેથી ન્યુ ઇકોનોમિક ફાઉન્ડેશન નામની સંસ્થાએ ૨૦૦૬માં વિવિધ માપદંડને જોડતો આંક “હેપ્પી પ્લેનેટ ઇન્ડેક્ષ” તૈયાર કર્યો જેમાં

HPI= $\frac{\text{પ્રસન્નતા * સ્વાસ્થ્ય * સમતા}}{\text{પારીસ્થીતીકીય પદચિન્હ}}$

**GDP -2019, HDI-2019, HPI-2016 રીપોર્ટના આધારે**

| દેશ | GDP | HDI | HPI | દેશ | GDP | HDI | HPI |
|---|---|---|---|---|---|---|---|
| કતાર | 1 | 41 | - | ચાઈના | 67 | 85 | 72 |
| નોર્વે | 6 | 1 | 12 | કોસ્ટારિકા | 77 | 68 | 1 |
| સ્વીત્ઝરલેન્ડ | 9 | 2 | 24 | ભારત | 116 | 129 | 50 |
| અમેરિકા | 10 | 15 | 108 | પાકિસ્તાન | 132 | 152 | 36 |
| જાપાન | 28 | 19 | 58 | અફઘાનિસ્તાન | 170 | 170 | 110 |
| મેક્સિકો | 64 | 76 | 2 | બુરુંડી | 185 | 185 | 131 |

આમ આવક, માનવ વિકાસ અને પૃથ્વી પ્રસન્નતા આંક (HPI) સરખાવતા જણાય છે કે માત્ર આવક કે માનવ સુખાકારી પર્યાપ્ત નથી. અને જીવન ધોરણમાં સુધારો પર્યાવરણના ભોગે સ્વીકાર્ય નથી તેથી જે વિસ્તારનો વિકાસ પથ નિર્ધારિત કરતા હોઈએ ત્યારે આટલા માપદંડને ધ્યાનમાં લેવા જરૂરી છે.

**ઉપસંહાર** : પ્રસ્તુત પ્રકરણમાં આર્થિક વિકાસ એટલે શું અને તેના માપદંડોમાં સમયાન્તરે આવેલ પરિવર્તનોને તપાસી તેમાં ક્યાં પ્રકારના પરિવર્તનની આવશ્યકતા છે તે અંગે વિગતે ચર્ચા કરવામાં આવેલ છે જેમાં વિશ્વના દેશોના વિકાસની સ્થિતિ અને તેમાં વિવિધ માપદંડોની તુલના પણ હાથ દર્વામાં આવેલ છે અને તેના આધારે વર્તમાન સ્થિતિનો આર્થિક વિકાસ કેવો હોઈ શકે તેની ચર્ચા હાથ દરેલ છે જે સમગ્ર જીલ્લાના વિકાસની દિશા કઈ રહેશે તેનો નિર્દેશ છે. અને આ પ્રકારના વિકાસ માટે દાહોદની સ્થિતિ અને તેમાં પરિવર્તનના કેવા અને કેટલા અવકાશ છે અને તેના માટેના પડકાર રૂપ પ્રશ્નો ક્યાં છે તે અંગેનું કાર્ય આયોજન શું હોઈ શકે તે અંગે કેવા માળખાની જરૂરિયાત ઉભી થાય અને તેમાં કેટલા સાધનો ઉપલબ્ધ છે અને કેટલા સાધનોની આવશ્યકતા છે તેમાં લોકો,સરકાર, અને સ્વૈચ્છિક સંગઠનની ભૂમિકા શું હશે તે અંગે આગળના પ્રકરણોમાં રજૂઆત કરીશું.

# પ્રકરણ 3

# દાહોદ જીલ્લાની વસ્તી, વ્યવસાયિક માળખું અને આર્થિક માળખું

| | |
|---|---|
| 1 | પ્રસ્તાવના |
| 2 | વસ્તી અને વસ્તી વિષયક લાક્ષણીકતાઓ |
| 3 | કામ કરતી વસ્તી અને તેનું ક્ષેત્ર અનુસાર વિભાજન |
| 4 | જમીન વપરાશ તરેહ અને પરિવર્તન |
| 5 | જમીન માલિકી |
| 6 | કૃષિ અને આનુસંગિક ક્ષેત્ર |
| 7 | ઉદ્યોગ |
| 8 | સેવા ક્ષેત્ર |
| 9 | ઉપસંહાર |

પ્રસ્તાવના :

જે તે વિસ્તાર અનુસાર લોકોની ક્ષમતાઓમાં પણ વૈવિધ્ય રહેલું છે જે તપાસવા માટે સૌ પ્રથમ જે તે વિસ્તારની વસ્તી અને તેની લાક્ષણીકતાઓને સમજવી આવશ્યક છે સાથે સાથે સંસાધનોની માલિકી અને તેમાં કામકરતી વસ્તીની વ્યવસાયિક વહેચણી તપાસવી જરૂરી છે ઉપરાંત સમગ્ર જીલ્લાના વિકાસના સ્તરને સમજવા માટે તેના કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના વિકાસના સ્તરને તપાસવાની જરૂરિયાત સર્જાય છે તેથી દાહોદના પ્રવર્તમાન વિકાસ સ્તરને તપાસવા પ્રસ્તુત પ્રકરણમાં પહેલા હિસ્સામાં વસ્તી અને તેની લાક્ષણીકતાઓ જેમકે સાક્ષરતા, જાતિ ગુણોત્તર દર, ગ્રામીણ શહેરી વસ્તી, વસ્તી ગીચતા, વગેરે બાબતો રજુ કરવામાં આવેલ છે તે સાથે વ્યવસાયિક માળખા અનુસાર કામ કરતી વસ્તી અને જમીન માલિકી અંગેની ચર્ચા કરવામાં આવેલ છે. દ્વિતીય વિભાગમાં અર્થતંત્રના માળખાને ચર્ચવામાં આવેલ છે જેમાં કૃષિ ક્ષેત્ર, જીલ્લાના મુખ્ય પાકો તેમાં આવેલ પરિવર્તનો વિભિન્ન પાકોનું વૈવિધ્ય અને તેનું કુલ ઉત્પાદનમાં પ્રમાણ ચર્ચવામાં આવેલ છે ઉપરાંત આનુસંગિક ક્ષેત્રોમાં પશુપાલન અને ડેરી ક્ષેત્ર જીલ્લા અને તાલુકા સ્તરે તેમજ, મરઘા-બતકા, મત્સય ઉદ્યોગની જીલ્લાની સ્થિતિ રજુ કરવામાં આવેલ છે. ઉદ્યોગમાં જીલ્લાના મોટા,નાના કુટિર અને ગૃહ ઉદ્યોગો તેમજ ખનન અને સહકારી ક્ષેત્રો અંગેની વિગત ચર્ચવામાં આવેલ છે. સેવાક્ષેત્ર અંતર્ગત આંતરમાળખું અને બેંકિંગ તેમજ શિક્ષણ અને સ્વાસ્થ્ય સંબંધિત બાબતો રજુ કરવામાં આવેલ છે.


## વસ્તી વિષયક માહિતી

કોઈ પણ વિસ્તારના વિકાસનો આધાર તેના કુદરતી સંસાધન અને માનવ સંસાધનના પ્રમાણ અને ગુણવત્તા પર આધાર રાખે છે. માનવી આ સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી વિકાસ પ્રાપ્ત કરી શકે. સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગનો આધાર જેતે વિસ્તારની વસ્તીમાં રહેલ નિયોજન શક્તિ અને માનવમૂડીની ગુણવત્તા પર રહેલ છે ત્યારે માનવ મૂડીની ગુણવત્તા નિર્ધારિત કરતા પરિબળો વસ્તી વિષયક લક્ષનીક્તાઓ દ્વારા સમજી શકાય તેથી દાહોદની વસ્તીમાં દશક દરમિયાન આવેલ પરિવર્તન તેમજ ત્યાની આદિવાસી વસ્તીમાં વસ્તી વિષયક લાક્ષણિકતોને અહી રજુ કરવામાં આવેલ છે.

**૧.૧ જિલ્લાવાર વિસ્તાર, કુલ વસતિ, વસતિ ગીચતા, જાતિ પ્રમાણ, દશકાનો વૃદ્ધિદર, સાક્ષરતા દર અને કુલ વસતિ સામે શહેરી વસતિની ટકાવારી, સેન્સસ-૨૦૧૧**

| અ.નં. | જિલ્લા / તાલુકાના નામ | વિસ્તાર (ચો. કિ.મી.) ૨૦૧૧ | કુલ વસતિ ૨૦૦૧ ('000) | કુલ વસતિ ૨૦૧૧ ('000) | દશકાનો વૃધ્ધિ દર ૨૦૦૧-૨૦૧૧ | જાતિ દર (દર હજાર પુરૂષે એ સ્ત્રીઓ) ૨૦૧૧ | વસતિની ગીચતા (દર ચો. કિ.મી. દીઠ) ૨૦૧૧ | શહેરી વસતિની ટકાવારી ૨૦૧૧ | સાક્ષરતા દર ૨૦૧૧ | અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિની વસતિની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | જિલ્લો કુલ | ૩૬૨૮.૫૦ | ૧૬૩૬.૪૩૩ | ૨૧૨૭.૦૮૬ | ૨૯.૯૮ | ૯૯૦ | ૫૮૪ | ૯.૦૧ | ૫૮.૮૨ | ૧.૯૫ | ૭૪.૩૨ |
| | તાલુકાઓ | | | | | | | | | | |
| ૧ | દાહોદ | ૬૦૬.૩૨ | ૩૬૮.૪૮૪ | ૪૮૦.૮૪૫ | ૩૦.૪૯ | ૯૮૭ | ૭૬૬ | ૨૭.૧૪ | ૬૦.૩૬ | ૨.૧૮ | ૭૭.૩૪ |
| ૨ | ઝાલોદ-સંજેલી | ૭૮૮.૩૯ | ૩૬૦.૫૫૩ | ૪૭૩.૨૭૩ | ૩૧.૨૬ | ૯૮૧ | ૬૦૦ | ૭.૬૪ | ૫૯.૨૨ | ૧.૩૯ | ૯૦.૧૩ |
| ૩ | દે.બારિયા | ૫૮૫.૦૭ | ૨૦૮.૧૯૮ | ૨૪૯.૩૩૫ | ૧૯.૭૬ | ૧૦૦૪ | ૪૨૬ | ૮.૪૩ | ૬૩.૦૪ | ૩.૭૮ | ૨૦.૦૩ |
| ૪ | લીમખેડા | ૫૯૭.૧૮ | ૨૩૯.૩૫૭ | ૩૦૬.૨૬૯ | ૨૭.૯૫ | ૧૦૦૮ | ૫૧૩ | ૧.૨૮ | ૬૦.૨૮ | ૨.૦૩ | ૬૩.૦૭ |
| ૫ | ફતેપુરા | ૩૨૩.૭૫ | ૧૮૫.૪૧૯ | ૨૩૮.૧૧૬ | ૨૮.૪૨ | ૯૮૫ | ૭૩૫ | - | ૬૧.૫૪ | ૧.૫૨ | ૯૩.૪૫ |
| ૬ | ગરબાડા | ૨૬૧.૪૦ | ૧૪૨.૪૪૮ | ૧૯૮.૮૭૯ | ૩૯.૬૨ | ૯૮૯ | ૭૬૧ | - | ૫૪.૬૯ | ૧.૭૯ | ૯૪.૮૩ |
| ૭ | ધાનપુર | ૪૬૬.૩૯ | ૧૩૧.૯૭૪ | ૧૮૦.૩૬૯ | ૩૬.૬૭ | ૯૮૬ | ૩૮૭ | - | ૪૫.૬૮ | ૦.૮૭ | ૭૧.૦૭ |
| | કુલ | ૩૬૨૮.૫૦ | ૧૬૩૬.૪૩૩ | ૨૧૨૭.૦૮૬ | ૨૯.૯૮ | ૯૯૦ | ૫૮૪ | ૯.૦૧ | ૫૮.૮૨ | ૧.૯૫ | ૭૪.૩૨ |


પ્રાપ્તિ સ્થાનઃરજીસ્ટ્રાર જનરલ તથા સેન્સસ કમિશનરની કચેરી, ભારત સરકાર




૨૦૧૧માં નોંધાયેલ વસ્તી અનુસાર દાહોદ જીલ્લાની કુલ વસ્તી ૨૧૨૭૦૮૬ છે તે રાજ્યની કુલ વસ્તીના ૩.૫૧ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. દાહોદની કુલ વસ્તી પૈકી સૌથી વધુ વસ્તી દાહોદ, તાલુકામાં છે જયારે સૌથી ઓછી ધાનપુર અને ગરબાડામાં છે. વસ્તીની દ્રષ્ટીએ દાહોદ જીલ્લો ગુજરાતમાં ૧૦મ ક્રમે અને ગીચતાની દ્રષ્ટીએ 14મો ક્રમ ધરાવે છે.


**દશકનો વસ્તી વૃદ્ધિદર**

વિકાસ અને વસ્તી વૃદ્ધિને સીધો સંબંધ છે વસ્તીનો વૃદ્ધિ દર વિકાસની સાથે ઘટતો જોવા મળે છે ત્યારે ગુજરાતની તુલનામાં જીલ્લો અને તેના તાલુકાની સ્થિતિ શું છે તે તપાસવું આવશ્યક છે જે નીચેના આલેખ દ્વારા વધુ સ્પષ્ટતાથી સમજી શક્ય છે




ગુજરાત રાજ્યના વસ્તી વૃદ્ધિના દરની તુલનામાં જીલ્લાનો વસ્તી વૃદ્ધિનો દર ખુબ ઉચો છે વિશેષ જે તાલુકાઓમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૯૦ ટકા કરતા વધુ છે ત્યાં ગરબાડા, ધાનપુર, ઝાલોદ-સંજેલીમાં વસ્તી વૃદ્ધિનો દર સૌથી વધુ છે. જયારે દે.બારિયામાં વસ્તી વૃદ્ધિનો દર સૌથી નીચો જોવા મળે છે. દે.બારિયામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ઓછું છે જયારે અનુસુચિત જાતિનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે.


**શહેરી વસ્તી અને ગ્રામીણ વસ્તી:**




ગુજરાતની કુલ વસ્તીમાં ૫૭.૪૨ ટકા ગ્રામીણ વસ્તી છે જયારે ૪૨.૫૮ ટકા વસ્તી શહેરી વસ્તી છે દાહોદ જીલ્લામાં ૯ ટકા વસ્તી જ શહેરી વસ્તી છે જયારે ૯૧ ટકા વસ્તી ગ્રામીણ વસ્તી હતી આમ દાહોદ જીલ્લામાં શહેરીકરણ રાજ્યની તુલનામાં ખુબ અલ્પ છે. જીલ્લામાં ફતેપુરા, ગરબાડા અને ધાનપુર રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદ સાથે જોડાયેલા તાલુકા છે જ્યાં ૧૦૦ વસ્તી ગ્રામીણ છે.

**જિલ્લામાં જાતિ પ્રમાણ:**


જાતિ પ્રમાણ જેતે વિસ્તારમાં જાતિ ગત સમાનતાનું સૂચક છે જોકે આદિવાસીઓમાં સામાન્ય રીતે જાતિગત અસમાનતાનું પ્રમાણ અલ્પ જોવા મળે છે કેમકે તે સમાજ મોટા ભાગે માત્રુ પ્રધાન હોવાથી આવું જોઈ શકાય છે. ગુજરાત રાજ્યમાં ૨૦૧૧ વસ્તી ગણતરી અનુસાર જાતિ પ્રમાણ ૯૧૯ છે જયારે દાહોદ જિલ્લાનું જાતિ પ્રમાણ ૯૯૦ છે જે ગુજરાતની તુલનામાં ઘણો ઉચો છે તાલુકા પ્રમાણે તે નીચે મુજબ જોઈ શકાય




તાલુકા અનુસાર તમામ તાલુકામાં જાતિ પ્રમાણ ૯૮૦ કરતા વધુ જ છે જોકે દે.બારિયા અને લીમખેડામાં જાતિ પ્રમાણ ૧૦૦૪, ૧૦૦૮ છે જે ડાંગના જાતિ પ્રમાણ જેટલું છે.

**બાળકોમાં જાતિ પ્રમાણ :**


દાહોદનીકુલ વસ્તીમાં બાળકોનું પ્રમાણ ૧૯.૫૦ ટકા જેટલું છે બાળકોમાં તાલુકા પ્રમાણે જાતિગુણોત્તર દર નીચે મુજબ જોઈ શકાય




ગુજરાત રાજ્યમાં બાળકોમાં જાતિ ગુણોત્તર દર ૮૯૦ છે જે દાહોદ જીલ્લામાં ૯૪૮ છે તેમાં શહેરી વિસ્તારમાં ૯૧૦ અને ગ્રામીણ વિસ્તારમાં ૯૫૦ જોવા મળે છે વિકાસની અસર જાતિ ગુણોત્તર દર પર જોઈ શકાય છે. પુખ્ત વ્યક્તિઓના ગુણોત્તર દરની તુલનામાં બાળકોનો જાતિ ગુણોત્તર દર ઓછો છે જોકે રાજ્યની તુલનામાં તે ઘણો સારો ગણી શકાય.

**વસ્તી ગીચતા :**


દાહોદ વસ્તી ગીચતાની દ્રષ્ટીએ રાજ્યની તુલનામાં ઘણી વધારે ગીચતા ધરાવે છે ગુજરાત રાજ્યની વસ્તી ગીચતા ૨૦૧૧ અનુસાર ૩૦૮ હતી જયારે દાહોદ જીલ્લાની વસ્તી ગીચતા ૫૮૪ છે આ પ્રમાણમાં તાલુકા અનુસાર જોઈએ તો દાહોદ, ગરબાડા અને ફતેપુરા સૌથી વધુ ગીચતા ધરાવે છે.




**સાક્ષરતા દર:**

કોઈ પણ વિસ્તારના નાગરિકો તેના વિકાસમાં કેવી ભૂમિકા નિભાવશે તેનો મોટો આધાર તે વિસ્તારના નાગરિકોની સાક્ષરતાના પ્રમાણ પર રહેલો છે. જોકે ભારતીય સેન્સસ સાક્ષરતા માટે અક્ષરજ્ઞાનણે ધ્યાનમાં લેવામાં આવે છે એટલે કે જે વ્યક્તિ લખી-વાંચી શકે તેને સાક્ષર ગણવામાં આવે છે તે અનુસાર

ગુજરાતમાં સાક્ષર વસ્તીનું પ્રમાણ ૭૯.૩૧  ટકા છે જે ભારતના સાક્ષરતા દર કરતા વધુ છે, પરંતુ જીલ્લા અનુસાર તપાસીએ તો ગુજરાતમાં દાહોદ અને છોટાઉદેપુર સૌથી ઓછી સાક્ષરતા ધરાવતા જીલ્લા છે જીલ્લાના તાલુકા પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ નીચે મુજબ જોઈ શકાય.




દાહોદ જીલ્લાની કુલ સાક્ષરતા ઓછી હોવા ઉપરાંત આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ સવિશેષ ઓછું છે ખાસ કરીને ધાનપુર તાલુકામાં આદિવાસીઓમાં સાક્ષર વસ્તી માત્ર ૩૯ ટકા જ છે તમામ તાલુકામાં આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૦ ટકાથી ૬૦ ટકાની વચ્ચે જ છે તેમાં પણ સ્ત્રીઓમાં સાક્ષરતા જોઈએ તો ૪૦ તકની આસપાસ જ છે જે નીચેના કોસ્તાકમાં રજુ કરેલ છે.


| **આદિવાસીઓમાં જાતિ અનુસાર સાક્ષરતાનું પ્રમાણ** | | | |
|---|---|---|---|
| તાલીકાનું નામ | કુલ સાક્ષર વસ્તી | પુરુષોમાં સાક્ષરતા દર | સ્ત્રીઓમાં સાક્ષરતા દર |
| દાહોદ | 51.2 | 63.0 | 39.6 |
| ઝાલોદ-સંજેલી | 56.6 | 66.8 | 46.2 |
| દે.બારીયા | 51.2 | 62.5 | 40.2 |
| લીમખેડા | 55.6 | 66.2 | 45.1 |
| ફતેપુરા | 60.1 | 71.4 | 48.8 |
| ગરબાડા | 53.5 | 64.9 | 42.1 |
| ધાનપુર | 39.3 | 47.0 | 31.6 |
| દાહોદ જીલ્લો | 53.8 | 64.6 | 43.1 |

દાહોદની કુલ વસ્તીમાં ૭૪.૩૨ ટકા વસ્તી આદિવાસી છે તેમાં પણ ફતેપુરા, ગરબાડા, ઝાલોદ-સંજેલી તાલુકામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ૯૦ ટકા કરતા વધુ છે. સૌથી ઓછી આદિવાસી વસ્તી લીમખેડામાં છે. આદિવાસી વસ્તીનું પ્રમાણ વધારે ધરાવતા તાલુકાઓમાં દશકનો વસ્તી વૃદ્ધિનો દર પણ વધુ છે જેમકે ગરબાડા, ધાનપુર, ઝાલોદ-સંજેલીમાં સૌથી વધુ છે. જાતિદરના પ્રમાણથી જોતા જીલ્લાનો જાતિદર ગુજરાતની તુલનામાં સારો છે તેમાં પણ દે.બારિયા અને લીમખેડાનો ૧૦૦૦ ઉપર છે જયારે બાકીના તાલુકાઓમાં જાતિદર નીચો છે. દાહોદ જિલ્લામાં કુલ વસ્તી પૈકી માત્ર ૯ ટકા વસ્તી જ શહેરી વસ્તી છે ૯૧ ટકા વસ્તી ગ્રામીણ વસ્તી છે. સાક્ષરતા સંદર્ભે દાહોદ તાલુકો ગુજરાતની તુલનામાં ઘણો પાછળ છે.

**જીલ્લામાં જમીન વપરાશની તરાહ:**

જમીન એક એવું કુદરતી સંસાધન છે જે કેટલાક માટે નિર્વાહનું સાધન છે તો કોઈક માટે સંપત્તિનું સર્જક. ગ્રામીણ વિસ્તારમાં આજીવિકાનું અગત્યનું સાધન જમીન જ છે. જુદા જુદા સ્તરે જમીન વપરાશમાં વૈવિધ્ય જોઈ શકાય. જે તે વિસ્તારની ભૌગોલિક રચના પ્રમાણે. દાહોદના સંદર્ભે આ બાબત વિશેષ મહત્વની એટલા માટે પણ છે કેમકે આ જીલ્લામાં જંગલ પણ છે અને રણ પ્રદેશ જેવી બંજર જમીન પણ છે તેથી જીલ્લાની કુલ જમીનની વપરાશની તરાહ સમજવી તે વિસ્તારના વ્યવસાયિક માળખા અને તેના અવકશોને સમજતા પહેલા જાણવી જરૂરી છે.

| કુલ જમીનનું પ્રમાણ | 364200 | ટકા |
|---|---|---|
| જંગલ | 86404 | 23.72 |
| ઉજ્જડ ખેડી ન શક્ય તેવી | 25895 | 7.12 |
| બિન ખેતી વિષયક ઉપયોગમાં ન લેવાય તેવી | 21357 | 5.86 |
| ખેડી શકાય તેવી પડતર | 2125 | 0.58 |
| ગૌચર | 10820 | 2.98 |
| ચાલુ પડતર | 6500 | 1.78 |
| અન્ય પડતર | 183 | 0.5 |
| ચોખ્ખો વાવેતર વિસ્તાર | 214230 | 58.82 |
| એક કરતા વધુ વખત વાવેતર કરેલ વિસ્તાર | 127176 | 48.64 |
| એકંદરે વાવેતર વિસ્તાર | 341406 | 93.74 |





આમ કુલ જમીનના ૨૩ ટકા જંગલ આચ્છાદિત છે જયારે બિન ઉપયોગી કે ઉજ્જડ જમીનનું પ્રમાણ પણ કુલ વિસ્તારના ૧૩ ટકા જેટલું છે. જોકે ચોખ્ખો વાવેતર વિસ્તાર ૬૦ ટકા જેટલો છે તેમાં પણ એક કરતા વધુ પાક લઇ શક્ય તેવી જમીન ૪૮ ટકા જેટલી છે જોકે કેટલાક વિસ્તારોમાં પિયતની સુવિધા અનુપલબ્ધ હોવાથી ત્યાં માત્ર વરસાદ આધારિત ખેતી જ શક્ય બને છે તેવો વિસ્તાર જીલ્લામાં ઘણો વધારે છે.


**કામ કરતી વસ્તી :**

જીલ્લામાં કુલ કામ કરતી વસ્તી ૨૦૦૧માં ૫૦ ટકા હતી તે ૨૦૧૧ માં ઘટીને ૪૭ ટકા થઇ છે જોકે ગુજરાત રાજ્યની તુલનમાં જીલ્લામાં કામકરતી વસ્તીનું પ્રમાણ વધારે છે તેમજ સ્ત્રી કામદારોની ભાગીદારી પ્રમાણમાં ઘણી સારી છે જે ગુજરાતમાં ૨૩ ટકા અને દાહોદ જીલ્લામાં ૪૩ ટકા છે જે જાતિગત અસમાનતાનું ઓછું પ્રમાણ દર્શાવે છે. સમગ્ર જીલ્લામાં કૃષિ આજીવિકાનું મુખ્ય ક્ષેત્ર છે દાહોદની કામ કરતી કુલ વસ્તીના ૮૮ ટકા લોકો ખેતી ક્ષેત્રે કાર્યરત છે તેમાં પણ ખેડૂતોનું પ્રમાણ માત્ર ૩૯ ટકા છે જયારે ખેત મજુરી કરતા લોકોનું પ્રમાણ ૪૪ ટકા છે.

| **જીલ્લામાં કુલ કામ કરતી વસ્તી ક્ષેત્ર અનુસાર (૨૦૧૧)** | |
|---|---|
| કુલ કામદારો | 999124 |
| મુખ્ય કામદારો | 553395 |
| સીમંત કામદારો | 445729 |
| ખેડૂતો (મુખ્ય+સીમંત) | 388612 |
| ખેત મજુર(મુખ્ય+સીમંત) | 438597 |

| | |
|---|---|
| ગૃહ ઉદ્યોગ (મુખ્ય+સીમાંત) | **8815** |
| અન્ય કામદારો(મુખ્ય +સીમંત) | **163100** |
| ખેડૂતો(મુખ્ય કામદારો) | **311832** |




| અ. નં. | જિલ્લો/તાલુકા | મુખ્ય કામદારો | | સિમાંત કામદારો | | કુલ કામદારો | | કામ નહિ કરનારઓ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વ્યક્તિઓ | તે પૈકી સ્ત્રીઓ | વ્યક્તિઓ | તે પૈકી સ્ત્રીઓ | વ્યક્તિઓ | તે પૈકી સ્ત્રીઓ | વ્યક્તિઓ | તે પૈકી સ્ત્રીઓ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | જિલ્લો | | | | | | | | |
| | ૨૦૦૧ | ૩૦.૩૦% | ૧૭.૯૦% | ૧૯.૪૦% | ૩૦.૦૦% | ૪૯.૮૦% | ૪૭.૯૦% | ૫૦.૦૨% | ૫૨.૧૦% |
| | ૨૦૧૧ | ૨૬.૦૨% | ૧૨.૯૫% | ૨૦.૯૫% | ૩૦.૩૪% | ૪૬.૯૭% | ૪૩.૨૯% | ૫૩.૦૩% | ૫૬.૭૧% |

દશકમાં કામ કરતી વસ્તીના પ્રમાણમાં આવેલ પરિવર્તન ઉપરોક્ત કોષ્ટકના આધારે સમજી શકાય છે કે કુલ કામદારોની સંખ્યામાં ઘટાડો થયો છે તેમજ મુખ્ય કામદારોનું પ્રમાણ પણ ૩૦ ટકાથી ઘટીને ૨૬ ટકા થયું છે અને સીમંત કામદારોની સંખ્યામાં ૧ ટકાનો વધારો થયો છે. સ્ત્રી કામદારોની સંખ્યા દાહોદમાં ઘણી વધારે છે પરંતુ મુખ્ય કામદારોમાં સ્ત્રીઓની સંખ્યા ઘટી છે સીમંત કામદારોમાં થોડી વધી છે. કામ નહી કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે જે ૫૨ ટકાના બદલે ૫૬ થયું છે વાળી ગ્રામીણ અને શહેરી કામદારોની સ્થિતિ તપાસતા ગ્રામીણ ક્ષેત્રે વધુ કમરો છે જયારે શહેરી વિસ્તારમાં કામદારોની સંખ્ય ઓછી છે તેમજ તાલુકા પ્રમાણે શ્રમણે જોઈએ તો નીચેના કોષ્ટકના આધારે સમજી શકાય


| | 2011 | | | 2001 |
|---|---|---|---|---|
| તાલુકો | પુરુષ | સ્ત્રી | કુલ | કુલ |
| ફતેપુરા | 51.3 | 48.2 | 49.8 | 52.7 |
| ઝાલોદ | 50 | 44.2 | 47.1 | 49.2 |
| લીમખેડા | 50.4 | 44.2 | 47.3 | 50.4 |
| દાહોદ | 50 | 35.4 | 42.8 | 43.6 |
| ગરબાડા | 49.4 | 47.5 | 48.4 | 51.9 |
| દે.બારિયા | 53.9 | 44.2 | 49 | 55.3 |
| ધાનપુર | 50.2 | 48.1 | 49.1 | 52.5 |
| દાહોદ જીલ્લો | 50.6 | 43.3 | 47 | 49.8 |
| ગુજરાત | 57.2 | 23.4 | 41 | 41.9 |




તાલુકા અનુસાર કામકરતી વસ્તીનું પ્રમાણ દશકમાં ઘટ્યું છે ૫૦ કરતા વધુ પ્રમાણ ધરાવતા તાલુકાઓમાં કામકરતી વસ્તીનું પ્રમાણ ૧ ટકાથી ૪ ટકા સુધી ઘટીને ૫૦ ટકાથી ઓછું થયું છે જોકે તે રાજ્યની તુલનામાં વધુ છે. જીલ્લા સ્તરે પણ ઘટાડો નોંધાયો છે.

## જમીન ધારણકદ:

જમીનની માલિકી અને વહેચણી સંપત્તિનું સંચયીકરણ દર્શાવે છે જોકે છેલ્લા કેટલાક દશકમાં નાણાંકીય સંપત્તિમાંથી પ્રાપ્ત વળતર બિન નાણાંકીય સંપત્તિમાંથી પ્રાપ્ત વળતર કરતા અનેક ગણું વધારે




છે(પીકેટી ૨૦૧૪) જોકે કૃષકોના સમાજમાં જમીન ધારણ કદ આજે પણ આજીવિકાના સાધન થી લઇ, સંપત્તિનુ સર્જક છે સીમાંત ખેડૂતો માટે જયારે તેની પાસે દ્વિતીય અને તૃતીય ક્ષેત્રમાં આવકના સ્રોત ન હોય ત્યારે જમીન જ તેમના માટે આવકનું મુખ્ય સાધન છે. જમીન ગ્રામીણ વિસ્તારમાં વસતા લોકો માટે ગામથી જોડતી કડી છે જે જીવન જીવવાની રિત પણ છે ઓળખ પણ છે સ્થાનિક સ્તરે જમીન સામાજિક દરજ્જાનું પ્રતિક છે, વિશેષ રૂપે જે વિસ્તાર કૃષિ પર નિર્ભર હોય. દાહોદ જીલ્લામાં જમીન ધારણ કદ નીચે મુજબ જોઈ શકાય છે.

ખેડૂતોનું જમીન ધારણ કદ

| ખેડૂત | જમીનનું પ્રમાણ હેકટરમાં | ટકાવારી |
|---|---|---|
| સીમંત | 5694 | 9.58 |
| નાના | 10000 | 16.84 |
| અર્ધ મધ્યમ | 16902 | 28.44 |
| મધ્યમ | 19509 | 32.83 |
| મોટા | 7309 | 12.31 |
| કુલ | 59414 | 100 |

આમ દાહોદ જીલ્લામાં ૧ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા અતિનાના અને સિમાંત ખેડૂતોનું પ્રમાણ ૪૪ ટકા જેટલું છે  જે કુલ જનીનના ૧૦ ટકા જમીનની માલિકી ધરાવે છે. જયારે ૧ ટકા મોટા ખેડૂતો કુલ ખેડાણ હેઠળની જમીનના ૧૨.૩૦ ટકા જમીની માલિકી ધરાવે છે. દાહોદમાં ૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવતા કુટુંબોનું પ્રમાણ કુલ ખેડૂતોમાં ૬૭ ટકા છે જે કુલ જમીનના ૨૬ ટકા જમીન ધરાવે છે.


## કૃષિક્ષેત્ર:

| **જમીન ધારક કુટુંબોનું પ્રમાણ** | | |
|---|---|---|
| ખેડૂત | કુટુંબોની સંખ્યા | ટકાવારી |
| સીમંત | 13012 | 43.71 |
| નાના | 6990 | 23.48 |
| અર્ધ મધ્યમ | 6020 | 20.23 |
| મધ્યમ | 3398 | 11.42 |
| મોટા | 347 | 1.16 |
| કુલ | 29767 | 100 |

કૃષિક્ષેત્ર આદિવાસી વિસ્તારોમાં વિશેષ મહત્વનું છે કેમકે કામદારો સંબંધિત બાબતો તપાસતા જણાય છે કે ૮૮ ટકા લોકો આજીવિકા માટે આ ક્ષેત્ર પર આધારિત છે ઉપરાંત આદિવાસી લોકોમાં કૃષિ આવક સર્જન કરતા જીવનશૈલી વિશેષ છે  તેઓની ખેતી નિર્વાહની ખેતી પણ છે, જોકે આભિગમ છેલ્લા કેટલાક દશકથી બદલાઈ પણ રહ્યો છે અને તે કઈ દિશામાં પરિવર્તિત થઇ રહ્યો છે તે જાણવું જરૂરી છે ધન્ય પાકોના સ્થાને બાગાયત અને પશુપાલન માટેના ચારાના પ્રમાણમાં પણ વધારો થઇ રહ્યો છે આ બાબતોને કેટલાક આંકડાઓની મદદથી વધુ સરળતાથી સમજી શકાશે.

**મુખ્ય પાકો**


દાહોદ જીલ્લાના મુખ્ય પાકોમાં અનાજ, કઠોળ, તેલીબીયા, અને અન્ય પાકોનું પ્રમાણ તપાસીએ તો ૨૦૧૭-૧૮ની તુલનામાં ૨૦૨૦-૨૧માં ધાન્ય અને કઠોળના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે પરંતુ ધાન્ય પાકોના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ઓછો વધારો થયો છે પરંતુ કઠોળના ઉત્પાદનમાં દાહોદ જીલ્લો ગુજરાત રાજ્ય કરતા પણ વધુ ઉત્પાદન ધરાવે છે જોકે તેલીબિયાના પાકમાં ઘટાડો થયો છે અન્ય પાકોમાં લસણ, ડુંગળી જેવા પાકોનું પ્રમાણ વધારે છે તેમજ ગુજરાતના કુલ મસાલાના ઉત્પ્દનમાં દાહોદ જીલ્લાનું પ્રદાન ૭ ટકા છે.




**બાગાયત પાક :** બાગાયત પાકોના ઉત્પાદનમાં ધીમા દરે વધારો થઇ રહ્યો છે ફળોના ઉત્પાદનમાં કેરી,સીતાફળ, મુખ્ય છે કેટલાક પ્રમાણમાં પપૈયા, જામફળનું ઉત્પાદન પણ શરુ થયું છે. મસાલામાં હળદર, મરચા, ધાણા, લસણ, મેથી, આદુ, વગેરેનું ઉત્પાદન નોંધપાત્ર રીતે વધી રહ્યું છે તેમજ અહી મસાલાના

ઉત્પાદનની સાથે દળીને પાવડર બનાવવાની પ્રક્રિયા મૂલ્ય વર્ધનની પ્રક્રિયા પણ શરૂ થઇ રહી છે, ફૂલોનું ઉત્પાદન અલ્પ પ્રમાણમાં થઇ રહ્યું છે.આ બાબતોને નીચેના કોસ્તાકમાં વધુ સારી રીતે સમજી શકાશે.


| જિલ્લાના બાગાયત ઉત્પાદન | | |
|---|---|---|
| પાક | વાવેતર વિસ્તાર(હેકટરમાં) | ઉત્પાદન(ટનમાં) |
| ફળ | 6940 | 63987 |
| શાકભાજી | 22491 | 345640 |
| મસાલા | 7686 | 88927 |
| ફૂલ | 1662 | 15995 |
| કુલ | 38779 | 514550 |




**પશુપાલન :**

દાહોદ જીલ્લાના વ્યવસાયિક વિકાસમાં પ્રાથમિક ક્ષેત્રનો ફાળો સવિશેષ છે પરંપરાગત રીતે ખેતી અને પશુપાલન થઇ રહ્યું છે પરંતુ ડેરી ક્ષેત્ર દાહોદમાં ગુજરાતના અન્ય ક્ષેત્રોની માફક વિકસી શક્યું નથી તેનું મૂળ કારણ પાણીની અછત અને સ્થળાંતર રહ્યું ગણી શકાય પરંતુ છેલ્લા થોડા સમયથી તેમાં થોડા ફેરફાર જોવા મળે છે ૧૯ મી પશુગણતરી અનુસાર દાહોદના લીમખેડા તાલુકામાં સૌથી વધુ પશુઓનું પ્રમાણ નોંધાયું હતું. કુલ પશુઓના પ્રમાણમાં કેટલો ફેરફાર થયો છે તે નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

| પશુપાલન પરિવર્તન | | | |
|---|---|---|---|
| પશુ | 2007 | 2012 | % ફેરફાર |
| ગાય | 588511 | 691873 | 17.56 |
| ભેસ | 283764 | 361964 | 27.56 |
| ઘેટા-બકરા | 510834 | 684092 | 33.92 |
| મરઘા-બતકા | 592998 | 836051 | 40.99 |





ઉપરોક્ત માહિતી પરથી સમજી શકાય છે કે દુધાળા પશુઓનું પ્રમાણ ૧૭ થી ૨૭ ટકા વધ્યું છે જયારે માસ માટેના પશુ પાલનમાં ૩૩ થી ૪૦ ટકાનો વધારો થયો છે આમ પશુપાલન વ્યવસાયિક સ્તરે વિકસી રહ્યું છે.

ડેરી ઉદ્યોગ : દાહોદ જીલ્લામાં પશુપાલનની સંખ્યાના આધારે કહી શકાય કે ડેરી ક્ષેત્ર વ્યાપક સ્તરે વિકસિત થયું નથી પરંતુ પિયતની સુવિધા અને વિભિન્ન સરકારી યોજનાઓના પરિણામે અહી પશુપાલનને વ્યવસાયિક ધોરણે વિકસાવવાના પ્રયત્નો સફળ થઇ રહ્યા છે તે દૂધ અને તેની બનાવટ સંદર્ભે ડેરીના વિકાસને તપાસતા સ્પષ્ટ થાય છે

વર્ષ : ૨૦૨૦-૨૧

| અ.નં. | જિલ્લા / તાલુકાનું નામ | દૂધ સહકારી મંડળીઓની સંખ્યા | મંડળીમાં દૂધ ભરતા સભ્યોની સંખ્યા | વાર્ષિક એકત્રિત દુધનો જથ્થો (લીટર) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | જિલ્લા | ૯૬૮ | ૭૮૧૭૬ | ૩૧૩૬૩૬૯૫ |
| | તાલુકા | | | |
| ૧ | દાહોદ | ૧૦૯ | ૮૭૫૦ | ૯૩૫૯૩૯૨ |
| ૨ | ઝાલોદ | ૧૧૩ | ૮૮૩૧ | ૨૦૦૯૫૮૭ |
| ૩ | દે.બારિયા | ૧૬૮ | ૧૩૫૨૯ | ૫૯૪૨૩૬૧ |
| ૪ | લીમખેડા | ૧૦૬ | ૧૦૧૬૦ | ૩૯૧૮૧૮૧ |
| ૫ | ફતેપુરા | ૧૫૪ | ૧૨૪૭૬ | ૪૮૨૬૭૬૮ |
| ૬ | ગરબાડા | ૫૫ | ૪૭૭૬ | ૮૩૫૮૭૭ |
| ૭ | ધાનપુર | ૯૭ | ૭૮૫૯ | ૫૩૫૯૯૭ |
| ૮ | સંજેલી | ૮૩ | ૬૭૨૫ | ૧૯૮૦૨૯૭ |
| ૯ | સીંગવડ | ૮૩ | ૫૦૭૦ | ૧૯૫૫૨૩૫ |

પ્રાપ્તિ સ્થાન : નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત,દાહોદ




**મત્સય ઉદ્યોગ** :દાહોદ જિલ્લામાં મત્સય ઉદ્યોગ ન્યુનત્તમ સ્તરે છે જીલ્લાની કુલ વસ્તી પૈકી માછીમારોની સંખ્યા ૭૦૮૬ છે તેમાં પણ પૂર્ણ કાલીન માછીમારી કરતા લોકોની સંખ્યા ૧૭૨ છે અને તેના આનુસંગિક

ક્ષેત્રોમાં કામ કરતી વસ્તીનું પ્રમાણ ૧૫૫ છે માછીમારી માટેના સાધનોના સ્તરે તપાસીએ તો ૨ યાંત્રિક હોડી અને ૫૨૪ બિન યાંત્રિક હોડી દ્વારા માછીમારી કરવામાં આવે છે મત્સય ઉદ્યોગ સહકારી મંડળીનું પ્રમાણ ૪૩ છે તેમાં સભ્યોની સંખ્યા ૨૧૮૬ છે અને કુલ જમા મૂડીનું પ્રમાણ ૯૨૦૦૦ છે.

**દાહોદ જીલ્લાનું ઔદ્યોગિક ક્ષેત્ર :**

દાહોદ જીલ્લાના મોટા ઉદ્યોગોના ક્ષેત્રોમાં રબર અને પ્લાસ્ટિક ઉત્પાદનો, ખાદ્ય પેદાશો, એન્જીન્યરિંગ, તૈયાર વસ્ત્રો, મિનરલ, વગેરે છે તેમજ ખનન ક્ષેત્ર પણ વિકાસ પામ્યું છે દાહોદમાં દેવગઢ બારિયા સૌથી વધુ ઔદ્યોગિક એકમો ધરાવે છે નોંધાયેલા ઔદ્યોગિક એકમોની સંખ્યા અને દૈનિક સરેરાશ કામ કરતા કામદારોનું પ્રમાણ નીચે મુજબ જોવા મળે છે.

| દાહોદ જીલ્લાના મુખ્ય મોટા ઔદ્યોગિક એકમો (૨૦૧૦-૧૧) | | |
|---|---|---|
| ઉદ્યોગ | એકમની સંખ્યા | દૈનિક સરેરાશ કામ કરતા કામદારોનું પ્રમાણ |
| કાપડ ઉદ્યોગ | 9 | 56 |
| ઈલેક્ટ્રીકલ મશીનરી અને પાર્ટસ | 10 | 26 |
| ખાણ અને ખનન | 10 | 134 |
| ખાદ્ય પેદાશો | 7 | 84 |
| લાકડાની બનાવટો | 11 | 48 |
| રબર અને પ્લાસ્ટિક પેદાશો | 1 | 3 |
| ધાતુ રહિત મિનરલ પેદાશો | 5 | 41 |
| કાચી ધાતુ ઉદ્યોગ | 26 | 106 |
| ખાદ્ય પીણા | 1 | 4 |
| સેવાઓ | 4 | 13 |
| વ્યાપાર | 1 | 3 |
| અન્ય | 16 | 111 |
| કુલ | 101 | 629 |

**સ્રોત:** : Commissionerate of Industries


**જિલ્લાના લઘુ, નાના અને કુટિર ઉદ્યોગોનું પ્રમાણ :**

જિલ્લામાં લઘુ નાના, અને કુટિર ઉદ્યોગોનું પ્રમાણ નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે જેમાં એકમોના પ્રકાર, મૂડીરોકાણનું પ્રમાણ અને રોજગારનું પ્રમાણ દર્શાવવામાં આવે છે તે અનુસાર તપાસતા જણાય છે કે કુલ એકમોનું પ્રમાણ ૨૪૪૦ છે અને તેમાં રોજગારનું પ્રમાણ ૬૦૦૦ જેટલું છે તેના પ્રકાર અનુસાર તપાસતા જણાય છે કે કુટિર ઉદ્યોગો જેમકે લાકડાના ફર્નિચર, કાપડ ઉદ્યોગ, ભરતકામ, જેવા

ઉદ્યોગોમાં ઓછા મૂડીરોકાણ સાથે વધુ રોજગારનું સર્જન થઇ શક્યું છે તેમજ સેવાઓ સંદર્ભે પણ ઓછા મૂડીરોકાણ દ્વારા વધુ રોજગારનું પ્રમાણ સર્જી શકાયું છે જે દિશામાં વિશેષ અવકાશ જણાય છે.


| ઉદ્યોગનું નામ | એકમોની સંખ્યા | મૂડીરોકાણ (લાખમાં) | રોજગાર |
|---|---|---|---|
| કૃષિ આધારિત | 194 | 3648.83 | 1710 |
| તૈયાર વસ્ત્રો અને ભરતકામ | 408 | 102.25 | 910 |
| લાકડા આધારિત ફર્નિચર | 207 | 253.52 | 413 |
| કાગળ અને તેની બનાવટો | 57 | 83.02 | 175 |
| ચર્મ ઉદ્યોગ | 64 | 5.05 | 124 |
| કેમિકલ આધારિત | 10 | 73.97 | 121 |
| રબર પ્લાસ્ટિક અને પેટ્રો આધારિત | 52 | 2118.43 | 217 |
| મિનરલ આધારિત | 80 | 2012.15 | 839 |
| એન્જીન્યરિંગ | 304 | 872.18 | 798 |
| ઈલેક્ટ્રીકલ મશીનરી અને વાહનવ્યવહારના સાધનો | 168 | 33.9 | 199 |
| રીપેરીંગ અને સમારકામ | 871 | 453.42 | 1247 |
| અન્ય | 25 | 34.5 | 57 |
| કુલ | 2440 | 9691.22 | 6810 |

સ્રોત : Industrial profile of Dahod District




ખનન ઉદ્યોગ :

દાહોદ ભૌગોલિક રીતે પહાડી વિસ્તાર હોવાથી ત્યાં ખનન પ્રવૃત્તિ સારી રીતે વિકસી છે અને સરકારની આવકનું મહત્વનું સાધન પણ છે જોકે અહી મુખ્ય ખનીજ કોઈ નથી પરંતુ ગૌણ ખનીજનું પ્રમાણ ઉચું છે અહીની જમીન માંથી બાંધકામ માટે રેતી, ક્વાર્ટ્ઝ, બ્લેક ટ્રેપની ઉચી માત્ર ઉપલબ્ધ થાય છે ૨૦૧૭-૧૮માં ખનીજના કુલ ઉત્પાદનમાં બ્લેક ટ્રેપ સૌથી વધુ રહી હતી અને સૌથી વધુ રોયલ્ટી ગૌણ ખનીજ બ્લેક ટ્રેપમાંથી મળી હતી, આમ તે સરકારની આવકનો મહત્વનો સ્રોત પણ છે. આ ક્ષેત્રે છેલા થોડા વર્ષોમાં આવક અને ઉત્પાદન નીચે મુજબ જાણી શકાય.





આલેખ અનુસાર ૨૦૧૩ થી ૨૦૨૧ સુધી બ્લેક ટ્રેપ સૌથી વધુ આવક આપનાર ગૌણ ખનીજ રહ્યું છે ૨૦૧૬ પહેલા ક્વાર્ટ્ઝ મુખ્ય ખનીજ ગણાતી હતી જે ૨૦૧૬ બાદ ગૌણ ગણવામાં આવે છે, જોકે ૨૦૧૭ બાદ સદી રેતી અને બ્લેક ટ્રેપની આવકમાં નોંધ પત્ર વધારો થયો છે તેમજ ક્વાર્ટ્ઝની આવકમાં પણ વધારો થયો છે. આ ક્ષેત્રે રોજગાર મેળવનારની સંખ્યા પણ નોંધપાત્ર છે

**દાહોદમાં ગૌણ ખનીજનું ઉત્પાદન અને આવક (૨૦૧૬-૧૭)**

| અ.ન. | ખનીજનું નામ | ઉત્પાદન મેટ્રિક ટનમાં | રોયલ્ટીની રકમ (રૂ.માં) |
|---|---|---|---|
| | | 2016-17 | 2016-17 |
| 1 | 2 | 3 | 4 |
| 1 | સાદી રેતી | 313561 | 12530842 |
| 2 | બ્લેકટ્રેપ | 655306 | 27852027 |
| 3 | ક્વાર્ટઝાઈટ | 720 | 34412 |
| 4 | ક્વાર્ટઝ | 29713 | 2266252 |
| | **કુલ :-** | **999300** | **42683533** |

પ્રાપ્તિસ્થાન: ભૂસ્તરશાખા કલેકટર કચેરી,દાહોદ






**સહકારી ક્ષેત્ર :**


દાહોદમાં સહકારી ક્ષેત્ર વિભિન્ન ક્ષેત્રોમાં વિકસિત થયું છે તેને ક્ષેત્ર અનુસાર વિભાજીત કરીએ તો ચાર વિભાગમાં વહેચી શકાય તેમાં બેંકિંગ, કૃષિ અને આનુસંગિક ક્ષેત્રો, વ્યવસાયિક મંડળીઓ, વ્યવસ્થાપક મંડળીઓ. તેમાં ડેરીક્ષેત્ર છેલ્લા દશકથી વધુ વ્યાપક થયું જે દર્શાવે છે કે પશુપાલન વ્યાવસાયિક ધોરણે વિકસી રહ્યું છે. દૂધ સહકારી મંડળીઓની સખ્યા સૌથી વધુ છે. દાહોદમાં પાણીની અછતના પરિણામે અહી સિંચાઈ સહકારી મંડળીઓનું પ્રમાણ પણ ઊંચું જોવા મળે છે જયારે જંગલ સહકારી મંડળી, ધિરાણ મંડળીઓ, બાંધકામના શ્રમિકોની મંડળીઓ, અલ્પ પ્રમાણમાં જોવા મળે છે.972 મંડળીઓ કૃષિ સંબંધિત ક્ષેત્રની છે તેમાં રૂપાંતર સહકારી મંડળી એક જ છે  પરંતુ તે દિશામાં ઘણા અવકાશ જોઈ શકાય છે જેમ ડેરી ક્ષેત્ર થોડા જ સમયમાં વિકસી ગયું છે તે રીતે રૂપાંતર સંદર્ભે પણ સંભાવના છે જેમકે મકાઈની રૂપાંતર પ્રક્રિયા હાથ ધરી શકાય. ફળ અને શાકભાજીના પ્રોસેસિંગની પ્રક્રિયા હાથ ધરી શકાય.


| **સહકારી બેંક** | | | | **વ્યવસાયિક સહકરી મંડળીઓ** | |
|---|---|---|---|---|---|
| **સેવા સહકારી બેંક** | | **91** | | મત્સય ઉદ્યોગ સહકારી મંડળી | 35 |
| નાગરીક સહકારી બેંક | 7 | મજુર બાંધકામ સહકરી મંડળી | 137 | | |
| બચત અને ધિરાણ મંડળી | 88 | વાહન વ્યવહાર મંડળીઓ | 4 | | |
| કૃષિ સંબંધિત સહકારી મંડળી | હાઉસિંગ સહકરી | 75 | | | |

| | | | |
|---|---|---|---|
| | મંડળીઓ | | |
| તેલીબિયાં **મંડળી** | | 26 | વ્યવસ્થાપક **સહકારી મંડળી** |
| દૂધ સહકારી મંડળી | 603 | **તાલુકા સહકારી ખરીદ** વેચાણ સંઘ | 7 |
| સિંચાઈ મંડળીઓ | 304 | મધ્યસ્થ ગ્રાહક સહકારી મંડળી | 61 |
| કેટલ બ્રાંડ એન્ડ માલધારી | 34 | જીલ્લા સહકારી બોર્ડ | 3 |
| માર્કેટિંગ મંડળી | 4 | અન્ય સહકારી મંડળીઓ | 59 |
| રૂપાંતર સહકારી મંડળી | 1 | | |
| વૃક્ષ ઉછેર સહકારી મંડળી | 196 | | |




અન્ય વ્યવસાયિક ક્ષેત્રોની સહકારીમંડળીઓ
14%
30%
2%
54%
મત્સય ઉદ્યોગ સહકારી મંડળી
મજુર બાંધકામ સહકરી મંડળી
વાહન વ્યવહાર મંડળીઓ
હાઉસિંગ સહકરી મંડળીઓ


વ્યવસ્થાપક સહકારી મંડળીઓ
7, 5%
59, 46%
61, 47%
3, 2%
તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ
મધ્યસ્થ ગ્રાહક સહકારી મંડળી
જીલ્લા સહકારી બોર્ડ
અન્ય સહકારી મંડળીઓ




દાહોદ જીલ્લાનું સેવાક્ષેત્ર :

વિકાસની સાથે માળખાગત પરિવર્તન એક સુનિશ્ચિત પ્રક્રિયા છે જે સમયની સાથે થવી આવશ્યક છે કેમકે અન્ય ક્ષેત્રોના કૃષિ અને ઉદ્યોગના વિકાસનો આધાર સેવા ક્ષેત્રના વિકાસ પર રહેલો છે. દાહોદમાં વિજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેંકિંગ, શિક્ષા અને સ્વાસ્થ્યની સ્થિતિ જીલ્લા સ્તરે અને તાલુકા ક્ષેત્રે ચોક્કસ તફાવત જણાય છે જે નીચેની બાબતોમાં સમજી શકાય.

વિજળી :

દાહોદ જીલ્લાના માનવ વિકાસ અહેવાલ અનુસાર દાહોદ જીલ્લાના ઔદ્યોગિક વિકાસમાં નીમ્નતાનું એક કારણ અપર્યાપ્ત વિજળીનો સ્રોત છે. તેમજ કૃષિ ક્ષેત્રે વિજળીનો વપરાશ કૃષિની નિયમિત આવક માટે આવશ્યક છે જેનું પ્રમાણ તાલુકા અનુસાર કેટલું છે તે નીચેની આંકડાકીય વિગત પરથી જાણી શકાય છે.

| અ.નં. | ગુજરાત/ જિલ્લો/ તાલુકાઓ | ઘર ગથ્થુ | વાણિજ્યિક | ઔદ્યોગિક | જાહેર દીવાબતી | ખેતી | જાહેર વોટર વર્કસ | અન્ય | કુલ વપરાશ | વીજ બીલ કલેકશન (લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 1 | દાહોદ જિલ્લો | 124.52 | 3.73 | 60.12 | 4.53 | 14.14 | 6.68 | 0 | 211.64 | 13135.62 |
| 1 | દાહોદ | 59.14 | 1.89 | 33.54 | 0.97 | 3.24 | 2.8 | 0 | 101.5 | 6910.36 |
| 2 | ઝાલોદ | 13.42 | 0.14 | 5.71 | 0.38 | 1.44 | 1.31 | 0 | 22.4 | 1395.15 |
| 3 | દે.બારીયા | 11.94 | 0.36 | 5.96 | 0.23 | 1.64 | 1.29 | 0 | 21.42 | 1313.6 |
| 4 | લીમખેડા | 8.7 | 0.37 | 3.43 | 0.14 | 2.99 | 0.25 | 0 | 15.88 | 584.97 |
| 5 | ફતેપુરા | 8.13 | 0.25 | 2.61 | 2.66 | 1.3 | 0.17 | 0 | 15.12 | 762.98 |
| 6 | ગરબાડા | 8.27 | 0.39 | 3.28 | 0.06 | 0.46 | 0.23 | 0 | 10.69 | 772.20 |
| 7 | ધાનપુર | 3.78 | 0.19 | 1.54 | 0.0 | 0.25 | 0.12 | 0 | 5.88 | 378.8 |
| 8 | સંજેલી | 11.14 | 0.14 | 4.05 | 0.09 | 2.82 | 0.51 | 0 | 18.75 | 1017.74 |

પ્રાપ્તિસ્થાન: મધ્ય ગુજરાત વિજ કંપનીની કચેરી,દાહોદ

વીજળીના વપરાશની વિગતો તપાસતા જણાય છે કે લીમખેડા, ફતેપુરા, ગરબાડા, ધાનપુર સૌથી ઓછો વીજ વપરાશ ધરાવતા તાલુકા છે તેમાં પણ ધાનપુર ખેતી, ઉદ્યોગ અને ઘરવપરાશમાં સૌથી ન્યુનતમ કક્ષા ધરાવે છે ઔદ્યોગિક ક્ષેત્રે દાહોદ તાલુકાને છોડી તમામ તાલુકા અત્યંત અલ્પ વપરાશ ધરાવે છે. કૃષિ ક્ષેત્રે વીજ વપરાશનું પ્રમાણ તમામ તાલુકાઓમાં અલ્પ છે જે દર્શાવે છે કે કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીકલ પરિવર્તનનું પ્રમાણ ગુજરાતની તુલનામાં ઘણું ઓછું છે.સમગ્ર જીલ્લાની દ્રષ્ટીએ વીજ વપરાશ માર્યાદિત જોવા મળે છે.

**વાહનવ્યવહાર** :દાહોદ જીલ્લામાં વાહનવ્યવહારની દ્રષ્ટીએ સડક માર્ગમાં રાષ્ટ્રીયધોરીમાર્ગ, રાજ્ય માર્ગ ગામ પંચાયતના માર્ગ વગેરેની કિલોમીટરમાં લંબાઈ જોઈએ તો તાલુકા અનુસારની સ્થિતિ નીચે મુજબ જોઈ શકાય

વર્ષ:૨૦૧૭-૧૮ (કિ. મી.)


| અ.નં. | તાલુકાનું નામ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ | રાજ્ય ધોરીમાર્ગ | જીલ્લાના માર્ગો (રાજય અને પંચાયત) | ગ્રામ્ય માર્ગો (રાજય અને પંચાયત) | અન્ય માર્ગ નોન પ્લાન | કુલ (૩ થી ૭) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | દાહોદ | 8 | 12.1 | 199.38 | 186 | 371 | 776.48 |
| ૨ | ગરબાડા | 14.705 | 10.4 | 106.0 | 84 | 295 | 510.105 |
| ૩ | ઝાલોદ | 0 | 53.25 | 203.4 | 465 | 262 | 983.65 |
| ૪ | ફતેપુરા | 0 | 13.0 | 109.2 | 274 | 298 | 694.20 |
| ૫ | સંજેલી | 0 | 0.0 | 76.44 | 75 | 79 | 230.44 |
| ૬ | લીમખેડા | 0 | 47.845 | 154.35 | 239 | 273 | 714.195 |
| ૭ | ધાનપુર | 0 | 62.4 | 84.0 | 153.65 | 171 | 471.05 |
| ૮ | દેવ.બારિયા | 0 | 100.365 | 108.3 | 342 | 220 | 770.665 |
| કુલ | | 22.705 | 299.365 | 1041.07 | 1818.65 | 1969 | 5150.785 |

પ્રાપ્તિસ્થાન-:

કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન (રાજ્ય) દાહોદ

કાર્યપાલક ઇજનેરશ્રી માર્ગ અને મકાન (પંચાયત) દાહોદ

ઉપરોક્ત માહિતના આધારે કહી શકાય કે ગરબાડા અને દાહોદ માત્ર બે તાલુકા જ રાષ્ટ્રીય ધોરી માર્ગની સુવિધા ધરાવે છે જયારે સંજેલી માં રાષ્ટ્રીય કે રાજ્ય બેમાંથી એક પણ પ્રકારના માર્ગ નથી ત્યાં માત્ર પંચાયત દ્વારા સર્જિત માર્ગ જ છે જોકે દેવગઢ બારિયા સિવાયના તાલુકાઓમાં રાજ્ય ધોરીમાર્ગનું પ્રમાણ પણ અલ્પ છે આમ વાહન વ્યવહારની દ્રષ્ટીએ વડોદરા શહેરની નજીક હોવા છતાં તેના બજાર સાથે દાહોદ જોડી શકાયું નથી તેનું એક કારણ અપર્યાપ્ત વાહનવ્યવહારનો વિકાસ છે. જે નીચેના આલેખ દ્વારા વધુ સ્પષ્ટ રીતે સમજી શકાશે.





સંદેશ વ્યવહાર:

જીલ્લામાં તાલુકા અનુસાર સંદેશા વ્યવહારની સ્થિતિ નીચે મુજબ જોઈ શકાય

| ક્રમ | તાલુકો | ટપાલ કચેરીઓ |
|---|---|---|
| 1 | 2 | 3 |
| ૧ | દાહોદ | 36 |
| ૨ | દેવ.બારીયા | 33 |
| ૩ | ધાનપુર | 21 |
| ૪ | ફતેપુરા | 23 |
| ૫ | ગરબાડા | 19 |
| ૬ | ઝાલોદ | 43 |
| ૭ | લીમખેડા | 37 |
| ૮ | સંજેલી | 13 |
| | કુલ | 225 |

પ્રાપ્તિસ્થાન: મુખ્ય પોસ્ટ ઓફીસ ,દાહોદ





સંદેશાવ્યવહારની દ્રષ્ટીએ ઝાલોદ, દાહોદ, લીમખેડા, દે.બારિયા વધુ સંપર્ક ધરવતા તાલુકા છે જયારે સંજેલી,ગરબાડા,ધાનપુર, ફતેપુરા સૌથી ઓછા પ્રમાણમાં પોસ્ટની વ્યવસ્થા ધરાવે છે.

બેંકિંગ વ્યવસ્થા : સંસ્થાકીય માળખામાં બેંક સૌથી વધુ મહત્વનું ક્ષેત્ર છે જે જેતે વિસ્તારના આર્થિક વિકાસમાં નાણાંકીય જરૂરિયાતોને સંતોષે છે તેમજ નાણાંકીય માળખામાં અસંગઠિત ક્ષેત્રની ભૂમિકાને

માર્યાદિત કરી તેને નિયંત્રિત કરે છે. તેમાં રાષ્ટ્રીય ,સહકારી અને ખાનગી બેન્કનું પ્રમાણ નીચે મુજબ જોઈ શકાય.

| ક્રમ | તાલુકો | રાષ્ટ્રીયકૃત બેંકો | સહકારી બેંકો | જમીન વિકાસ બેંકો | ગ્રામીણ વિકાસ બેંકો | અન્ય બેંકો | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | દાહોદ | 24 | 1 | 1 | 5 | 8 | 39 |
| 2 | ગરબાડા | 3 | 1 | 0 | 3 | 0 | 7 |
| 3 | ધાનપુર | 1 | 1 | 0 | 1 | 0 | 3 |
| 4 | દે. બારિયા | 7 | 1 | 1 | 3 | 5 | 17 |
| 5 | લીમખેડા | 9 | 2 | 1 | 2 | 4 | 18 |
| 6 | ઝાલોદ | 6 | 2 | 1 | 6 | 0 | 15 |
| 7 | ફતેપુરા | 5 | 1 | 0 | 1 | 0 | 7 |
| 8 | સંજેલી | 2 | 0 | 0 | 1 | 0 | 3 |
| | કુલ | 57 | 9 | 4 | 22 | 17 | 109 |


પ્રાપ્તિસ્થાન: લીડ બેંક મેનેજરશ્રી ,દાહોદ



ધાનપુર, સંજેલી, ગરબાડા અને ફતેપુરા સૌથી ઓછી બેંક સુવિધા ધરાવે છે તેમાં પણ સંજેલી અને ધાનપુરમાં સહકારી, રાષ્ટ્રીયકૃત બેંકનું પ્રમાણ સૌથી અલ્પ છે સાથે સાથે અન્ય પ્રકારની બેંકનું પ્રમાણ પણ અલ્પ છે.

સિંચાઈ : દાહોદ અલ્પ વરસાદ અને પાણીની અછત ધરાવતો વિસ્તાર તેમાં પણ ૮૦ ટકાથી વધુ વસ્તી ખેતી પર નિર્ભરતા ધરાવતી હોય ત્યારે સિંચાઈ તે તમામની આવકને સુનિશ્ચિત કરવા અનિવાર્ય છે સમયની સાથે સમગ્ર જીલ્લામાં સિંચિત વિસ્તારની સ્થિતિ શું છે તે નીચેની માહિતી પરથી જાણી શકાય.

| ક્રમ | વર્ષ | ચોખ્ખા વાવેતર વિસ્તાર સામે ચોખ્ખો સિંચિત વિસ્તાર | કુલ વાવેતર વિસ્તાર સામે કુલ સિંચિત વિસ્તાર |
|---|---|---|---|
| 1 | 2009-10 | 23.38 | 18.48 |
| 2 | 2010-11 | 22.91 | 18.55 |
| 3 | 2011-12 | 23.65 | 19.52 |
| 4 | 2012-13 | 24.06 | 19.84 |
| 5 | 2013-14 | 24.34 | 20.03 |
| 6 | 2014-15 | 23.76 | 19.62 |
| 7 | 2015-16 | 24.42 | 19.82 |
| 8 | 2016-17 | 24.96 | 20.55 |
| 9 | 2017-18 | 25.61 | 20.85 |
| 10 | 2018-19 | 26.18 | 21.16 |
| 11 | 2019-20 | 26.8 | 21.82 |




સમગ્ર જીલ્લાના કુલ સિંચિત વિસ્તારમાં દસકમાં માત્ર ૨ ટકાનો વધારો થયો છે તેમાં પણ કુલ વાવેતર વિસ્તાર સામે સિંચિત વિસ્તાર માત્ર ૨૧.૮૨ ટકા છે આમ ૮૦ ટકા જેટલો વિસ્તાર વરસાદ આધારિત ઉત્પાદનનો છે જે આવકને અનિશ્ચિત બનાવવામાં અને આવક મેળવવા સ્થળાંતર માટેનું મહત્વનું કારણ છે. સાધન અને તાલુકા અનુસાર આ બાબત તપાસીએ.

### તાલુકાવાર સાધન અનુસાર સિંચાઈ

| અ.નં. | જીલ્લો / તાલુકાનું નામ | ચોખ્ખો સિંચિત વિસ્તાર | | | | | | કુલ એકદંરે સિંચિત વિસ્તાર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નહેર | તળાવ | કુવા | અન્ય | કુલ | ચોખ્ખા વાવેતર વિસ્તાર સામે ચોખ્ખા સિંચિત વિસ્તારની ટકાવારી | નહેર | તળાવ | કુવા | અન્ય | કુલ | કુલ વાવેતર વિસ્તાર સામે કુલ સિંચિત વિસ્તારની ટકાવારી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | તાલુકા | | | | | | | | | | | | |
| ૧ | દાહોદ | ૫૫૨૨ | ૧૪૮ | ૧૦૮ | ૨૭૫૫ | ૮૫૩૩ | ૨૩.૯૭ | ૪૭૧૫.૧૭ | ૧૪૮ | ૧૦૮ | ૨૭૫૫ | ૭૭૨૬.૧૭ | ૨૯.૬૧ |
| ૨ | ઝાલોદ | ૧૧૧૩૪ | ૩૫૬ | ૨૧૪ | ૬૭૦૫ | ૧૮૪૦૯ | ૪૭.૭૨ | ૫૯૧૬.૭૬ | ૩૫૬ | ૨૧૪ | ૬૭૦૫ | ૧૩૧૯૧.૭૬ | ૬૧.૬૧ |
| ૩ | દે.બારિયા | ૪૨૭૭ | ૧૦૭ | ૪૮ | ૩૧૩૭ | ૭૫૬૯ | ૧૯.૯૭ | ૨૬૭૪.૦૦ | ૧૦૭ | ૪૮ | ૩૧૩૭ | ૫૯૬૬.૦૦ | ૪૨.૩૭ |
| ૪ | લીમખેડા | ૨૪૨૨ | ૮૮ | ૬૪ | ૪૧૧૭ | ૬૬૯૧ | ૩૩.૩૭ | ૨૨૧૩.૧૦ | ૮૮ | ૬૪ | ૪૧૧૭ | ૬૪૮૨.૧૦ | ૪૬.૨૯ |
| ૫ | ફતેપુરા | ૧૧૮૭ | ૭૫ | ૨૩૮ | ૩૩૫૦ | ૪૮૫૦ | ૨૨.૮૮ | ૫૯.૨૦ | ૭૫ | ૨૩૮ | ૩૩૫૦ | ૩૭૨૨.૨૦ | ૨૯.૩૨ |
| ૬ | ગરબાડા | ૧૮૭૦ | ૮૨ | ૧૩૩ | ૨૧૩૮ | ૪૨૨૩ | ૨૨.૬૮ | ૪૬૦.૪૭ | ૮૨ | ૧૩૩ | ૨૧૩૮ | ૨૮૧૩.૪૭ | ૧૬.૧૨ |
| ૭ | ધાનપુર | ૩૦૪૧ | ૩૯ | ૧૭૦ | ૫૧૭૭ | ૮૪૨૭ | ૪૨.૯૮ | ૧૫૦૪.૦૦ | ૩૯ | ૧૭૦ | ૫૧૭૭ | ૬૮૯૦.૦૦ | ૫૧.૭૧ |
| ૮ | સંજેલી | ૬૬૫ | ૦ | ૧૩૬ | ૧૨૨૦ | ૨૦૨૧ | ૨૦.૦૬ | ૨૫.૦૦ | ૦ | ૧૩૬ | ૧૨૨૦ | ૧૩૮૧.૦૦ | ૨૩.૭૯ |
| ૯ | સીંગવડ | ૧૧૬૭ | ૨૫ | ૩૨ | ૨૦૭૭ | ૩૩૦૧ | ૨૬.૨૪ | ૮૩૫.૧૦ | ૨૫ | ૩૨ | ૨૦૭૭ | ૨૯૬૯.૧૦ | ૩૮.૯૧ |


તાલુકાવાર સૌથી વધુ સિંચિત વિસ્તાર ઝાલોદ અને ધાનપુરમાં છે જયારે સૌથી ઓછી સિંચાઈ દેધારાવતા તાલુકા ગરબાડા, સંજેલી, ફતેપુરા અને દાહોદ છે ફતેપુરા અને સંજેલીમાં નહેર દ્વારા સિંચિત વિસ્તાર સૌથી ઓછા છે.




શિક્ષણ :

ભારતની આઝાદીના સમયથી જ સમાજના દરેક નાગરિકને શિક્ષણની તક મળે તે માટે ભારત સરકાર સતત પ્રયત્નશીલ રહી છે ૧૯૫૧માં સાક્ષરતા દર ૧૮.૩૩ ટકાથી લઇ ૨૦૧૧માં ૭૪.૦૪ ટકા સુધી પહોચવામાં ભારતે સારી પ્રગતિ કરી છે આમ છતાં આ ઉપલબ્ધી તુલનાત્મક રીતે પ્રભાવક નથી. સેન અને ડ્રેઝ(૨૦૧૩) તેના પુસ્તક An Uncertain Glory: India and its Contradictions 1 અંતર્ગત દર્શાવે છેકે ભારતના કેટલાક રાજ્ય વિકાસના માપદંડમાં એશિયાના અન્ય દેશોની તુલનામાં કેટલા પાછળ છે ગુજરાતનો સાક્ષરતા દર (૭૮.૦૩) ભારતના સાક્ષરતા દર(૭૪.૦૪) કરતા વધુ છે અને ૩૫ રાજ્યમાં ૧૭મો ક્રમ ધરાવે છે પરંતુ દાહોદ જીલ્લાનો સાક્ષરતા દર(૫૮.૮૨)છે જે રાજ્યના સાક્ષરતા દર અને દેશના સાક્ષરતા દર કરતા ઘણો વધુ પાછળ છે, સમયની સાથે રાજ્યએ કેટલાક અસરકારક પગલા લેવાની આવશ્યકતા છે જેમકે બજેટની ફાળવણી, અને શિક્ષના સ્તરમાં સુધારો કરવા માટેના નીતિગત પરિવર્તનો હાથ ધરવા પડશે. શિખવાની પ્રક્રિયાને અસરકારક બનાવવા માટે શાળાના માળખાને વ્યાપક કરવાની આવશ્યકતા છે. પ્રસ્તુત વિભાગમાં દાહોદમાં શિક્ષણના સ્તર વિષે વિગતે રજૂઆત કરવામાં આવેલ છે

જિલ્લામાં સાક્ષરતા દર (૨૦૧૧)






સાક્ષરતામાં જાતિગત તફાવત :

કુલ સાક્ષરતામાં સમગ્ર ગુજરાતમાં સૌથી ઓછી સાક્ષરતા ધરાવતો જીલ્લો દાહોદ છે. તેમાં પણ જાતિગત સાક્ષરતાનું પ્રમાણ તપાસીએ તો ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં થયેલ પરિવર્તન નીચે દર્શાવવામાં આવેલ છે. માહિતીના આધારે કહી શકાય કે દાહોદમાં સરેરાશ સાક્ષરતાનું પ્રમાણ ૨૦૦૧માં ૪૫.૧૫ હતી જે વધીને ૨૦૧૧માં ૫૮.૮૨ ટકા થયેલ છે પુરુષોમાં સાક્ષરતાનો દર ૨૦૦૧માં ૫૮.૮૮ ટકા થી વધી ૨૦૧૧ માં ૭૦.૦૧ ટકા થયેલ છે, જ્યારે સ્ત્રીઓમાં સાક્ષરતાનો દર ૨૦૦૧માં ૩૧.૨૮ ટકા હતો જે ૨૦૧૧માં વધી ૪૭.૬૫ ટકા થયો છે.

આમ સરેરાશ સ્ત્રી પુરુષ સાક્ષરતા દરનો તફાવત ૨૦૦૧માં ૨૭.૬ હતો જે ઘટીને ૨૦૧૧માં ૨૨.૩૬ થયો છે આ જ બાબત ગ્રામીણ અને શહેરી વિસ્તારના સંદર્ભે તપાસીએ તો ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રી પુરુષ સાક્ષરતા દર તફાવત ૨૮.૭૧ ટકા થી ઘટીને ૨૦૧૧માં ૨૩.૨૧ ટકા થયેલ છે જ્યારે શહેરી વિસ્તારમાં ૨૦૦૧મ આ તફાવત ૧૬.96 થી ઘટી ૧૩.૬૧ ટકા થયેલ છે. સાક્ષરતામાં તફાવત ઘટ્યો છે તેમ છતાં નિરક્ષર સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઉચું છે.

દશક દરમિયાન સાક્ષરતા દરમાં અને જાતિગત સાક્ષરતાનો તફાવત





(સાક્ષરતા દાર ટકાવારીમાં) (સાક્ષરતામાં જાતિગત તફાવત ટકાવારીમાં)

**પ્રવેશદર અને અભ્યાસ અધુરો છોડવાનો દર:**

દાહોદમાં પ્રવેશ દર પ્રાથમિક સ્તર કરતા માધ્યમિક સ્તરે ઘણો ઘટી જાય છે જે નીચેની માહિતી પરથી જાણી શકાય છે. પ્રાથમિક માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ ધોરણ ૬ માં પહોચતા તેનો દર ૫૦ ટકા થઇ જાય છે અને ધોરણ ૧૨ સુધી પહોચતા તે ૩૫ ટકાથી ઓછા થઇ જાય છે એટલે કે માનો કે ૧૦૦ બાળકો ધોરણ ૧ માં પરવેશ મેળવે છે તો ત્યારે માત્ર ૩૫ વિદ્યાર્થીઓ ૧૨ ધોરણ સુધી પહોચે છે. અ બાબત છોકરીઓના સંદર્ભમાં વધુ વિકટ ચિત્ર દર્શાવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક શાળા | | માધ્યમિક શાળા (ધો.૯-૧૦) | | ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો.૯-૧૨) | |
|---|---|---|---|---|---|---|---|
| | | છોકરાઓ | છોકરીઓ | છોકરાઓ | છોકરીઓ | છોકરાઓ | છોકરીઓ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| ૧ | દાહોદ | 50938 | 44446 | 1494 | 1175 | 5557 | 4117 |
| ૨ | ગરબાડા | 17647 | 15829 | 528 | 555 | 2472 | 1693 |
| ૩ | ધાનપુર | 15732 | 14449 | 707 | 667 | 1173 | 1099 |
| ૪ | દે. બારિયા | 22194 | 20857 | 1013 | 959 | 3326 | 2604 |
| ૫ | લીમખેડા | 30585 | 28316 | 918 | 864 | 4405 | 3670 |
| ૬ | ઝાલોદ | 40361 | 37684 | 876 | 955 | 5165 | 4159 |
| ૭ | ફતેપુરા | 21423 | 20435 | 993 | 960 | 1947 | 2269 |
| ૮ | સંજેલી | 8186 | 7493 | 232 | 207 | 1316 | 1158 |
| | કુલ | 207066 | 189509 | 6761 | 6342 | 25361 | 20769 |

[illegible] : જિલ્લા શિક્ષણાધિકારી, દાહોદ




તાલુકા અનુસાર શાળાનું પ્રમાણ:

પ્રાથમિક શાળાનું પ્રમાણ અને શિક્ષકોનું પ્રમાણ નીચે મુજબ જોઈ શકાય પરંતુ તે અનુસાર શિક્ષિતોનું પ્રમાણ અને પ્રગતિનો દાર જોવા મળતો નથી જે ઉપરોક્ત માહિતી પરથી સાબિત થાય છે.

**દાહોદના તાલુકા અનુસાર પ્રાથમિક શાળા અને શિક્ષકનું પ્રમાણ**

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શાળાઓ | | | શિક્ષકો | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| ૧ | દાહોદ | 261 | 28 | 35 | 2194 | 195 | 388 |
| ૨ | ગરબાડા | 132 | 8 | 12 | 851 | 26 | 65 |
| 3 | ધાનપુર | 174 | 12 | 6 | 930 | 43 | 44 |
| ૪ | દે. બારિયા | 220 | 9 | 8 | 1450 | 42 | 64 |
| ૫ | લીમખેડા | 276 | 20 | 14 | 1854 | 86 | 135 |
| ૬ | ઝાલોદ | 262 | 16 | 24 | 2072 | 88 | 203 |
| ૭ | ફતેપુરા | 242 | 11 | 14 | 1375 | 53 | 105 |
| ૮ | સંજેલી | 83 | 4 | 7 | 516 | 21 | 44 |
| | કુલ | 1650 | 108 | 120 | 11242 | 554 | 1048 |

પ્રાપ્તિસ્થાન: જિલ્લા શિક્ષણાધિકારી, દાહોદ

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાનું પ્રમાણ

| ક્રમ | તાલુકાનું નામ | માધ્યમિક શાળા (ધો.૯-૧૦) | | | ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો.૯-૧૨) | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ | ખાનગી |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| ૧ | દાહોદ | 5 | 8 | 12 | 0 | 22 | 9 |
| ૨ | ગરબાડા | 2 | 3 | 3 | 0 | 12 | 2 |
| 3 | ધાનપુર | 6 | 2 | 7 | 1 | 8 | 1 |
| ૪ | દે. બારિયા | 4 | 12 | 7 | 0 | 20 | 11 |
| ૫ | લીમખેડા | 0 | 6 | 11 | 0 | 31 | 10 |
| ૬ | ઝાલોદ | 2 | 8 | 12 | 0 | 31 | 15 |
| ૭ | ફતેપુરા | 5 | 8 | 7 | 1 | 16 | 7 |
| ૮ | સંજેલી | 0 | 3 | 2 | 1 | 5 | 4 |
| કુલ | | 24 | 50 | 61 | 3 | 145 | 59 |

પ્રાપ્તિસ્થાન: જિલ્લા શિક્ષણાધિકારી, દાહોદ

ઉપરોક્ત માહિતી અનુસાર ધીરન ૧ માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ માધ્યમિક સુધી પહોચતા ૫૦ ટકાથી ઓછા થઇ જાય છે તેના અનેક વિધ કારણો સમજી શકાય તે પૈકી મહત્વનું શાળાની સંખ્યા પણ છે કેમકે ગામમાં શાળા ના હોવાથી સ્ત્રી શિક્ષામાં મોટો તફાવત ઉભો થાય છે ઉપરાંત આજીવિકા માટેનાસ્થળાંતરના કારણે બાળકો પણ તે કૌશલ્ય નાની વયથી જ મેળવી લે છે પરિણામે આવક ઉપાર્જન

શરુ થઇ જતા શિક્ષણની જરૂરિયાત જણાતી નથી જે સંગઠિત અને બિન સંગઠિત રોજગારનો તફાવત જ આવશ્યક જણાતો નથી પરિણામે મજુરી જ આજીવિકાનું સાધન તરીકે સ્વીકાર્ય બની જાય છે.

મધ્યાહ્ન ભોજન યોજના :

દાહોદ જીલ્લામાં ૮૯ ટકા શાળામાં મધ્યાહ્ન ભોજન તૈયાર કરવામાં આવે છે ર ટકા શાળામાં મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે પરંતુ શાળામાં તૈયાર થતું નથી ૮ તકની આસપાસ શાળાઓ મધ્યાહ્ન ભોજન આપવામાં આવતું નથી સંજેલી તાલુકામાં ૩૧ ટકા સૌથી વધુ શાળા મધ્યાહ્ન ભોજન પૂરું પડતી નથી જે અંગે પગલા ભરવા આવશ્યક છે.

**સ્વાસ્થ્ય સુવિધા** :સમગ્ર જીલ્લામાં કુલ વસ્તીનો મોટો હિસ્સો આદિવાસી વસ્તી છે તેમજ ગ્રામીણ વિસ્તાર સૌથી વધુ છે તેથી આ વિસ્તારમાં સ્વાસ્થ્ય સંબંધિત સુવિધાઓમાં (પ્રોત્સાહક, પ્રતિકારક, સાજાથવાની) પૂરી પાડવી પડકારજનક કાર્ય છે. તેથી જ ગુજરાતના અન્ય જિલ્લાઓની તુલનામાં ઘણું પાછળ છે તે શિક્ષણ અને સ્વાસ્થ્ય બન્ને બાબતોમાં જોવા મળે છે તે અંગેના માળખા તપાસતા સ્પષ્ટ થાય છે તે અંગે કેટલાક મહત્વપૂર્ણ ઘટકો સ્વાસ્થ્ય સુવિધાઓના માળખા અને વપરાશનો દર, પોષણ, માતા અને બાળકોના સ્વસ્થનો દર વગેરે દ્વારા આ બાબતોને જાણી શકાય. નીચેના કોષ્ટકમાં દાહોદ જીલ્લાના સ્વાસ્થ્ય માળખાને રજુ કરવામાં આવેલ છે.

જીલ્લાની તબીબી સંસ્થાઓની વિગત

| ક્રમ | તાલુકો | હોસ્પીટલ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | આયુર્વેદિક દવાખાના | હોમિયોપેથિક દવાખાના |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | દાહોદ | 1 | 3 | 18 | 113 | 6 | |
| 2 | ગરબાડા | 0 | 2 | 10 | 66 | 2 | |
| 3 | ધાનપુર | 0 | 2 | 9 | 60 | 1 | |
| 4 | દે.બારિયા | 1 | 2 | 11 | 76 | 1 | |
| 5 | લીમખેડા | 0 | 4 | 15 | 99 | 5 | |
| 6 | ઝાલોદ | 0 | 4 | 17 | 117 | 3 | |
| 7 | ફતેપુરા | 0 | 3 | 12 | 79 | 1 | |
| 8 | સંજેલી | 0 | 1 | 5 | 27 | 2 | |
| | કુલ | 2 | 21 | 97 | 637 | 21 | 6 |

ગુજરાતમાં ત્રિ-સ્તરીય જાહેર સ્વાસ્થ્ય સુવિધાનું માળખું છે તેમાં પ્રથમ સ્તરે નર્સ અને અનેકવિધ કાર્ય કરતા પુરુષ કર્મચારી (mpw) દરેક 5000 વસ્તી પર જે ત્રણ થી પાંચ ગામમાં સેવા પૂરી પાડે પેટા આરોગ્ય કેન્દ્ર અપેક્ષિત છે કે પ્રાથમિક સારવાર પૂરી પડે જોકે તેનું મુખ્ય કાર્ય માતા અને બાળકનું સ્વાસ્થ્ય

છે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૬ પેટા વિભાગ અને ત્યાં ૪-૬ પથારી પણ ઉપલબ્ધ હોય તેમાં મેડીકલ ઓફીસર ઇન્ચાર્જ દ્વારા વ્યવસ્થાપન થતું હોય અને 14 સહ-તબીબી સ્ટાફ પણ હોય. અને સામુહિક આરોગ્ય કેન્દ્ર આ ત્રિસ્તરીય માળખાનું ત્રીજું સ્તર છે તેમાં ૩૦ પથારીનું કેન્દ્ર હોય તે ૪ પ્રાથમિક કેન્દ્રની દેખરેખ રાખતું હોય. દાહોદ જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર સમગ્ર જીલ્લામાં માત્ર ૨૧ જ છે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગ્રામીણ વિસ્તારમાં પ્રાથમિક સેવા જ પૂરી પડી શકે તેની સંખ્યા ૯૭ છે જયારે આગળના વિશેષ ઉપચાર માટે સામુહિક ઉપચાર કેન્દ્રમાં જવું પડે પરંતુ પેટા આરોગ્ય કેન્દ્રની સંખ્યા ૬૩૭ છે જયારે જીલ્લા સ્તરની હોસ્પિટલ માત્ર ૧ જ છે.

**ઉપસંહાર** : પ્રસ્તુત પ્રકરણમાં દાહોદ જીલ્લાની આર્થિક સ્થિતિ સમજવા માટે દાહોદમાં તાલુકા અનુસાર વસ્તી અને તેની લાક્ષણીકતાઓને સમજવી આવશ્યક છે સાથે સાથે સંસાધનોની માલિકી અને તેમાં કામકરતી વસ્તીની વ્યવસાયિક વહેચણી તપાસવી જરૂરી છે ઉપરાંત સમગ્ર જીલ્લાના વિકાસના સ્તરને સમજવા માટે તેના કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના વિકાસના સ્તરને તપાસવાની જરૂરિયાત સર્જાય છે તેથી દાહોદના પ્રવર્તમાન વિકાસ સ્તરને તપાસવા પ્રસ્તુત પ્રકરણમાં પહેલા હિસ્સામાં વસ્તી અને તેની લાક્ષણીકતાઓ જેમકે સાક્ષરતા, જાતિ ગુણોત્તર દર, ગ્રામીણ શહેરી વસ્તી, વસ્તી ગીચતા, વગેરે બાબતો રજુ કરવામાં આવેલ છે તે સાથે વ્યવસાયિક માળખા અનુસાર કામ કરતી વસ્તી અને જમીન માલિકી અંગેની ચર્ચા કરવામાં આવેલ છે. દ્વિતીય વિભાગમાં અર્થતંત્રના માળખાને ચર્ચવામાં આવેલ છે જેમાં કૃષિ ક્ષેત્ર, જીલ્લાના મુખ્ય પાકો તેમાં આવેલ પરિવર્તનો વિભિન્ન પાકોનું વૈવિધ્ય અને તેનું કુલ ઉત્પાદનમાં પ્રમાણ ચર્ચવામાં આવેલ છે ઉપરાંત આનુસંગિક ક્ષેત્રોમાં પશુપાલન અને ડેરી ક્ષેત્ર જીલ્લા અને તાલુકા સ્તરે તેમજ, મરઘા-બતકા, મત્સય ઉદ્યોગની જીલ્લાની સ્થિતિ રજુ કરવામાં આવેલ છે. ઉદ્યોગમાં જીલ્લાના મોટા,નાના કુટિર અને ગૃહ ઉદ્યોગો તેમજ ખનન અને સહકારી ક્ષેત્રો અંગેની વિગત ચર્ચવામાં આવેલ છે. સેવાક્ષેત્ર અંતર્ગત આંતરમાળખું અને બેંકિંગ તેમજ શિક્ષણ અને સ્વાસ્થ્ય સંબંધિત બાબતો રજુ કરવામાં આવેલ છે.

# પ્રકરણ -4

# સંસ્થાકીય અને ક્ષેત્રીય સમસ્યાઓ

| | |
|---|---|
| 1 | પ્રસ્તાવના |
| 2 | સંસ્થાકીય માળખાના પ્રશ્નો |
| 2.1 | રાજ્ય |
| 2.2 | બજાર |
| 2.3 | સ્વૈચ્છિક સંગઠન |
| 3 | ક્ષેત્ર અનુસાર પડકારો |
| 4 | સ્થાનિક ક્ષમતા અને ટેકનોલોજી |
| 5 | ઉપસંહાર |


## 1.પ્રસ્તાવના:

પ્રસ્તુત પ્રકરણમાં દાહોદ જીલ્લાના વિવિધ સ્તરોની સમસ્યા સંદર્ભે રજૂઆત કરવામાં આવેલ છે. દાહોદ જીલ્લો પાણીની અછત અને સ્થળાંતર માટે પ્રખ્યાત છે પરંતુ તેના મૂળ ક્યા છે? આજીવિકાના સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓના અનેક પ્રયત્નો છતાં આજે પણ દાહોદના વિભિન્ન ક્ષેત્રોમાં દબાણપૂર્વક થતું સ્થળાંતર લોકોના જીવનનો એક ભાગ બની રહ્યું છે સ્થાનિક રોજગાર સર્જનના પ્રયત્નોમાં આવરોધરૂપ પરિબળો ક્યાં છે અને વિકાસની શક્યતા ધરાવતા ક્ષેત્રો ક્યાં છે તે તપાસવું અનિવાર્ય છે તેથી અહી દાહોદ જીલ્લાની માળખાકીય સમસ્યાઓ, ક્ષેત્રીય સમસ્યાઓ, માનવ મૂડીની સમસ્યાઓ, અને અંતમાં લોકોના વિકાસની આકાંક્ષાઓ શું છે? વિકાસની શક્યતા ધરાવતા ક્ષેત્રો ક્યાં છે તેના માટે ક્ષમતા માપન હાથ ધરવામાં આવેલ છે.

## 2.સંસ્થાકીય માળખાના પ્રશ્નો:

આર્થિક વિકાસમાં સંસ્થાકીય માળખા સૌથી વધુ મહત્વની ભૂમિકા ધરાવે છે. આદિવાસી વિસ્તારોમાં આ ભૂમિકા વિશેષ મહત્વપૂર્ણ છે કેમકે આદિવાસી સમુદાય આજે પણ આજીવિકા માટે મોટાભાગે કુદરતી સંસાધનો પર આધારિત જીવનયાપન કરે છે.ત્યારે વિકાસની દિશામાં આગળ ધપવા માટે કુદરતી

સંસાધનોના પ્રમાણ, વપરાશ, માલિકી સંદર્ભે સંસ્થાકીય માળખા મહત્વના બની રહે છે. આર્થિક વિકાસની મુખ્ય ત્રણ સંસ્થાઓ છે રાજ્ય, બજાર, અને સિવિલ સોસાયટી આ સંસ્થાઓમાં દાહોદ જીલ્લામાં કઈ સમસ્યાઓ જણાય છે તેની રજૂઆત નીચે મુજબ છે.




## 2.1 રાજ્ય:

આર્થિક વિકાસની સંસ્થા તરીકે રાજ્ય દાહોદમાં બે રીતે કાર્યરત છે એક કાયદો,વ્યવસ્થા, અને આવશ્યક સેવાઓ પૂરી પડવાનું કાર્ય. આદિવાસીઓના વિકાસમાં રાજ્ય વિભિન્ન પ્રયાસો કરી રહ્યું છે, જે નોંધપાત્ર પરિવર્તન પણ લાવી શક્યા છે. જે પ્રાથમિક જરૂરિયાતોથી શરુ કરી રોટી, કપડા, મકાન, સ્વાસ્થ્ય, શિક્ષા, આજીવિકા જેવા ક્ષેત્રોને આવરીલે છે જેમાં આદિવાસીઓના સારા જીવનને વધુ સારું કરવાના માર્ગમાં પંચશીલના સિદ્ધાંતોનું પાલન કરી આગળ ધપી રહ્યું છે. તેમ છતાં આદિવાસી સમાજ સમાજના અન્ય સમુદાયોની તુલનામાં વિભિન્ન સ્તરે દુર જણાય છે જે આગળના પ્રકરણમાં વિવિધ માહિતી અને આંકડા દ્વારા જાણી શકાય.

રાજ્યની ભૂમિકા લોકોમાં ક્ષમતાઓનું સર્જન કરી તેમને સક્ષમ બનાવવાની બની રહે છે પરંતુ જયારે વિકાસનું કાર્ય હાથ ધરાય ત્યારે માઈકલ પી ટોડારોના મતે તેમાં કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે જેમકે

૧.વિકાસ કાર્યક્રમના અમલથી આર્થીક અને સામાજિક અસમાનતા વધુ તીવ્ર બનવી જોઈએ નહી.

૨.વિકાસના કાર્યક્રમમાં આત્મનિર્ભરતા પર ભાર મુકવામાં આવે છે તે કાર્યક્રમોને ટકાવી રાખવા માટે કાયમી ધોરણે બહારની નાણાંકીય સહાય આપી શકાય નહી.

૩.જે વ્યક્તિઓ વિકાસના લાભાર્થી છે તેમની કાર્યક્રમના આયોજન અને અમલમાં સક્રિય ભાગીદારી હોવી જોઈએ.

કેમકે વિકાસનો મૂળ ઉદ્દેશ આર્થિક સ્થિતિ અને સામાજિક દરજ્જાને ઉચો લાવવાનો છે. જીલ્લાના વિકાસમાં રાજકીય માળખું ઉપરોક્ત શરતોને આધીન વિચાર કરીએ તો જણાય છે કે દાહોદ જીલ્લામાં શહેરી વસ્તીનું પ્રમાણ માત્ર ૯ ટકા છે ૯૧ ટકા વસ્તી ગ્રામીણ વસ્તી છે ત્યારે પંચાયત માળખું વિશેષ મહત્વનું છે.

સ્વસંચાલનની દિશામાં ૭૩માં બંધારણીય સુધારા અંતર્ગત પંચમી અનુસૂચિમાં આવતા વિસ્તારને આવરી શકાય નહી તેથી આ વ્યવસ્થામાં થોડા સુધારા વધારા સાથે ૧૯૯૬માં PESA એક્ટ ઘડવામાં આવ્યો તેમાં સંસાધન, ગૌણ વનપેદાશ, નાણા જળસ્રોતો, ગૌણ ખનીજો, યોજનાઓમાં લાભાર્થીઓની પસંદગી, પ્રોજેક્ટની મંજુરી, સ્થાનિક સંસ્થાઓના નિયંત્રણ અંગેના હક્કો ગ્રામસભાને આપવાનું નિર્ધારિત કરેલ છે. અંગ્રેજોના શાસનકાળ અને સ્વતંત્રતા બાદ પણ જંગલ, જમીન અને અન્ય સામુદાયિક સંસાધનને વાપરવાના તેના હક્ક પર મુકાયેલા નિયંત્રણના કારણે આદિવાસીઓની સ્થિતિ વિશેષ ખરાબ થઇ જવા પામી તેને ઉકેલવામાં PESA એક્ટ એક ઉત્તમ માર્ગ છે.

**પેસા એક્ટના અમલીકરણના પ્રશ્નો:**

ગ્રામીણ સ્તરે વિકેન્દ્રિત સ્વસંચાલિત વ્યવસ્થાના માળખા તરીકે પંચાયતીરાજનું માળખું છે પરતું વર્તમાન સ્થિતમાં ગામના નાગરિકો પોતાના આ હક્કથી માહિતગાર નથી અને તેના કારણે આ કાયદાની રચનાનો ખરો હેતુ સિદ્ધ થતો નથી. દા.ત આજે ગ્રામસભાની મંજુરી જરૂરી હોય તેવા કાર્યો માટે રાશન માટે આવનાર લોકો પાસે સહી કરવી કામને આગળ ધપાવવામાં આવે છે સહી કરનાર વ્યક્તિ શેનામાટે સહી કરી રહ્યો છે તે જાણતો નથી. પંચાયતમાં ગ્રામસભા સર્વોપરી છે તેમની મંજુરી વિના સામુદાયિક સંસાધન જેવી બાબતોના નિર્ણય થઇ શકે નહી પરંતુ ગામજનોમાં તે સંબંધે કોઈ માહિતી નથી તેમજ તેના દ્વારા શું થઇ શકે તે અંગે પણ કોઈ માહિતી નથી આ અંગે અમેં દાહોદના વિવિધ તાલુકાઓમાં જુદા જુદા ગામની મુલાકાત લેતા ધાનપુરના કાકડખીલ્લા ગામની મુલાકાત લીધી હતી તેનો દાખલો લઇ શકાય જેમકે આ ગામ દાહોદ જીલ્લાનું સૌથી અનોખું ગામ છે નાબાર્ડ, ગુજરાત સરકાર અને વિવિધ એનજીઓ આ ગામમાં સક્રિય છે આ એક માત્ર ગામ એવું છે જેઓએ ખેતી સંબંધિત, ઉત્પાદન સંબંધિત અને વેચાણ સંબંધિત

વિવિધ યોજનાઓનો લાભ એક સાથે લઇ શક્યું છે જોકે આ ગામ સરહદનું ગામ છે અહી થી મધ્ય પ્રદેશ શરુ થઇ જાય છે તેથી સરહદના ગામોની યોજના પણ અહી અમલમાં છે ત્યાની મુલાકાત લેતા જણાયું કે સૌને એકત્રિત કરી રાખનાર એક વ્યક્તિ છે જે આ સમગ્ર બાબતોનું સંચાલન કરી રહ્યા હતા. આ ગામથી માત્ર ૧૦ કી.મી.ના અંતરે આવેલ ગરબાડાના ગામમાં આ પૈકી કોઈ યોજનાની ન તો માહિતી હતી કે ન કેવી રીતે યોજનામાં ભાગીદાર થઇ શકાય તેની સમજણ આમ ગામની અંદર એકજુથ થઇ જે કાર્ય કરી શકાય તે અંગેની સમજણ અને તૈયારી બન્નેનો અભાવ જણાય છે જ્યાં સુધી આ અંગે જાગૃતિ ન આવે ત્યાં સુધી કાયદાકીય માળખા ઉપયોગી રહેતા નથી

**જંગલ** :દાહોદ વિશાળ જંગલ કવર ધરાવે છે જે ૮૮૩.૭૪ ચો.કી.મી અથવા જીલ્લાનો ૨૪.૨૭ ટકા વિસ્તાર જંગલ આચ્છાદિત છે પરંતુ ૯૮.૫૨ ટકા જંગલ આરક્ષિત જંગલ છે રાજ્યના કુલ જંગલના ૪.૬૨ ટકા જંગલ દાહોદ જીલ્લામાં છે જે ઉચું વ્યવસાયિક મૂલ્ય ધરાવતા વૃક્ષોથી આચ્છાદિત છે જેમકે સીસમ, ટીમરુ, મહુડા, સાગ, વાસ, ઘાસ વગેરે. ૨૦૦૬ ના વન અધિકાર કાયદા અનુસાર ગામ અને કુટુંબ જે જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે તે વન્ય પેદાશોને એકત્રિત કરવાનો, વ્યવસ્થાપન કરવાનો, પુનઃ સર્જન કરવાનો અને ગૌણ વન્ય પેદાશોને વેચવાનો અધિકાર ધરાવે છે. અને તેના માટે સામુદાયિક વન અધિકાર મેળવી શકાય પરંતુ તે સંદર્ભે દાહોદ ઘણું નબળું છે.

સ્ત્રી જમીન અધિકાર નેટવર્ક દ્વારા ડિસેમ્બર ૨૦૨૦માં એક અભ્યાસ હાથ ધરેલ વર્કિંગ ગ્રુપ ઓફ વુમન ફોર લેન્ડ ઓનરશીપ(WGWLO) ના અહેવાલ અનુસાર દાહોદમાં સામુદાયિક વન અધિકાર નોધપાત્ર રીતે નીચા છે તેનું પ્રમાણ ૨૦ ટકા કરતા પણ ઓછું છે

| ક્રમ | જિલ્લો | ગામની સંખ્યા | IFR દાવાની સંખ્યા | IFR મંજુરદાવાનું પ્રમાણ | IFR મંજૂરીનો દર | CFR દાવાનું પ્રમાણ | CFR મંજુર દાવા | CFR મંજૂરીનો દર |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | બનાસકાઠા | 188 | 9488 | 6584 | 69% | 784 | 784 | 100% |
| 2 | સાબરકાઠા | 409 | 19625 | 6679 | 34% | 953 | 153 | 16% |
| 3 | પંચમહાલ | 568 | 23666 | 4771 | 20% | 639 | 227 | 36% |
| 4 | દાહોદ | 426 | 20150 | 5185 | 26% | 651 | 89 | 14% |
| 5 | વડોદરા | 337 | 17557 | 6545 | 37% | 377 | 103 | 27% |
| 6 | નર્મદા | 250 | 17783 | 7363 | 41% | 273 | 190 | 70% |
| 7 | ભરૂચ | 3 | 4076 | 2034 | 50% | 141 | 131 | 93% |
| 8 | સુરત | 133 | 7747 | 4070 | 53% | 1275 | 833 | 65% |
| 9 | તાપી | 83 | 11947 | 5286 | 44% | 506 | 506 | 100% |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 10 | ડાંગ | 209 | 7341 | 2584 | 35% | 626 | 626 | 100% |
| 11 | નવસારી | 267 | 9322 | 3447 | 37% | 700 | 700 | 100% |
| 12 | વલસાડ | 246 | 34167 | 25992 | 76% | 257 | 257 | 100% |

અભ્યાસ દર્શાવે છે કે સામુદાયિક અધિકારની આંતરમાળખા માટેની પાંચ રજૂઆત તુરંત પ્રક્રિયા કરી પાસ થઇ પરંતુ જંગલ સંદર્ભે તેવું નથી. અભ્યાસ એ પણ દર્શાવે છેકે દાહોદમાં સ્ત્રી સહકારી મંડળીઓ સક્રિય છે પરંતુ ગ્રામસભામાં સ્ત્રીઓની ભાગીદારી નથી અને વન અધિકાર સમિતિમાં (FRC)માં તેના બદલે અન્ય ભાગીદારો હોય છે. આ સમિતિની રચના ગ્રામસભામાં થાય છે જે ગામમાં સામુદાયિક વન અધિકારની જરૂરિયાતનું વિશ્લેષણ કરે છે અને તે અંગેના દસ્તાવેજ એકત્રિત કરે છે ત્યાર બાદ તેને દાવા માટે તૈયાર આગળની પ્રક્રિયા માટે મોકલી આપે છે. તેથી જંગલના ઉપયોગ સંદર્ભે સ્ત્રીઓની રજૂઆતને કોઈ અવકાશ રહેતો નથી અને તે જરૂરિયાતોની માહિતી જંગલવિભાગ સુધી પણ પહોચતી નથી. દાહોદ જીલ્લામાં આ બાબત ખુબ મહત્વપૂર્ણ છે કેમકે ત્યાંથી રોજગાર માટે પુરુષોનું સ્થળાંતર ખુબ વધારે છે અને તેઓની સ્ત્રીઓ અહી ન્યુનતમ ખેતી અને જંગલની ગૌણ પેદાશો એકત્રિત કરી કુટુંબનું ભારણ પોષણ કરે છે જો અરજી પાસ થાય તો ગામને જંગલ સંસાધન વાપરવાનો અને સાચવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જે ગામને સામુદાયિક વન અધિકાર પ્રાપ્ત થાય છે તે ગામ એકત્રિત થઇ ગૌણ વન પેદાશોને ગુજરાત ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GFDC)ને વેચે છે અથવા ખાનગી પેઢીને અથવા ખુલ્લા બજારમાં વેચી શકે છે, પરંતુ જે વિસ્તારમાં આવો અધિકાર મળતો નથી ત્યાં વૈયક્તિક સ્તરે ગૌણ વન્ય પેદાશો એકત્રિત કરી તે સીધા કોન્ટ્રાકટર અથવા છૂટક વ્યાપારીને વેચી બદલામાં અત્યંત નીચી કિંમત અથવા અનાજ મેળવે છે. મોટાભાગના કિસ્સામાં ગૌણ વન્ય પેદાશો એકત્રિકરણનું કામ સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. ૨૦૨૧ના નેશનલ અસોસીએશન ફોર ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગનાઇઝેસન નોંધે છે કે સ્ત્રીઓ ખેતી અને આનુસંગિક ક્ષેત્રોમાં ખુબ મહત્વની ભૂમિકા ભજવતી હોવા છતાં મોટા પ્રમાણમાં બાહ્ય ભાગીદારી જોવા મળતી નથી. તે પુરુષોની તુલનામાં માહિતી, સંસાધન, જમીન, વિસ્તરણ સેવાઓ, ધિરાણ, ટેકનોલોજી અને સ્થાનિક સંસ્થાઓના ઉપયોગ અને માહિતીથી વંચિત જોવા મળે છે. અને આ અવરોધોના કારણે સમગ્ર અર્થતંત્ર શ્રમદળ ભાગીદારી અને ઉત્પાદકતાથી વંચિત રહે છે. તેમ છતાં આ ક્ષેત્રની આવક વધતા અને નવા ઉત્પાદન એકમો આમેજ થતા સ્ત્રીની ભાગીદારી વધુ ઘટી છે. સ્ત્રીઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે FPO એક શ્રેષ્ઠ માધ્યમ છે જે સંસાધન અને સેવાઓના ઉપયોગ દ્વારા સતત આવક સર્જી શકે.

આર્થિક :

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાહેબના મતે ભારતને સાચા અર્થમાં સક્ષમ બનાવવા માટે ગ્રામીણ ક્ષેત્રોમાંથી શહેરોમાં સ્થળાંતરિત કરવાના બદલે ગ્રામીણ વિસ્તારોમાં શહેરી વ્યવસ્થાઓ ઉભી કરવી ભારત માટે વધુ યોગ્ય છે તેના આધારે પુરા મોડેલ વિક્સવવાની હિમાયત કરેલ તે અનુસાર દાહોદ જિલ્લાને તપાસીએ તો માળખાકીય રચનામાં દાહોદ જીલ્લો ગુજરાતની તુલનામાં ક્યાં છે તે નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

**વિજળી** : સમગ્ર ગુજરાતમાં વીજળીની સુવિધા ઉપલબ્ધ છે વીજળીના જોડાણ રહિત કોઈ ગામ રહ્યું નથી. પરંતુ દાહોદમાં તાલુકા અનુસાર વિજળીનો વપરાશ ક્ષેત્ર આધારે તપાસતા જણાય છે કે ધાનપુરમાં જાહેર દીવાબત્તી છે જ નહી ઉપરાંત વિવિધ ક્ષેત્ર આધારે પણ ધાનપુરનો વિજળીનો વપરાશ અત્યંત અલ્પ છે જયારે તેના ગામોની સંખ્યા ૯૦ છે પરંતુ સમગ્ર તાલુકાનો વીજ વપરાશ ન્યુનત્તમ છે. કૃષિ ક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે પણ જીલ્લાનો વિજળીનો વપરાશ અલ્પ છે તાલુકાઓ પૈકી ધાનપુર, ગરબાડા, લીમખેડા, અને ફતેપુરાનો વીજ વપરાશ ઓછો છે વીજળીનું જોડાણ ચોક્કસ છે પરંતુ ૨૪ કલાક સમાન પુરવઠો ઉપલબ્ધ નથી તે સમસ્યા કૃષિ અને ઔદ્યોગિક બન્ને ક્ષેત્રોમાં વિકાસના અવરોધ રૂપ છે.

**સિંચાઈ** :કુલ વાવેતર વિસ્તાર સામે સિંચિત વિસ્તારનું પ્રમાણ ૨૦૦૯-૧૦માં ૧૮.૪૮ ટકા હતું જે ૨૦૧૯-૨૦માં વધીને ૨૧.૮૨ ટકા થયું છે. આમ આજે જયારે કુલ વસ્તીના ૭૯ ટકા લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી કે ખેતમજુરી હોય ત્યારે તે જીલ્લામાં વરસાદ આધારિત ખેતીનું પ્રમાણ ૮૦ ટકા છે ત્યાં આ ક્ષેત્ર આજીવિકાનો પર્યાપ્ત આધાર કેવી રીતે બની શકે? જીલ્લાની આજીવિકામાં મૂળ સમસ્યા પાણી છે જે વિસ્તારમાં પિયતની સુવિધા શક્ય બની ત્યાં દબાણ પૂર્વકનું સ્થળાંતરનું પ્રમાણ ઘટ્યું છે. જે અન્ય વિસ્તારો માટે પણ શક્ય બનાવી શકાય.

**વાહનવ્યવહાર અને રસ્તા :** જિલ્લાને બે રાજ્ય મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની સરહદ સ્પર્શે છે તેમ છતાં રેલ્વે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગની સુવિધા જીલ્લામાં અત્યંત અલ્પ છે રાષ્ટ્રીય ધોરીમાર્ગથી બે જ તાલુકા જોડાયેલા છે દાહોદ અને ગરબાડા. રાષ્ટ્રીય ધોરીમાર્ગનું પ્રમાણ પણ દે.બારિયા સિવાયના તાલુકાઓમાં ખુબ ઓછું છે.

વાહનવ્યવહાર સંદર્ભે બસ સેવા ન મેળવતા ગામની સંખ્યા ૮ છે પરંતુ વસ્તુઓ અને સેવાઓના પરિવહન માટે વાહનવ્યવહાર અત્યંત અલ્પ છે જીલ્લાના અંતરિયાળ તાલુકાઓથી પણ વડોદરા શહેર સુધીનો વાહનવ્યવહાર પણ અલ્પ છે પરિણામે ઉત્પાદિત વસ્તુઓને શહેરી બજાર સુધી પહોચાડવું સૌથી મોટો પ્રશ્ન છે.

**સંદેશાવ્યવહાર :** સંદેશાવ્યવહારમાં મોબાઈલ ક્રાંતિએ સંપર્કની સાથે બજાર જોડવામાં ઈ-કોમર્સ વિકસાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે. પરંતુ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આ બજાર સફળતાથી પ્રવેશી શક્યું પંરતુ પોતાના ઉત્પાદનને તે બજારથી જોડી શક્યું નથી તેનું મૂળ કારણ પોતાના ઉત્પાદનને આ બજારમાં કેવી રીતે મુકવું તે અંગેની માહિતીનો અભાવ છે અને જે લોકો તેવીશે જાણકારી ધરાવે છે તે વિસ્તારોમાં હજુ નેટવર્કની સુવિધા ઉભી કરી શક્યા નથી, જ્યાં નેટવર્કના ટાવર નાખી શક્ય છે ત્યાં ફોન પણ થઇ શકતા નથી આવી સંપર્કની સુવિધાઓ વિકસાવ્યા સિવાય આ વિસ્તારોને જોડી શકાશે નહી.

સંદેશાવ્યવ્હારમાં પોસ્ટની સુવિધા અંગે પણ સમસ્યાઓ છે ૬૯૩ ગામોમાં તાલુકા સ્તરે એક જ પોસ્ટ ઓફીસ છે પરિણામે જે સંદેશા વ્યવહારથી સંપર્ક અને માહિતી છે તે પણ સમયસર ઉપલબ્ધ થવામાં મુશ્કેલી ઉભી થાય છે.અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્કના અભાવે આ પ્રકારની માહિતીને જાની પણ શકાતી નથી.

**શિક્ષણ :**૨૦૧૧માં દાહોદ સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં સૌથી ઓછી સાક્ષરતા ધરાવતો _જીલ્લો હતો અહી ૫૦ ટકાથી વધુ સ્ત્રીઓ નિરક્ષર છે તેના કારણે સ્ત્રીઓમાં સાક્ષરતા વધારવી વધુ પડકાર જનક બની રહ્યું છે. તાલુકા સ્તરે જોઇએતો ધાનપુર સૌથી પાછળ છે. દાહોદ અને ધાનપુર બન્ને તાલુકામાં વિશેષ કાળજીની જરૂરિયાત છે કેમકે ત્યાં ૫માં ધોરણ થીજ અભ્યાસ અધુરો છોડવાનો દર ૫૦ ટકા છે આ અંગે સઘન પગલા લેવાની જરૂર છે. પ્રાથમિક શાળામાંજ ૫માં ધોરણ સુધી પહોચતા દરેક ધોરણમાંથી સરેરાશ ૨૫ ટકા બાળકો અભ્યાસ છોદી દે છે. આમ એક બહોળો વર્ગ પ્રાથમિક શિક્ષણથીજ વંચિત રહી જાય છે જે એવી યુવાશક્તિનું સર્જન કરે છે જે પ્રાથમિક શિક્ષણ પણ ધરાવતી નથી અને બજારમાં બિનકુશળ શ્રમિક તરીકે કાર્યરત થાય છે. આમ દાહોદમાં શૈક્ષણિક ક્ષેત્રે અધૂરા અભ્યાસ છોડતા બાળકોને અટકાવવા અંગે સઘન પગલા લેવાની આવશ્યકતા છે.

**સ્વાસ્થ્ય :** ભારતના જાહેર સ્વાસ્થ્ય ધોરણ માર્ગદર્શિકા અનુસાર આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારમાં ૮૦.૦૦૦ વસ્તીએ અને મેદાની વિસ્તારમાં ૧૨૦૦૦૦ વસ્તીએ ૧ CHC હોવું જોઈએ જે દાહોદમાં ૧૮૦૦૦૦ વસ્તીએ ૧ CHC ફતેપુરા અને ગરબાડા સૌથી ખરાબ સ્થિતિ ધરાવે છે. આંગણવાડીની સંખ્યા ૭૧૯ લોકો વચ્ચે ૧ છે phc માં ખાલી પડેલી જગ્યાઓ પર્યાપ્ત માત્રામાં ભરવામાં આવેલ નથી. નવજાત શિશુ કાળજી માટે જીલ્લા સ્તરે ૬ જ કેન્દ્ર છે પ્રસુતિ નિષ્ણાંત, એનેસ્થેસીઆનિષ્ટ, બ્લડબેંક સુવિધા માત્ર ૧ જ છે. CHCમાં નાના બાળકોના નિષ્ણાંત (પેડિયાટ્રેશ્યન) ઉપલબ્ધ જ નથી. જે દર્શાવે છે કે જીલ્લા સ્તરે સ્વાસ્થ્ય સુવિધાઓ અત્યંત અલ્પ છે દેવગઢબારિયા અને લીમખેડાની સ્થિતિ પણ સ્વાસ્થ્ય સેવાઓમાં અત્યંત નબળી છે ત્યાં નવજાત શિશુ અને માતા મૃત્યુદર ઘણો ઉચો જોવા મળે છે જે કુપોષણ અને નબળી સ્વાસ્થ્ય સુવિધાનું પરિણામ છે.

## 2.2 બજાર:

કેઈન્સના મતે "જો આવકની વહેચણી સ્વીકાર્ય હોય તો બજાર સૌથી કાર્યક્ષમ વ્યવસ્થા છે" બજાર વસ્તુ બજાર અને સાધન બજારને કાર્યક્ષમ દિશામાં આગળ વધારવાનું કાર્ય કરે છે. તે શું ઉત્પાદન કરવું કઈ રીતે કરવું તેની વહેચણી કઈ રીતે કરવી તે અંગે સચોટ માર્ગદર્શન આપે છે પરંતુ તે કેટલીક શરતોને આધીન આ કાર્ય કરે છે પરિણામે દરેક અર્થવ્યવસ્થામાં તે શરતોનું પાલન થતું હોવું જરૂરી છે જેમકે આવકની વહેચણી સમાન હોય, ઉત્પાદકો અને ગ્રાહકો તાર્કિક વર્તન કરે છે, તમામ લોકો દરેક બાબતોની માહિતી ધરાવે છે દાહોદના સંદર્ભમાં આ શરતો પરિપૂર્ણ થતી જોવા મળતી નથી તેથી બજારની કામગીરી સમતા અને સમાનતા પૂર્ણ વિકાસ કરી સર્જી શકી નથી.

**વસ્તુઓ અને સેવાઓ સંદર્ભે માંગ અને પુરવઠાની સમસ્યા :**

દાહોદ જીલ્લામાં બજારનું માળખું આ રીતે સફળ દેખાતું નથી સ્થાનિક આવકમાં વધારા સાથે વપરાશી વસ્તુઓ અને ટકાઉ વપરાશી વસ્તુઓની માંગ અનુસાર પુરવઠો ઉપલબ્ધ થતો જોવા મળતો નથી ખોરાક સંદર્ભે પણ આ સ્થિતી છે દા.ત મરઘા પાલન પરમ્પરાગત રીતે કરવામાં આવતું હોવા છતાં તેને વ્યવસાયિક ધોરણે વિકસાવી શકાયું નથી સ્થાનિક હાટમાં તે મધ્યપ્રદેશ અને પંચમહાલમાંથી આવે છે. એજ રીતે ઉત્પાદન ક્ષેત્રે સ્થાનિક માંગ અનુસાર ઉત્પાદન શરુ થયું જ નથી. સમગ્ર જીલ્લામાં નોંધાયેલ કુલ ઔદ્યોગિક એકમો માત્ર ૭૮ છે, તેમાં પણ વપરાશી વસ્તુના અલ્પ છે જેમકે કાપડ અને તૈયાર કપડાના ૩ એકમો જ છે. ખાદ્ય પેદાશોના એકમોની સંખ્યા ૫૦ છે તેમાં બંધ એકમો ૧૦ છે. પુરવઠા બાજુની સમસ્યા વધુ છે ઉત્પાદનના સાધનો સંદર્ભે

જમીન : જમીન ઉપલબ્ધ છે પરંતુ પાણીની અછતના કારણે તમામ વિસ્તારોમાં ઉત્પાદન એકમો શરુ કરવા શક્ય નથી જે વિસ્તારમાં પાણી છે તે વિસ્તારો વસ્તી ગીચતા વધુ છે તેથી જમીનની કિંમતો ઉચી છે અને તેના કારણે નવા નાનાપાયાના ઉદ્યોગ શરુ કરવાનું ખર્ચ વધી જાય છે.

મૂડી : કાર્યકારી મૂડીની અછત વર્તાય છે વિભિન્ન યોજનાઓ અંતર્ગત લોનની સુવિધા છે પરંતુ જરૂરિયાતની તુલનામાં તેનું પ્રમાણ ઘણું ઓછું છે તેથી તે પર્યાપ્ત નથી ઉપરાંત અહી સામાજિક રીતરીવાજોના કારણે રોકડ નાણાની માંગ વધુ રહે છે તેથી તે લાંબાગાળાના રોકાણ અને ઉત્પાદકીય ક્ષેત્રોમાં રોકી શકતા નથી. દા.ત ચાંદલા પ્રથા આ એક એવી સામાજિક રીતી છે તેમાં વ્યક્તિને નાણાની જરૂરિયાત જણાય ત્યારે ચાંદલો કરી શકે તેમાં લોકોને ભોજનનું આમંત્રણ આપવામાં આવે ભોજન બાદ દરેક આવનાર ચાંદલો લખાવે છે તે વ્યક્તિએ કરેલ ચાંદલા કરતા થોડી વધુ માત્રામાં હોવો જોઈએ આ રિવાજના કારણે વ્યક્તિને વયક્તિગત સ્તરે કોઈ ખર્ચ ન હોવા છતાં અન્ય કોઈને ત્યાં કોઈ સામાજિક પ્રસગ હોય તો પણ રોકડ

નાણું હાથ પર રાખવું જરૂરી છે આમ આવા રિવાજના કારણે ઉત્પાદકીય ક્ષેત્રોમાં લાંબાગાળાના મૂડીરોકાણની અછત સર્જાય છે.

શ્રમ :૨૦૧૧ સેન્સસ અનુસાર દાહોદ ગુજરાતમાં સૌથી ઓછી સાક્ષરતા ધરાવતો જીલ્લો હોવાથી ઔદ્યોગિક ઉત્પાદક ક્ષેત્રો માટે આવશ્યક કુશળતા ધરાવતા શ્રમની અછત રહે છે ઉપરાંત પિયતના અભાવે નિયમિત રૂપે સ્થળાંતર કરતા કુટુંબોના બાળકોમાં પણ સાક્ષરતાનું પ્રમાણ પ્રાથમિક શિક્ષણથી વધારે વધારી શકાતું નથી તેથી કેળવાયેલા શ્રમિકોની જીલ્લામાં સતત અછત જોવા મળે છે.

નિયોજક : દાહોદમાં આદિવાસીઓનું ઉચું પ્રમાણ ધરાવતો જીલ્લો હોવાથી આદિવાસીઓના કેટલાક લક્ષણો પૈકી સારમાળ પ્રકૃતિના કારણે તેઓમાં નિયોજ્કીય ક્ષમતાઓ છુપી પડેલી છે તેને બહાર લાવવા વિશેષ પ્રયત્નોની જરૂર રહે છે.

**ટેકનોલોજી :**

માંગબાજુ : માંગનો આધાર આવક અને આવકનો મોટો આધાર સંપત્તિ, આવક સર્જનની ક્ષમતા પર છે પરંતુ દાહોદમાં સંસાધનોની અછતના કારણે રાજ્યના અન્ય વિસ્તારોના જીવન ધોરણના સ્તરની તુલનામાં દાહોદમાં જીવન ધોરણનો સ્તર પ્રમાણમાં એટલો સુધારી શકાયો નથી પરિણામે જીવનનિર્વાહની વસ્તુઓ પૈકી અનાજમાં મોટાભાગે નિર્વાહની ખેતીમાંથી મેળવવાનો પ્રયત્ન હોય છે જ્યાં જમીન અલ્પ છે તેઓ જંગલની ગૌણ વન્ય પેદાશના બદલામાં અનાજ પ્રાપ્ત કરે છે. અન્ય વપરાશી વસ્તુઓનું પ્રમાણ પણ અલ્પ જોવા મળે છે. મોટાભાગની વસ્તીની આવકનો સ્તર ન્યુનત્તમ હોવાથી ટકાઉ વપરાશી વસ્તુઓ અને ભૌતિક સુખસુવિધાઓની વસ્તુઓની માંગ પણ અલ્પ જોવા મળે છે, તેથી કૃષિ અને અન્ય ઉત્પાદક ક્ષેત્રોમાં ટેકનોલોજીના વપરાશ અને સ્વીકૃતિમાં અવરોધ જણાય છે જોકે નવી પેઢી મોબાઈલ ક્રાંતિના પરિણામે ટેકનોલોજીથી અવગત થવાનું શરુ થયું છે પરંતુ તેને ઉત્પાદન અને બજારના ક્ષેત્રોમાં વ્યાપક પ્રમાણમાં કેવી રીતે પ્રયોજવા તે એક અઘરો પડકાર છે તેમાં સરકારી નીતિથી શરૂ કરી સ્વૈચ્છિક સંગઠનો અને શૈક્ષણિક સંસ્થાઓનો સહકાર આવશ્યક છે.

**બજારની સમસ્યા :** આદિવાસી વિસ્તારનો મૂળ પ્રશ્ન વેચાણ માટેના બજારનો છે ઉત્પાદન સંદર્ભે વિવિધ પ્રયત્નો દ્વારા ટેકનોલોજી દ્વારા પણ ઉત્પાદન વધારી શકાય છે પરંતુ ઉત્પાદિત વસ્તુઓને બજાર પૂરું પાડવામાં વિવિધ સમસ્યાઓ રહેલી છે દા.ત ગરબાડાની બહેનો દ્વારા મિશન મંગલમ યોજના અંતરગત ચપ્પલ, શર્ટ, સેનેટરી નેપકીન, કોરોનાના સમય દરમિયાન સેનિટાઇઝર જેવી વસ્તુઓ બનાવવામાં આવેલ પરંતુ ઉત્પાદિત વસ્તુઓ વેચવા જુદા જુદા ગામના હાટમાં કોણ જાય તે સમસ્યાના કારણે આ વસ્તુઓ નફો સર્જી શકી નહી આ બહેનો ઘરે રહી ખેતી કરતા બાળકો સંભાળતા શેષ બચતા સમયમાં આ પ્રવૃત્તિઓ

કરે છે પરંતુ વેચાણ માટે જુદા જુદા હાટમાં ફરવું તેના માટે શક્ય નથી પરિણામે સ્થાનિક સ્તરે ઉત્પાદન વેચતા પડતર કિંમતથી વધુ આવક મેળવી શકતા નથી. આમ વેચાણ વ્યવસ્થા` માટેની અપૂરતી વ્યવસ્થાના કારણે આજીવિકાનું આ ક્ષેત્ર આવક સર્જી શકતું નથી.

**ટેકનોલોજી :** ઉત્પાદનમાં કાર્યક્ષમતા લાવવા ખર્ચ ઘટાડવા ટેકનોલોજીનો ઉપયોગ મહત્વનો બની રહે છે પરંતુ ટેકનોલોજીકલ પદ્ધતિઓનો વ્યવહારમાં અમલકરવા માટે ટેકનોલોજીકલ જ્ઞાન ધરાવતા સાહસિકો અને શ્રમિકોની આવશ્યકતા રહે છે પરંતુ દાહોદમાં શૈક્ષણિક ક્ષેત્રની મર્યાદાના કારણે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરતા લોકોની સંખ્યા જ માર્યાદિત છે તેથી ૧૦ ધોરણ બાદ થતી શૈક્ષણિક તાલીમમાં પ્રવેશ મેળવી શકતા નથી, તેથી કૃષિ કે ઔદ્યોગિક ક્ષેત્રમાં ટેકનીકલ કૌશલ્ય ધરાવતા લોકોની અછત સર્જાય છે તેના કારણે ઉત્પાદન અને ઉત્પાદકતામાં પણ વૃદ્ધિ કરી શકાતી નથી. આ બાબતને કૃષિ, ઉદ્યોગમાં સ્પષ્ટ રીતે તપાસી શકાય. ઓછા પાણી દ્વારા ઉત્પાદનના પ્રયોગોના ઉદાહરણ અત્યંત અલ્પ છે તેમજ પાક વૈવિધ્ય, બિયારણમાં વૈવિધ્ય વગેરેમાં ટેકનોલોજીનો વપરાશ નહિવત છે ઔદ્યોગિક એકમોના ક્ષેત્રે વિશેષ નિરાશાજનક પરિણામ છે.

જોકે આ બાબતના પાયામાં વિવિધ ક્ષેત્ર અને વિસ્તાર પ્રમાણે સમસ્યા અનુસાર ઉપાય લાવતી ટેકનોલોજીના વિકાસ છે. જે વ્યવહારમાં અત્યંત અલ્પ છે તેથી જે ઉપલબ્ધ ટેકનોલોજી છે તેની લોકોમાં માહિતી અને તેના અમલ માટે ઉત્સુકતા અને તેના લાભની જાણકારીની મર્યાદા છે.

સ્વૈચ્છિક સંસ્થા દ્વારા આ પ્રકારના પ્રયત્નો હાથ ધરેલ દા.ત સદગુરુ દ્વારા પિયતના વિવિધ પ્રયોગો અમલમાં મુકવાથી કાકડખીલા જેવા પણ અંતરિયાળ ગામમાં પણ કૃષિની ઉત્પાદકતામાં વધારો સર્જી આવક વૃદ્ધિ શક્ય બનાવી શકાય છે. પરંતુ જે વિસ્તારોમાં આ પ્રકારની સંસ્થાઓ પહોચી નથી ત્યાં તેને શક્ય બનાવવું પડકાર જનક જણાય છે.

## 2.3 સિવિલ સોસાયટી:

રાજ્ય અને બજારના વિકાસના કાર્યોમાં ખૂટતી કડી જોડવાનું કાર્ય કરવામાં સિવિલ સોસાયટીની ભૂમિકા મહત્વની રહી છે દાહોદમાં વિકાસના કાર્યોને વેગ આપવાનું કાર્ય ઠક્કરબાપા થી શરૂ કરી આજે પણ નિરંતર ચાલુ રહ્યું છે જ્યાં બજાર અને રાજ્ય પહોચી શકતું નથી ત્યાં સિવિલ સોસાયટી મહત્વની બની રહે છે શિક્ષણ, આજીવિકા, જેવા વિભિન્ન ક્ષેત્રોમાં વૈવિધ્ય સભર પ્રયાસો હાથ ધરાયા છે જેમકે સદગુરુ ફાઉન્ડેસન, પ્રયાસ વેગેરે દ્વારા વિભિન્ન કાર્યોમાં નોંધપાત્ર કામગીરી થય છે તેના પરિણામે દબાણ પૂર્વકના સ્થળાંતરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. પરંતુ વર્તમાન સમયમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ આ તમામ કર્યો કરતી હોવા છતાં કેટલા ક્ષેત્રોમાં કચાસ રહી જવા પામી છે તેઓની પાસે સ્થાનિક સ્તરે સંપર્ક છે

કામ કરી શકે તેવા કુશળ અને સમર્પિત કાર્યકરો છે પરંતુ ક્યાંક ફંડના અભાવ ક્યાંક લોકોના સહકારનો અભાવ અને ક્યાંક રાજકીય વૈચારિક ભેદભાવના કારણે કેટલાક ક્ષેત્રો આ પ્રકારના લાભથી વંચિત રહી ગયા છે જેમકે ગરબાડા, ફતેપુરા, જાલોદ તાલુકાઓની તુલનામાં લીમખેડા અને દેવગઢ બારિયા, ધાનપુરમાં સારી પ્રગતી કરી શક્યાં છે ત્યાં ખેતી અને મૂલ્ય વૃદ્ધિના સફળ પ્રયોગ થયા છે જયારે અન્ય વિસ્તારોની સ્થિતિ તેનાથી તદન વિપરીત છે.

## 3.<u>**ક્ષેત્ર અનુસાર પડકાર**</u>

**૩૧.કૃષિ અને આનુસંગિક ક્ષેત્રો** :

**૧.૧ જમીન ધારણ કદની મર્યાદા** :દાહોદ જીલ્લામાં કૃષિ ક્ષેત્રે નિર્ભર વસ્તીનું પ્રમાણ ૭૯ ટકા છે પરંતુ પિયત વિસ્તાર માત્ર ૨૧ ટકા છે એટલે કે ૮૦ ટકા ખેતી વરસાદ આધારિત છે. ઉપરાંત જમીન ધારણ કદ અનુસાર તપાસીએ તો મોટા ખેડૂતો જીલ્લામાં માત્ર ૨૦ છે. જયારે સિમાંત, અર્ધસિમાંત અને નાના ખેડૂતોનું પ્રમાણ ૬૭.૧૯ ટકા છે. તેમાં પણ સિમાંત અને અતિનાના ૦.૫૦ હેક્ટર જમીન ધરાવતા ખેડૂતો ૪૩ ટકા છે જે કુલ જમીનના ૯ ટકા જમીન ધરાવે છે. આમ એક બહોળો વર્ગ ન્યુનતમ જમીન ધરાવે છે. પરિણામે જમીનમાં નિર્વાહની ખેતીને વ્યાપારી ખેતી તરફ વાળવી એક મહત્વનો પડકાર બની રહે છે.

૧.૨ કૃષિ નીપજકોની સમસ્યા :ભારતમાં અનાજના સ્વાવલંબનને પ્રાપ્ત કરવામાં નિપજકો મહત્વપૂર્ણ રહ્યા છે. બિયારણ, ખાતર,દવા, પિયત,દરેકે દરેક ક્ષેત્રે પરંતુ દાહોદ જીલ્લામાં સૌથી મોટો પડકાર પિયત છે ખેડાણઘટક નાનું હોવાના કારણે નિર્વાહ જેટલુજ ઉત્પાદન પ્રાપ્ત કરી શકાય છે, નીપજકોની મદદથી ઉત્પાદન વધારી આવક વધારી શકાય પરંતુ તેના માટે સરકારની સહાય અપર્યાપ્ત છે કેમકે તે જીલ્લામાં દરેક વિસ્તારમાં સમાન રીતે પહોચી શકી નથી ઉપરાંત જ્યાં કેટલોક ખર્ચ ખેડૂતે કરવાનો છે તે કિસ્સામાં લોક ભાગીદારી જ ઘટી જાય છે તેથી ઇચ્છિત પરિણામ મેળવી શકાતું નથી.

ખેતપેદાશોના વેચાણની સમસ્યા : દાહોદના કેટલાક પ્રગતિશીલ ખેડૂતો દ્વારા કૃષિ ઉત્પાદનમાં કેટલાક પ્રયોગ હાથ ધરાયા છે પરંતુ તે વેચાણની સમસ્યાના કારણે સફળ રહ્યા નથી.દા.ત. ઝાલોદ તાલુકાના આખલી ગામે અનીલ બારૈયા ૩૦ વર્ષના યુવાને મશરૂમની ખેતીનો પ્રયોગ હાથ ધરેલ. પરંતુ ઉત્પાદન બાદ સંગ્રહ અને વેચાણ માટે પર્યાપ્ત બજાર ન મળવાથી મશરૂમના ઉત્પાદનને વ્યવસાયિક સ્વરૂપ આપવાનું શક્ય બન્યું નહી. તેમજ ગરબાડા ગામમાં પશુપાલન છે પરંતુ ડેરી નથી તેથી પશુપાલનને આવકનો મુખ્ય સ્રોત બનાવી આવક સર્જન થઇ શક્યું નથી. શાકભાજી ઉત્પાદનમાં પણ વેચાણના પ્રશ્નના કારણે તેને વ્યવસાયિક સ્વરૂપમાં ઢાળી શકાયું નથી જોકે કેટલાક વિસ્તારોમાં સ્વૈચ્છિક સંગઠનો દ્વારા આવી

સુવિધા વિકસાવવાથી તે વિસ્તારોમાં આ પ્રકારના પાક વૈવિધ્ય તરફ પ્રગતી કરી શકાય છે પરંતુ તે સમગ્ર જીલ્લામાં થઇ શક્યું નથી.

મૂલ્ય વૃદ્ધિ :દાહોદમાં કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિના ૪૦ જેટલા ઉત્પાદનના એકમો ચાલુ છે ૧૦ એકમો બંધ છે મૂલ્ય વૃદ્ધિમાં દૂધ, શાકભાજી, મસાલા, કઠોળ, વેગેરેને અનેક અવકાશ છે.પરંતુ આદિવાસી લોકો તેમાં સક્રિય રીતે જોડાયા હોય તેવું જણાતું નથી મૂલ્ય વૃદ્ધિ માટે તે અંગેની સાહસિકતાનો અભાવ જોવા મળે છે તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા આ અંગેના પ્રયોગ હાથ ધરતા જ્યાં સુધી તેમાં સરકારી સહાય ઉપલબ્ધ હોય ત્યાં સુધી એકમ શરુ રહે અને ત્યારબાદ એકમ બંધ થવાનું વલણ જોવા મળ્યું છે તે સ્વયં સંચાલિત બની શકતા નથી, તેનો મુખ્ય પડકાર વ્યવસ્થાપન અને કાર્યકારી મુડીની અપર્યાપ્તતા તેમજ વ્યવસાયિક માળખાની જાણકારીનો અભાવ છે.

**ડેરી ક્ષેત્ર**:

ડેરીક્ષેત્ર આદિવાસી વિસ્તારોમાં વિકસી રહ્યું છે અને પાણી ધરાવતા વિસ્તારોમાં એક મુખ્ય વ્યવસાય બની રહ્યું છે જેમકે બનાસકાઠા પરંતુ દાહોદમાં આ ક્ષેત્ર તુલનાત્મક રીતે અલ્પ વિકસિત કહી શકાય તેનો મુખ્ય પડકાર પાણી છે પાણી ન હોવાના કારણ પશુપાલનને વ્યવસાયિક સ્તરે વિકસાવવું શક્ય નથી પશુપાલનમાં પાણીની અછતના કારણે લીલોચારો ઉપલબ્ધ થતો નથી તેનું કારણ જમીન ધારણ કદ પણ છે જમીન ધારણ કદ માર્યાદિત હોવાના લીધે નિર્વાહનું અનાજ જ ઉત્પન્ન કરી શકાય છે ત્યાં ચારાનું ઉત્પાદન મેળવવાનો પ્રશ્ન સર્જાય છે દાહોદના જીલ્લા સ્તરના કુલ ઉત્પાદનમાં માત્ર ૫ ટકા કરતા ઓછા વિસ્તારમાં ઘાસચારાનું ઉત્પાદન થાય છે તે બાબત જ દર્શાવે છેકે જીલ્લામાં પશુપાલનનો વિકાસ અલ્પ છે. ઉપરાંત આદિવાસી ક્ષેત્રોમાં જમીનના પ્રકાર અનુસાર ભેસ કરતા ગાય વધુ અનુકુળતા ધરાવે છે તેથી પશુપાલનની વિવિધ યોજનાઓમાં પણ પરિવર્તન કરવું આવશ્યક છે. ઉપરાંત ચાર થી છ માસ માટે સપરિવાર સ્થળાંતર કરતા લોકો આ પ્રકારના વ્યવસાય અપનાવતા નથી કેમકે સ્થળાંતરના સમયમાં પશુઓની જવાબદારી કોણ વહન કરે તે સમસ્યા રહે છે તેથી આ પ્રકારના વ્યવસાયનો વિકાસ અટકી જાય છે.

**મરઘા બતકા ઉછેર** :

દાહોદ જીલ્લાના લોકોના આહારમાં, વિવિધ તહેવારો અને ઉત્સવોમાં મરઘા બતકનો વપરાશ ઉચો છે તેથી સરકારે તેને વ્યવસાયિક સ્વરૂપે વિકસાવવા તે સંદર્ભે વિભિન્ન યોજનાઓ પણ ઉપલબ્ધ કરાવી છે પરંતુ તે એક સફળ વ્યવસાયિક સ્વરૂપ મેળવી શક્યું નથી તેનું એક કારણ આ ક્ષેત્રને વ્યવસાયિક સ્વરૂપે વિકસાવવા માટેની કુશળતાનો અભાવ છે અને લોકોની તૈયારીનો પણ અભાવ જણાય છે જ્યાં સુધી તેને

વ્યવસાયિક સ્વરૂપે કરવાથી થતી આવક અંગેની માહિતી પર્યાપ્ત માત્રામાં નહી પહોચે ત્યાં સુધી તે અંગેની તૈયારી ન હોવાથી યોજનાની સફળ થવાની સંભાવના અલ્પ જ રહેવાની.

## 3.2ઉદ્યોગ સમક્ષના પડકારો.:

દાહોદમાં રોજગાર મેળવતી વસ્તીમાં કુટીર ઉદ્યોગમાં રોજગાર મેળવતી વસ્તીનું પ્રમાણ ૧ ટકા છે જે દર્શાવે છે કે જીલ્લાની આજીવિકામાં ઔદ્યોગિક વિકાસ અલ્પ છે તે અંગેના કેટલાક પડકારો નીચે મુજબ છે.

૧.૧ કુટીર ઉદ્યોગ વિકાસ માળખાનો અભાવ :

કોઈપણ ઉત્પાદક એકમને સફળ રીતે ચલાવવા માટે ઉત્પાદનનો અવકાશ, બજારની શક્યતા, વેચાણનો અવકાશ, ભવિષ્યમાં ઉત્પાદન એકમને ટકાવવા માટેની વ્યુહરચના વેગેરેની સમજ આવશ્યક છે ઉપરાંત કાચોમાલ, કાર્યકારી મૂડી, ઉત્પાદન, યંત્ર સામગ્રી, તેના રીપેરીંગની સુવિધા, ઉત્પાદિત વસ્તુનું બજાર, સંગ્રહ, કેળવાયેલા શ્રમિકો, અને બજારના જોડાણ અંગે નિયોજકની સુજ્બુજ મહત્વની છે પરંતુ આદિવાસી વિસ્તારોમાં આ પ્રકારની આવડતોનો વિકાસ અત્યંત અલ્પ જણાય છે તેમાં મુખ્ય અવરોધક અક્ષરજ્ઞાનનું અલ્પ પ્રમાણ છે ઉપરાંત ઔદ્યોગિક વિકાસ માટે ઉત્પાદક યંત્રો, ઓજારોની ઉપલબ્ધતા,તેને ચલાવવાનું કૌશલ્ય, કેળવાયેલા શ્રમિકો અને વિકસિત આંતરમાળખું આવશ્યક છે પરંતુ દાહોદમાં નાણાંકીય સંસ્થાઓ, બજારના જોડાણ માટે સંપર્ક માટે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની મર્યાદા વધુ છે. ઉપરાંત તૈયાર વસ્તુઓને બજાર સુધી પહોચાડવાની સુવિધાઓ અને બજારમાં ટકી શકાય તેવું ઉત્પાદન કરવામાં પણ સમસ્યાઓનો સામનો કરવો પડે છે.દા.ત ગરબાડામાં બહેનોના બચત મંડળ દ્વારા ભાઈઓના શર્ટ બનાવવાનો પ્રયત્ન કરેલ પરંતુ ઉત્પાદિત વસ્તુને બજાર ઉપલબ્ધ ન કરી શકાયું. કેમકે તે માત્ર જ્યાં સરકારી મેળા ત્યાજ વેચાણ માટે જઈ શકતા ત્યાં જવા માટે પણ મંડળની બહેનો પૈકી કોઈકે ત્યાં જેટલા દિવસનો મેળો હોય ત્યાં તેટલા દિવસ જવું પડે તેથી તેટલા દિવસનું તેનું કામ બંધ રહે છે સ્થાનિક સ્તરે બજારમાં વહેચતા પડતર કિંમતે જ વ્યાપારી ખરીદવા તૈયાર થાય આવી સ્થિતિમાં જો તાલુકા સ્તરે કોઈ દુકાન હોય જ્યાં બહેનો પોતાની ઉત્પાદિત વસ્તુઓ વેચી શકે તો કુટીર ઉદ્યોગ વિકસાવી શકાય. આવા અનેક ઉદાહરણ દાહોદમાં જોઈ શકાય છે.

**પાણીની અછત:** દાહોદની ઉચ્ચ પ્રદેશ જેવી ભૌગોલિક રચના અને અલ્પ વરસાદી વિસ્તારના કારણે પાણીની અછત ધરાવતો વિસ્તાર રહ્યો છે પરંતુ તેના કારણે ઔદ્યોગિક ઉત્પાદક એકમો પણ વિકસાવી શક્યા નથી. કેમકે કોઈ પણ ઉદ્યોગ પાણીના અભાવે શક્ય બની શકે નહી કડાણા ડેમ નજીક છે પરંતુ તેને

પાણીને દરેક તાલુકામાં પહોચાડી શકાયું નથી ઉપરાંત જે જીલ્લાની ૭૯ ટકા વસ્તી કૃષિ પર નિર્ભર હોય ત્યાં કૃષિ અને ઉદ્યોગ પૈકી કોને પાણી ફાળવવું તે પણ સમસ્યા છે.

વિજળીના ઉચા દર: રાજ્યભરમાં વીજળીના દર ઉપયોગ અનુસાર રહેવાના પરંતુ જે વિસ્તારમાં કાર્યકારી મૂડીની અછત હોય, બચત અને મુદીરોકાનનું પ્રમાણ અલ્પ હોય ત્યાં ઉત્પાદન એકમના વિવિધ ખર્ચ માટે સબસિડી અને સરકારી સહાય મોટો આધાર હોય ત્યાં વિજળી પાછળ થતો ખર્ચ ઉત્પાદકોને ઘણો ઉચો જણાય છે. ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં વિજળીનો પુરવઠો સતત સમાન ન હોવાના કારણે પણ સમસ્યાઓ સર્જાય છે.

૪. કાર્યકારી મૂડીની અપર્યાપ્તતા : દાહોદ જીલ્લામાં ઉત્પાદકીય પ્રવૃત્તિ માટે મૂડીની આવશ્યકતા વિશેષ છે કેમકે અહી સામાજિક માળખું અન્ય વિસ્તારોની તુલનામાં ભિન્ન છે અહી વિવિધ સામાજિક પ્રસંગો માટે નાણાની આવશ્યકતા નિવારવા ચાંદલા પ્રથા નામની એક વ્યવસ્થા વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે તે અનુસાર જે વ્યક્તિના ઘરે પ્રસંગ હોય ત્યાં લોકો એકત્રિત થાય સાદા ભોજનની વ્યવસ્થા હોય ત્યાર બાદ દરેક કુટુંબ યથા શક્તિ ચાંદલો લખાવે એટલે કે નાણાંકીય સહાય આપે જે સો, હજાર, લાખ અને અત્યારે ક્યાંક કરોડમાં પણ છે. આ વ્યવસ્થા જે સમયે નાણાંકીય માળખા સુવિકસિત ન હતા ત્યાં સુધી તે ખુબ ઉપયોગી હતા પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ચાંદલાની રકમ નોંધપાત્ર રીતે વધી રહી આજે તે રોકડ નાણાની માંગ માટે જવાબદાર મહત્વનું પરિબળ બની રહી છે. અને કેટલાક સંજોગોમાં વ્યક્તિ ચાંદલો ન કરી શકે તો સામાજિક ઝઘડાનું કારણ પણ બને છે. આ સ્થિતિમાં આવક માંથી બચત કરી ઉત્પાદકીય ક્ષેત્રોમાં રોકવાનું પ્રમાણ અત્યંત નજીવું રહે છે. કેમકે દરેક લોકોએ આ પ્રકારના સામાજિક રિવાજો માટે રોકડ રકમ હાથપર રાખવી અનિવાર્ય બની રહે છે.

૫.બજારનો અભાવ : વેબરના સિદ્ધાંત અનુસાર ઉદ્યોગ ક્યાં સ્થિર થાય જ્યાં બજાર, કાચોમાલ અને શ્રમ ત્રણે ઉપલબ્ધ હોય તેવા મધ્યસ્થાને ઉદ્યોગ વિકસશે. પરંતુ દાહોદમાં આ ત્રણે પરિબળોની અછત છે. વિશેષ બજાર, માંગનો આધાર આવક પર છે અને દાહોદમાં આવકના બે જ સ્રોત મહત્વના છે ૧.ખેતી અને પશુપાલન ૨.શ્રમ (મજુર)પરિણામે સરેરાશ જીવન ધોરણમાં સમયની સાથે આમૂલ પરિવર્તનો જણાતા નથી તેથી માંગમાં વિકાસની સાથે જે પરિવર્તન થવા જોઈએ તે માર્યાદિત છે. ઉપરાંત સ્થળાંતરિત વસ્તી પણ નોંધપાત્ર હોવાના કારણે વપરાશી વસ્તુઓની માંગ સ્થાનિક સ્તરે અલ્પ રહે છે. અને સ્થાનિક હાટમાંથી જ મોટાભાગની જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે. દાહોદને રાજસ્થાન અને મધ્યપ્રદેશ બે રાજ્યની સરહદ મળતી હોવાથી ત્યાંથી પણ વ્યાપાર શક્ય બને છે તો બીજી તરફ મહીસાગર અને પંચમહાલ જીલ્લા પણ ઔદ્યોગિક સ્તરે દાહોદ કરતા વધુ વિકસિત હોવાથી ત્યાંથી ઉત્પાદકો વેચાણ કરવા દાહોદ આવે છે. તેથી સ્થાનિક ઉત્પાદકો માટે વિશેષ અવકાશ બચતો નથી.

૫. જમીનની ઉચી કિંમત

દાહોદમાં ઔદ્યોગિક અનુકુળતા ધરાવતા વિસ્તારોમાં જમીનની કિંમતો ઉચી છે પરિણામે ઔદ્યોગિક એકમો શરૂ કરવા ઇચ્છતા લોકોને એકમના શેડ તૈયાર કરવાની કિંમતો ઘણી વધી જાય છે તેથી જ્યાં જમીનની કિંમતો નીચી છે ત્યાં ઔદ્યોગિક અનુકુલ્તાઓ નથી અને જ્યાં અનુકુળતા છે ત્યાં કિંમતો વધુ છે તેથી નવા એકમ શરુ કરવા ઇચ્છતા લોકો સામે ખર્ચ એક મોટો પડકાર બની રહે છે.

૬.કાચામાલની અછત :

ઔદ્યોગિક એકમના અસ્તિત્વમાં એક મહત્વનું પરિબળ કાચોમાલ છે. દાહોદમાં આદિવાસીઓ મુખ્યત્વે કૃષિ પર નિર્ભર છે અને આદિવાસીઓમાં ઔદ્યોગિક સ્તરે જે એકમો ઉભા થયા છે તે મુખ્યત્વે પ્રોસેસ ખેતપેદાશોના છે તેથી તેને કાચોમાલ અહીંથી જ ઉપલબ્ધ થઇ રહે છે પરંતુ આદિવાસીઓની એક ક્ષમતા ઓટોમોબાઇલ ક્ષેત્રે રીપેરીંગની છે અને તેના સાધનો સંદર્ભે ઔદ્યોગિક એકમો વિકસાવી શકવાની સંભાવના છે પરંતુ તે ક્ષેત્રે નાના યંત્રો, ઓજારો તેના રીપેરીંગની જાણકારી ધરાવતા કારીગરોનો અભાવ છે તેથી આ પ્રકારના ક્ષેત્રો વિકસાવી શકતા નથી.

કૌશલ્યવાન કારીગરોની અછત

કૌશલ્યના વિકાસનો આધાર અક્ષરજ્ઞાન પર છે, દાહોદ જીલ્લામાં અક્ષરજ્ઞાનમાંજ પાછળ હોવાના કારણે કૌશલ્યવાન શ્રમનો પુરવઠો પણ અલ્પ છે તેના કારણે પણ ઔદ્યોગિક એકમોનો વિકાસ રૂંધાય છે. તેના મૂળમાં સ્થળાંતર છે કેમકે આજે પણ આજીવિકા માટે જીલ્લામાંથી થતા મોટા ભાગના સ્થળાંતર સપરિવાર થાય છે તેથી બાળકોમાં પણ સાક્ષરતાનું પ્રમાણ વધારી શકાતું નથી તેથી બિનકુશળ શ્રમિકો પેઢી દર પેઢી શ્રમ બજારમાં પ્રવેશ કરે છે. અને તેઓ અલ્પ કુશળતા ધરાવતા ક્ષેત્રોમાં આજીવિકા મેળવવા લાગે છે તેથી જીવન ધોરણનો સ્તર એક સ્તરથી ઉપર લાવી શકતુ નથી આ સમસ્યા માત્ર શ્રમ બજાર પુરતું સિમિત નથી તેમ છતાં આદિવાસીઓમાં રહેલી ક્ષમતાઓને બહાર લાવી તેને ઉત્પાદક ક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાથી જ દાહોદના ઔદ્યોગિક ક્ષેત્રને વેગ આપી શકાશે.

## 4. ટેકનોલોજીકલ પરિવર્તન અને સ્થાનિક ક્ષમતા:

ઉત્પાદન વિધેયને સતત બદલતું પરિબળ ટેકનોલોજી છે વૈશ્વિકીકરણબાદ વિભિન્ન ક્ષેત્રોમાં ટેકનોલોજીકલ પરિવર્તનો ખુબ જડપીથી આવી રહ્યા છે જે ઉત્પાદન અને ઉત્પાદકતામાં નોંધનીય પરિવર્તન સર્જી રહ્યા છે પરંતુ ટેકનોલોજીકલ પરિવર્તનો જુદા જુદા ક્ષેત્રો પૈકી ક્યાં ક્ષેત્રોમાં વ્યાપક પરિવર્તન લાવશે તેનો આધાર જે તે વિસ્તારની સ્થાનિક ક્ષમતા પર છે. ટેકનોલોજીને ઉત્પાદનના ક્ષેત્રમાં અપનાવવાની

તૈયારી અને તેના વ્યાપક સ્તરે ઉપયોગમાં લાવવાની તાલીમની ક્ષમતા બન્ને બાબતો પર છે પરંતુ વિસ્તાર પ્રમાણે તપાસીએ તો તેમાં ઘણો તફાવત જણાય છે. આંતરમાળખાકીય ક્ષેત્રે ટેલીકોમ્યુનીકેશન ક્ષેત્રે મોબાઈલના આવવાથી જે હરણફાળ ભરી શક્ય છીએ તેવી અન્ય ક્ષેત્રોમાં નથી. આ બાબત વિસ્તાર પ્રમાણે તપાસીએ તો ટેકનોલોજીકલ પરિવર્તનોથી માહિતગાર થઇ ઉત્પાદન, વેચાણ, સંગ્રહમાં તેના ઉપયોગમાં પણ વિસ્તાર પ્રમાણે તફાવત જોવા મળે છે.

દાહોદ જીલ્લામાં આદિવાસી વસ્તીમાં આં બાબતને તપાસીએ તો મોટાભાગની વસ્તી કૃષિ ક્ષેત્ર પર નિર્ભર છે પરંતુ કૃષિક્ષેત્રે આવતા ટેકનોલોજીકલ પરિવર્તનો વૈયક્તિક સ્તરે અથવા સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાં ફેલાતા હોય છે પરંતુ તેના માટે આંતરમાળખાકીય સુવિધાઓ અનિવાર્ય છે તે પૈકી માહિતી સંચારના અગત્યના માધ્યમ તરીકે મોબાઈલનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે તેમાં વિવિધ યોજનાઓની માહિતીથી લઇ વિભિન્ન માહિતીના આદાન પ્રદાનનો પણ હજુ વધારે અવકાશ છે પરંતુ આજે પણ દાહોદના અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક નથી પરિણામે દુનિયાથી જોડતા ઈન્ટરનેટના બદલે ખેડૂત મિત્ર જેવી એપનો ઉપયોગ પણ થઇ શકતો નથી.

બીજી તરફ કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીમાં મોટો પડકાર મૂડીરોકાણ છે જાગૃતિના અભાવે ખેડૂતો સહાય સિવાય ખર્ચ કરવાની તૈયારીમાં ઉદાસીન છે સરકાર પ્રત્યેની આધારિતતા ઉતરોત્તર વધતી રહે છે તેથી ખેડૂતોમાં બચત અને મૂડીરોકાણ દ્વારા ટેકનોલોજીકલ પરિવર્તનો માટે ખર્ચ કરવામાં ઓછા તૈયાર થાય છે દા.ત.પિયત માટે ટપક સિચાઈ પદ્ધતિમાં ૮૦ ટકા સબસીડી હોવા છતાં ૨૦ ટકા ખર્ચ આપવામાં પણ કેટલાક ખેડૂતો તૈયાર નથી.

ઔદ્યોગિક ક્ષેત્રોમાં ટેકનોલોજીકલ પરિવર્તનો વિવિધ સ્તરે આવી રહ્યા છે, વિશેષ ઉત્પાદન અને ઉત્પાદકતાના ક્ષેત્રે મોટાપાયાના સ્તરે અને નાનાપાયાના ઉત્પાદન ક્ષેત્રે જે સ્થાનિકો દ્વારા થય રહ્યા છે.પરંતુ આ બન્ને પૈકી ઉત્પાદનમાં શેનો ઉપયોગ થશે તેનો આધાર જે તે વિસ્તારના લોકો પર છે દાહોદમાં દ્વિતીય પરિવર્તનને અવકાશ છે પરંતુ તે અંગે લોકોમાં ઉદાસીનતા જોવા મળે છે સાથે સાથે કોઈક વિસ્તારોમાં વૈવિધ્ય પૂર્ણ પ્રયત્નો પણ થયા છે અને સફળ પણ થયા છે.વેચાણ સંદર્ભે ઈ કોમર્સ ક્રાંતિ છે પરંતુ દાહોદમાં નેટવર્કનો જ પ્રશ્ન હોવાના કરને ઈ કોમર્સનો વ્યાપ માર્યાદિત રહે છે.જે અવરોધ રૂપ પરિબળ છે.

સ્થાનિક ક્ષમતા :

ટેકનોલોજીકલ પરિવર્તનો ઉત્પાદન અને ઉત્પાદકતામાં જે પરિવર્તન સર્જી શકે છે તે પરિણામ જો પ્રચાર દ્વારા લોકો સુધી પહોચાડી શકાય તો તે અંગે લોકોમાં સ્વીકાર શક્ય બને અને તેના માટે તૈયાર

થાય. દા.ત સદગુરુ ફાઉન્ડેશન દ્વારા કૃષિ ક્ષેત્રે પિયત અને પાકમાં લુણાવાડા ખાતે જે પ્રયોગ થયા છે વેજીટેબલ ટ્રોલી દ્વારા ઉત્પાદન તેમાં લીમખેડામાં નિનામાના ખાખરીયામાં ૨૯૦૦૦ ખેડૂતોને હળદર, આદુ, લસણ, ડુંગળીના ઉત્પાદન પદ્ધતિમાં વિવિધ ટેકનોલોજીના ઉપયોગ કરાવવાથી ઉત્પ્દન, ઉત્પાદકતા અને આવકની વૃદ્ધિ કરી શક્ય છે.આજ મોડેલ અન્ય વિસ્તારમાં લાગુ પાડી શકાય. તે જ રીતે પિયત સંદર્ભે ટપક સિચાઈ પદ્ધતિ અને ફુવારા ફેલાવવામાં પણ સદગુરુ દ્વારા જે પ્રયત્નો થયા છે તેના દ્વારા કૃષિ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી શકાય છે. તેમજ કુટિર ઉદ્યોગમાં મસાલા ઉત્પાદન માટે પ્રયત્ન હાથ ધરાયો છે. ધાનપુરના કાકડ્ખીલા ગામે મસાલા માટે નાબાર્ડની યોજનાનો ઉપયોગ કરી હરદળ ઉત્પાદન અને પાવડર સુધીની સમગ્ર પ્રક્રિયાનો સફળ પ્રયોગ થયો છે તેના દ્વારા આવક સર્જન શક્ય બનાવી શકાયું છે. કૃષિ અને તેના ઉત્પાદનમાં મૂલ્યવૃદ્ધિ સંબંધિત સ્તરે ટેકનોલોજીને સરળતાથી લોકો સુધી પહોચાડી આવક વૃદ્ધિ શક્ય બનાવી શકાય. પરંતુ તેના માટે એક માળખું ઉભું કરવાની આવશ્યકતા છે જે ત્રિ-સ્તરીય હોય જેમાં કાચામાલ, ઉત્પાદન, પેકિંગ, ગુણવત્તા, અને વેચાણ, બ્રાન્ડીંગ, સુધીના તબક્કાને ગામ, તાલુકા અને જીલ્લા સ્તરે જો જોડી શકાય તો વિકાસની સંભાવનાને સફળ બનાવી શકાય.

## 5.ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં આપણે દાહોદ જિલ્લાના વિકાસ સમક્ષ રહેલા પડકારોની વિસ્તૃત ચર્ચા કરી છે તેમાં વિકાસની સંસ્થાઓ, ક્ષેત્રો આધારિત પડકારો, માનવ મૂડી, અને ટેકનોલોજીકલ પરિવર્તનો સંદર્ભે રહેલા પડકારોની ચર્ચા હાથ ધરેલ છે. તે અનુસાર મૂળ સમસ્યા દરેક ગામના વિવિધ ઉત્પાદનને અને ઉત્પાદકતાને લગતા પ્રશ્નોના નિવારણ માટે તાલુકા સ્તરે અને પછી જીલ્લા સ્તરે જોડતી કડીઓની ઉણપ છે તેને દુર કરવા એક એવા માળખાની રચના જરૂરી કે જે વિભિન્ન ક્ષેત્રોમાં વિસ્તારોને જોડે તે અંગે આગળના પ્રકરણમાં વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવેલ છે.

# પ્રકરણ -૪

# કાર્ય આયોજન

| | |
|---|---|
| 1 | વન્ય પેદાશોમાં મૂલ્ય વૃદ્ધિ માટેનું માળખું |
| 2 | વન્ય પેદાશોમાં મૂલ્ય વૃદ્ધિના સંભવિત ક્ષેત્રો |
| 3 | કૃષિ ક્ષેત્રે સિંચાઈ,ધિરાણ,સંગ્રહ,ટેકનોલોજી, સમગ્ર રૂપાંતરણ સૂચન |
| 4 | કૃષિ ક્ષેત્ર મૂલ્યવૃદ્ધિ માટે માળખું |
| 5 | ઉદ્યોગ સંભવિત ક્ષેત્રો, પડકારો અને સૂચનો |
| 6 | સેવાક્ષેત્ર વિકાસ સંભાવિત સૂચનો |
| 7 | પ્રવાસન સેવાઓના વિકાસ સૂચન |
| 8 | ઉપસંહાર |

**પ્રસ્તાવના :**

પ્રસ્તુત પ્રકરણ વિકાસની સંભાવનાઓ અને તેને અમલમાં મુકવા માટે જુદી જુદી ક્ષેત્રીય ભૂમિકાઓના સંદર્ભમાં છે આગળના પ્રકરણમાં આપણે દાહોદની ક્ષેત્રીય સ્થિતિ તપાસી ત્યાર બાદ વિવિધ સ્તરે રહેલી સમસ્યાઓની ચર્ચા કરી તેના ઉકેલ શું હોય શકે અને આ ક્ષમતાઓનું પ્રફુલ્લન કઈ રીતે કરી શકાય તે અંગે અહી વિગતે ચર્ચા રજુ કરવામાં આવી છે. તેમાં કુદરતી સંસાધનો ક્ષેત્રીય તકો અને વિકાસ સંદર્ભે વિવિધ એજન્સી દ્વારા થયેલ પ્રયત્નોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે તેના આધારે જીલ્લા સ્તરે જીવન ધોરણને વધુ સારું બનાવવા ક્યાં પગલા હાથ ધરવા તે અંગે રજૂઆત છે.

જીલ્લાની સ્થિતિ કૃષિ, ઉદ્યોગ અને વેચાણ વ્યવસ્થાના માળખા અને ક્ષમતા તપાસતા આજીવિકા અને જીવનધોરણ સ્તરના પરિવર્તન માટે વિકેન્દ્રિત માળખાની આવશ્યકતા છે કેમકે મૂળ પ્રશ્ન બેકવર્ડ-ફોરવર્ડ લીન્કેજીસનો છે કેમકે જીલ્લા સ્તરે કોઈને કોઈ ઉત્પાદનમાં વિશીષ્ટિકરણ શક્ય છે પરંતુ પ્રશ્ન આવકને નિયમિત બનાવવા કૃષિ ઉત્પાદનને તેના આગળના પગથીયા પર પહોચાડવાનો છે અને તે એવું પગથીયું હોય કે જે ઋતુગત અનિશ્ચિતતાઓને ખાળી શકે છે અને આવક વૃદ્ધિ કરી શકે પરંતુ તેના માટે

ક્ષમતા અને તેને સ્વીકારવાની તૈયારી બન્ને તપાસવા પડે પરંતુ તેના માટે જે પ્રકારનું માળખું જોઈએ તે પ્રથમ ચર્ચવું પડે કેમકે પ્રથમ પ્રકરણમાં આપણે જે પ્રકારના વિકાસની ચર્ચા કરી રહ્યા છે તેન માટે એક એવું માળખું જોઈએ કે જેમાં ગ્રામ સ્તરથી રાજ્ય સુધી વિવિધ સ્તરે જુદી જુદી કામગીરી હાથ ધરી તેનું ચોક્કસ જોડાણ ઉભું કરી શકાય તેના માટે સંભવિત માળખા નીચે મુજબ હોઈ શકે.

**જંગલ પેદાશના મૂલ્ય વર્ધન માટેનું માળખું**

| સ્તર | ભાગીદારી | જવાબદારી | પ્રક્રિયા |
|---|---|---|---|
| **પ્રથમ** | **ગ્રામજનો** | જંગલ પેદાશ એકત્રીકરણ | **મહુડાની પેદાશો, આંબળા,** આંબલી, બહેડા, લીંબોળી, ટીમરુ પાન, ચારોળી, કરંજ એકત્રિતકરનારાઓનું સંગઠન |
| **દ્વિતીય સ્તર** | ગામ સ્તરનું સંગઠન | જંગલ પેદાશોનું પ્રાથમિક રૂપાંતરણ | ૧.જંગલ પેદાશ એકત્રિત કરનાર પાસેથી ખરીદવી<br>૨.પ્રાથમિક કક્ષાના રૂપાંતર કરવા<br>-મહુડાના ફૂલોના લાડુ, ચિક્કી<br>-ટીમરુના પાનની બીડી<br>-કરંજનું તેલ<br>-આમળા-બહેડાનો પાવડર, મુખવાસ<br>-આંબલીની પેસ્ટ,ચટણી |
| **તૃતીય સ્તર** | તાલુકા સ્તરે<br>જંગલ પેદાશ સંગઠન (પ્રોસેસિંગ અને માર્કેટિંગ કંપની) | ૧.ગામ સ્તરની મંડળીઓ દ્વારા ઉત્પાદિત પેદાશ માટે બજાર પૂરું પડવાનું કાર્ય | ૧.સરકાર આયોજિત મેળામાં તાલુકાના ગામોમાં ઉત્પાદિત પેદાશને વેચાણ માટે ટીમ મોકલવી, |

| | | | |
|---|---|---|---|
| | | ૨.તૃતીય સ્તરનું રૂપાંતર | ૨.આસપાસના બજારમા(હાટમાં) ગામમાં ઉત્પાદિત વસ્તુઓને વેચાણ માટે મોકલવી<br>૩.મહુડાનો અર્ક અને આઈસક્રીમ જેવી પેદાશોનું ઉત્પાદન અને ગામમાં તૈયાર વસ્તુઓનું બ્રાન્ડીંગ કરવાનું કાર્ય કરવું |
| **ચતુર્થ સ્તર** | જીલ્લા સ્તર (દાહોદ જીલ્લા જંગલ પેદાશ ઉત્પાદક સંગઠન) | ગામ સ્તર સુધીના સંગઠનોને નીચેની સહાય પૂરી પડવી<br>-ટેકનોલોજીકલ<br>-નાણાંકીય<br>-વ્યવસ્થાપકીય | ટેકનોલોજીકલ- જંગલ પેદાશોના રૂપાંતરણ માટે નાના યંત્રો મેળવવા, રીપેર કરવા અને ચલાવવાની તાલીમ આપવી.<br>નાણાંકીય- સરકારની વિવિધ યોજનાઓમાં ક્યાં ક્યાં નાણાંકીય જોગવાઈ છે તે અંગે ગ્રામ જનોને માર્ગદર્શન પૂરું પાડવું<br>વ્યવસ્થાપન - આ તમામ પેદાશ ગૌણ વન્ય પેદાશ છે માટે જો ગ્રામજનો તૈયારી બતાવે તો પંચાયત દ્વારા પણ આ પેદાશોને વેચી શકાય અને તેમાં ટ્રાયફેડની મદદ લઇ |

| | | | |
|---|---|---|---|
| | | | શકાય તે અંગે ગ્રામ સ્તરે જાગૃતિ ફેલાવવી -ઓનલાઈન વેચાણ માટેની તાલીમ આપી ગુણવત્તા સંબંધિત માર્ગદર્શન આપવું . |

**ઉપરોક્ત માળખાના પ્રશ્નો અને નિવારણ** : ઉપરોક્ત માળખામાં સૌ પ્રથમ પ્રશ્ન સર્જાય છે સમગ્ર પ્રક્રિયા કઈ રીતે હાથ ધરવી કોને જોડવા કઈ રીતે સમગ્ર પ્રક્રિયા હાથ ધરવી, દરેક વન્ય વિસ્તાર ધરાવતા ગામમાં ગૌણ વન્ય પેદાશો એકત્રિકરણની કામગીરી કરનારા લોકો છેજ જે જંગલ ખાતા અથવા આસપાસના દુકાનદારોને પેદાશ વેચે છે. આથી પ્રથમ સ્તરનું કામ થાય જ છે.

દ્વિતીય સ્તરે દાહોદમાં બહેનોના સંગઠનો ચાલે છે જે જુદાજુદા પ્રકારની યોજના અંતર્ગત શક્રિય પણ છે આજ સંગઠનને આ દિશામાં વાળી શકાય તેના માટેની વિવિધ યોજનાઓ પણ છે અને તેજ કાર્ય ગ્રામપંચાયત પણ કરી શકે ગ્રામસભા પણ કરી શકે તેના માટેની તૈયારી હોય તો, અન્યથા બહેનોના જૂથ આ કાર્ય હાથ ધરી શકે પ્રથમ કક્ષાના રૂપાંતરણમાં વિશિષ્ટ સાધનોની આવશ્યકતા નથી માટે આ સ્તરે તે સરળતાથી થઇ શકશે.

તૃતીય સ્તર:દરેક ગામમાં ધોરણ ૧૦ થી વધુ શિક્ષણ મેળવેલા યુવાનો આજીવિકાની શોધમાં છે જે આધુનિક ટેકનોલોજી થી પણ પરિચિત છે આ યુવાનોને એકત્રિત કરી તાલુકા સ્તરે એક સંગઠન રચી શકાય જે ગામ સ્તરે થયેલ ઉત્પાદનને વેચવાની જવાબદારી નિભાવે તે આસપાસના હત અને સરકાર રચિત મેળામાં ગામ દ્વારા ઉત્પાદિત વસ્તુઓને વેચવાની જવાબદારી નિભાવે ઉપરાંત તેઓ ઈ કોમર્સ થી પણ પરિચિત હોવાથી આ પેદાશોને ઓનલાઈન પણ વેચવાની જવાબદારી નિભાવી શકે. આ યુવાનો થોડા શિક્ષિત હોવાથી ગામસ્તરના સંગઠનોના વ્યવસ્થાપનમાં પણ મદદ રૂપ થઇ શકે તેજ રીતે તાલુકા સ્તરે નાનું પ્રોસેસિંગ એકમ પણ શરુ કરવું કે જેમાં અર્ક કાઢવાના મશીનને ચલાવી શકાય તેમજ આઈસ્ક્રીમ બનાવી શકાય ચારોળી આ વિસ્તારમાં વધુ થતી હોવાથી આવી પેદાશના સંગ્રહ માટેની વ્યવસ્થા કરી તેની મૂલ્ય વૃદ્ધિનો લાભ મેળવી શકાય.

ચતુર્થ સ્તર : જીલ્લા સ્તરે જંગલ પેદાશ સંગઠન હોઈ જે ગામ સ્તરના સંગઠનોને આવશ્યક માર્ગદર્શન આપી શકે ટેકનોલોજીકલ સાધન સંબંધિત, સરકારની યોજના સંબંધિત માહિતીઓ ગ્રામીણ સ્તરના સંગઠનોને આપે આ તમામ પેદાશો ગૌણ વન્ય પેદાશો છે તેથી ગામ પંચાયત પણ આ વસ્તુઓના સંદર્ભે કામગીરી હાથ ધરી તેને સીધા ટ્રાયફેડ કે ખુલ્લા બજારમાં વેચી શકે તેમજ ભારત સરકારનો એમેઝોન

અને ફ્લીપકાર્ટ સાથે થયેલા કરાર અનુસાર આ પેદાશોને સીધા પણ વેચી શકે અને તેના માટે તાલીમ પણ આવી શકે.

સરકારની ભૂમિકા :આ પ્રકારના સંગઠનો માટેની યોજના અમલમાં લાવવી અને તેના નાંણાકીય જરૂરિયાતો પૂરી પાડવી.

સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા : દાહોદમાં આનંદી, સદગુરુ જેવા સંગઠનો કામ કરી જ રહ્યા છે પરંતુ તેઓ આ પ્રકારની રૂપાંતરણની પ્રક્રિયાઓ સંદર્ભે લોક સંગઠનના કર્યો હાથ ધરી શકે. જે સૌથી પાયાનું કામ છે.

નાગરિકો : સૌથી મોટી ભૂમિકા નાગરિકોની છે કેમકે પોતાની આજીવિકાને નિયમિત બનાવવા કરવા પડતા સહકારમાં સૌની સહમતી જરૂરી છે જે જાતિ,જ્ઞાતિ, અને અન્ય બાબતો થી પર થઇ સામન કાર્ય માટે એકજૂથ થવાની જરૂરિયાત રહે.

આદિવાસી વિસ્તારોમાં જંગલ આજીવિકા સાથે સંકળાયેલું મહત્વનું સંસાધન છે તે જીવનધોરણ સાથે સીધી રીતે સંકળાયેલું છે આવાસ, બળતણ, આજીવિકા,આરોગ્ય, વગેરે જરૂરિયાતો પુરીપાડતું ક્ષેત્ર છે તેથી

રતન મહાલ મહિલા મંડળ એક વિશિષ્ટ મંડળની સિદ્ધિ ધરાવે છે.કેમકે તે પૂર્વે રતન મહાલની આસપાસની વિસ્તારની બહેનો જંગલમાંથી મહુડાના ફૂલો વીણવાનું અને તેને કોન્ટ્રાકટરને કે ખુલ્લા બજારમાં વેચવાનું કાર્ય કરતી તેમાં આનંદી સંસ્થાએ આ મંડળ બનવી તેને આર્ક કાઢવાનું એક મશીન વસાવવામાં મદદ કરી તેના કારણે આ મહિલાઓ હવે મહુડાના ફૂલ દ્વારા મંડળીમાં જ મહુડાના ફૂલોનો અર્ક કાઢી તેમાંથી મહુડાનું આયુર્વેદિક તેલ વેચે છે અને તેમાંથી વધેલ કુચામાંથી વિવિધ નાસ્તાની વસ્તુઓ પણ બનાવે છે આ મંડળી પરંપરાગત આદિવાસી નાસ્તા જેવાકે મહુડાના લાડુ, ચીક્કી, વગેરે આ વસ્તુઓ આદિવાસીઓના ઘરોમાં પરમ્પરાગત રીતે બનતી હોવાથી તેનું વેચાણ પણ સરળતાથી થય શકે છે આ બહેનો દ્વારા સ્થાનિક તહેવારોમાં આ વસ્તુઓનું વેચાણ કરાય છે ઉપરાંત તેઓ આમલીના બી અને ગીલોયના મૂલ્ય

જંગલની પેદાશોની મૂલ્ય વૃદ્ધિ અને આવક સર્જન આદિવાસીઓમાં સરળતાથી બહોળા પ્રમાણમાં કરી શકવાની ક્ષમતા ધરાવે છે તેમાં વિવિધ પ્રયોગો થયા છે સફળ પણ રહ્યા છે દા.ત આનંદી સંસ્થા દ્વારા રતનમહાલ મહિલા મંડળની રચના કરવામાં આવેલ છે તેમણે જંગલની પેદાશોની મૂલ્ય વૃદ્ધિનું કાર્ય હાથ ધરેલ છે.

(૧)જંગલ પેદાશની મૂલ્ય વૃદ્ધિ સંભાવના :

૧.૧ ચારોળી : ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના દાહોદ થી શરુ કરી આગળ વધતા જંગલના વિસ્તારનો એગ્રો કલાઈમેટ ઝોન ચારોળીના ઉત્પાદન માટેની અનુકુળતા ધરાવે છે જે ઉચું બજાર મૂલ્ય પણ ધરાવે છે. વર્તમાન સમયમાં દેવગઢ બારિયા, લીમખેડા, ધાનપુરના જંગલમાં તેના વૃક્ષો મળી આવે છે સામાન્ય રીતે ચારોળી બીજ છે જયારે સ્થાનિક લોકો તેના ઉપરના સ્તરને ફળ તરીકે પણ ઉપયોગમાં લે છે પરંતુ ચારોળીની ખેતી ક્યાય થતી નથી વર્તમાન સમયમાં જમીન વિહોણા લોકો જંગલની ગૌણ પેદાશ તરીકે ચારોળીના ફળ અને બીજ વીણી લાવે છે તેને ફળ તરીકે વ્યાપાર કરે છે અને અંદરના બીજ કાઢી સ્થાનિક બજારમાં વેચી દેવામાં આવે છે બદલામાં ચોખા અથવા ખાંડ ખરીદવામાં આવે છે. દક્ષીણ ગુજરાતમાં કાજુની ખેતીની શરૂઆતની જેમ અહી ચારોળીની ખેતીનો અવકાશ છે ખેતરના શેઢે ચારોળીના વૃક્ષોનું વાવેતર કરી ઉત્પાદન વધારી શકાયતો વાર્ષિક ઉત્પાદન સુનિશ્ચિત બનાવી આવક સર્જનનું નવું માધ્યમ ઊભું કરી શકાય જેના ફળ અને બીજ બન્ને માંથી આવક ઉભી કરી શકાય પરંતુ અહી સૌથી મોટી સમસ્યા ચારોળીના ઉત્પાદન માટે વાવેતરની છે કેમકે તે સામાન્ય વૃક્ષોની માફક ઉછેરી શકાતું નથી તેના વાવેતર માટે કૃષિ યુનીવર્સીટીની મદદ લેવી પડે તો જ તે શક્ય બને તેમ છે અને તે અંગેના રોપ તૈયાર કરી અને આપવામાં આવે તો જ તે શક્ય બને તેમ છે.

મહુડાનું તેલ : મહુડો આદિવાસી વિસ્તારો માટે આશીર્વાદ વૃક્ષ છે મહુડાનું તેલ આયુર્વેદિક ઔષધી તરીકે બહોળા પ્રમાણમાં માંગ ધરાવે છે  તેના અર્ક દ્વારા મહુડાનું તેલ તૈયાર કરી તેનું વેચાણ કરી શકાય જે રતનમહાલ મહિલા મંડળ દ્વારા સફળ પ્રયોગ થયો છે તેને અન્ય વિસ્તારોમાં પણ પ્રયોજી શકાય.

મહુડાના ફૂલોનો ઉપયોગ : મહુડાના ફૂલોમાંથી લાડુ, ચિક્કી, વગેરે બનાવવાનો એક પ્રયોગ દાહોદના રતનમહાલ મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ છે જેણે હજુ વધુ વિકસાવી શકાય. આદિવાસીઓમાં પરંપરાગત રીતે આ પ્રકારના નાસ્તા બનતા રહ્યા છે તેથી આદિવાસી વિસ્તારોના પ્રવાસન સ્થળોમાં તેના વેચાણના આવકાશ રહેલા છે.

આઈસ્ક્રીમ: મહુડાનો આઈસ્ક્રીમ તાપી જીલ્લામાં શરુ થયો છે જે દરેક વિસ્તારમાં શરુ કરી શકાય.

ટીમરુના પાન: ટીમરુના પાન વિણવાનું કાર્ય દરેક વિસ્તારમાં થાય છે પરંતુ તેના બદલે બીડી બનાવવાનું કામ કરી શકાય તો તેમાં મૂલ્ય વૃદ્ધિ કરી શકાય.

કરંજ :કરંજનું તેલ અને કરંજનો સાબુ બન્ને મૂલ્ય વૃદ્ધિ કરતી વસ્તુ છે.

લીંબોળી :

૧.સજીવ જંતુનાશક : લીમડાના મૂલ્યવૃદ્ધિના વિભિન્ન ક્ષેત્રો પૈકી એક છે લીંબોળી માંથી સજીવ જંતુનાશક બનાવી વેચી શકાય.

૨.લીંબોળીનો સાબુ : લીંબોળીના તેલ દ્વારા સાબુ બનાવી શકાય છે તેના માટે એક બહોળો અવકાશ છે.

૩.બહેડા : આયુર્વેદમાં બહેડા વિશિષ્ટ મહત્વ ધરાવે છે બહેડા દ્વારા વિવિધ આયુર્વેદિક ઔષધીઓ તૈયાર થાય છે જેમકે ત્રિફલા ચૂર્ણ, બહેડા પાવડર, વગેરે દાહોદમાં જ તૈયાર કરી મૂલ્ય વૃદ્ધિ કરી શકાય.

આમળા : કેરીની માફક આંબળા પણ ભિન્ન રીતે ઉપયોગમાં લઇ મૂલ્ય વૃદ્ધિ કરી શકાય. દા.ત આંબળાનો મુર્બો, ગળ્યા, ખારા મુખવાસ, આંબળાનો રસ, ચ્યવનપ્રાશ જેવી વસ્તુ બનાવી શકાય.

આંબલી : આંબલીના પેકિંગ બનાવી વેચવાથી તેના મૂલ્યમાં અનેક ગણી વૃદ્ધિ કરી શકાય છે ઉપરાંત આંબલીની પેસ્ટ, પાનની ચટણીને પણ બજારમાં મૂકી શકાય. ઉપરાંત તેના બીજ માંથી મુખવાસ દ્વારા આવક વૃદ્ધિ કરી શકાય.

કૃષિ ક્ષેત્ર :

આદિવાસી ક્ષેત્રોમાં આજીવિકાનું મુખ્ય સાધન ખેતી જ છે અને તેથી દબાણ પૂર્વકના સ્થળાંતરને અટકાવવા માટે ઉત્પાદન વધે તેવા પ્રયત્નો હાથ ધરવા આવશ્યક છે કૃષિ ક્ષેત્રને વિકસાવવા માટે અનેક પ્રયત્નો હાથ ધરાયેલા છે અને કેટલાકની જરૂરિયાત છે કૃષિ ક્ષેત્રની આવક વધારવા માટે ઉત્પાદનથી લઇ મૂલ્ય વૃદ્ધિ સુધીની પ્રક્રિયા માટે શું કરવું તે અંગે અહી કેટલાક પગલા સૂચવવામાં આવેલ છે. અન્ય આદિવાસી વિસ્તારોની તુલનામાં દાહોદમાં કૃષિ ક્ષેત્ર જરા વિશિષ્ટ છે કેમકે અહી ઉત્પાદન વધારવાની આવશ્યકતા છે અને તેના માટે પાક વૈવિધ્ય અને પિયતની સુવિધા ઉભી કરવી જરૂરી છે તે અંગેના પગલા નીચે મુજબ હોઈ શકે.

સિંચાઈ અંગેના સૂચન :

૧.કડાણા ડેમનું પાણી શક્ય તેટલા વિસ્તારમાં પહોચાડવું.

૨.૨ હેક્ટરથી ઓછી જમીન ધરાવનારને ટપક સિંચાઈ પદ્ધતિ માટે સબસીડી ૮૫ ટકાથી વધારી ૧૦૦ ટકા કરવી.

૩.સ્થાનિક તળાવને મનરેગા અંતર્ગત ઊંડા કરી તેના વપરાશને નિયંત્રિત કરવું તેના માટે ગામની જ સામુદાયિક માલિકી અંતર્ગત નિયમન કરવું

૪.દાહોદ ડુંગરાળ વિસ્તાર છે તેથી ચોમાસા પૂર્વે વરસાદી પાણી સંગ્રહ માટે મનરેગા યોજના અંતર્ગત દરેક ગામની આસપાસના વિસ્તારમાં અર્ધગોળાકાર બે બે ફૂટના ખાડા કરાવી પાણી રીચાર્જ કરાવવું.

**ખેત ટેકનોલોજી સુધારણા સૂચનો:**

૧.કૃષિ યુનીવર્સીટીની મદદ લઇ ઓછા પાણીમાં થતા અને વધુ ઉત્પાદકતા ધરાવતા બિયારણ તૈયાર કરી તેનો ઉપયોગ વધારી ઉત્પાદકતા વધારી શકાય .

૨.મકાઈ દાહોદનો મુખ્ય પાક છે અને મકાઈના બિયારણમાં કૃષિ યુનીવર્સીટી દ્વારા સુધારેલ બિયારણ સદગુરુ ગ્રુપ દ્વારા એક તાલુકામાં આપવામાં આવેલ છે જે ઉચી ઉત્પાદકતા ધરાવે છે તેને બાકીના તાલુકામાં પણ પ્રયોજી શકાય.

૩.દાહોદમાં પાણીના અલ્પ વપરાશ વાળી પિયત પદ્ધતિઓના વ્યાપક સ્વીકૃતિ માટે સહકારી અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સઘન પ્રયત્ન હાથ ધરવો વિશેષ સંજેલી, દાહોદ,ફતેપુરા, અને દે.બારિયામાં.

૪.ઓછી પિયત ધરાવતા બાગાયત પાકોની ખેતીનું પ્રમાણ વધારવું દા.ત. જામફળ, કેરી, પોપૈયા

૫.આ વિસ્તારમાં મસાલાનું ઉત્પાદન સારી માત્રામાં થાય છે તેના ઉત્પાદનને વધારી તેનું રૂપાંતરણ ત્યાજ હાથ ધરવું.

૬.આ વિસ્તારનો એગ્રો કલાઇમેટ ઝોન ચારોળીના ઉત્પાદન માટે યોગ્ય છે અને જંગલ વિસ્તારમાં તેનું ઉત્પાદન થાય છે તો કૃષિ યુનીવર્સીટીની મદદથી તેના ઉત્પાદન વધારવાના પ્રયત્ન હાથ ધરી વાળી બનાવી શકાય.

૭.મશરૂમ જેવા કૃષિ ઉત્પાદન પણ હાથ ધરી શકાય તેનો એક પ્રયોગ પણ એક શિક્ષિત યુવાન દ્વારા કરવામાં આવેલ પરંતુ ઉત્પાદનને યોગ્ય બજાર ન મળવાથી તે નિષ્ફળ રહ્યો પરંતુ આ પ્રકારના ઉત્પાદનને વેચવા માટે નજીકના શહેરી વિસ્તારમાં બજાર સાથે જોડવામાં આવે તો આ પ્રકારના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા કૃષિ ક્ષેત્રે નવપ્રવર્તન પણ સર્જી શકાય તેના માટે માત્ર વેચાણ વ્યવસ્થા ઉભી કરવી જરૂરી બને અને તેના માટે એક ચોક્કસ સ્તરનું ઉત્પાદન વધારવું પડે જે સહકારી મંડળી જેવા સંગઠનથી શક્ય બની શકે.

પશુપાલન અને મરઘા બતકા પાલન :

૧.દાહોદમાં છેલ્લા એક દશકમાં પશુપાલનમાં ડેરી ક્ષેત્રે સારી પ્રગતી થઇ છે પરંતુ તેને વધુ વ્યાપક બનાવવા ઘાસચારાની વ્યવસ્થા કરવી જરૂરી છે કુલ ઉત્પાદનમાં માત્ર ૪ ટકા જમીનમાં જ પશુચારાનું વાવેતર થાય છે જમીન વિહોણા લોકો પશુપાલન કરી શકતા નથી પરંતુ ચારની વ્યવસ્થા થાય તો તેનો વ્યાપ વધારી શકાય.

૨.મરઘા-બતકા પાલનમાં દાહોદમાં સરકાર દ્વારા યોજના પણ શરુ કરવામાં આવેલ પરંતુ તેની કાળજીના અભાવે આ ક્ષેત્ર વિકસી શક્યું નથી તેના કારણે પંચમહાલ અને મધ્યપ્રદેશથી દાહોદમાં મરઘા અને બતકા વેચાણ માટે આવે છે જે સ્થાનિક સ્તરે ઉત્પાદન કરી શકાય. તેના માટે સહકારી મંડળી શરુ કરી ઉત્પાદન કરવું વધુ યોગ્ય રહે તેમાં બહેનો જોડાયેલી હોવાથી તે વધુ સરળતાથી શરુ કરી શકાય.

## ખેતપેદાશના સંગ્રહ :

૧.એક યોજના અંતર્ગત ગામમાં ગોડાઉનની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ પરંતુ તેનો વપરાશ યોગ્ય રીતે કરવામાં આવતો નથી ગ્રામસભાને સક્રિય કરી તેના નિયમો બનાવી તેને ઉપયોગમાં લઇ શક્ય

૨.ફળ, શાકભાજી, ફૂલો જેવી નાશવંત વસ્તુઓના સંગ્રહ અને બજાર સુધી પહોચાડવા માટે સીતગૃહો (કોલ્ડ સ્ટોરેજ) અને ફ્રોજનની વ્યવસ્થા ઉભી કરી શક્ય તેના માટે સહકારી ડેરીના માળખાને ઉપયોગમાં લઇ શકાય.

૩.અનાજ અને કઠોળના સંગ્રહ માટે સહકારી ધોરણે મંડળી બનાવી સજીવ પેદાશોના પેકિંગ કરી શહેરી વિસ્તારોમાં બજાર સુધી પહોચાડી શકાય.

૪.કઠોળમાં ચણા, અડદ અને સોયાબીન દાહોદના મુખ્ય પાકો છે ત્યારે તેને સજીવ પેદાશ હોવાથી તેને સાફ કરી નાના પેકિંગ તૈયાર કરી શહેરી વિસ્તારમાં સજીવ પેદાશના બજારમાં વેચવાની વ્યવસ્થા કરવાથી વિશેષ આવક વૃદ્ધિ મેળવી શકાય છે.

૫.સજીવ પેદાશને ટ્રાયફેડ બ્રાન્ડીંગ સાથે ઓનલાઈન એમઝોન અને ફ્લીપકાર્ટ પર વેચી શકાય અને તેના માટે ૧૨ પાસ વિદ્યાર્થીઓને તાલીમ આપી કેળવી શકાય.

**ખેત વેચાણના પ્રશ્નો :**

**૧.**કાકડખીલા ગમે સદગુરુ દ્વારા એક આલોપલો કરીને એક યોજના છે જેમાં ગામના ખેડૂતો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશો વજન કરી સાંજે વાહનમાં લઇ જવામાં આવે જે વહેલી સવારે દાહોદ બજારમાં હરાજી કરી સાંજે ખેડૂતોને તેના ઉત્પાદનના મળેલ કિમત પરત કરવામાં આવે છે આમ નાના ખેડૂતો માટે નાશવંત વસ્તુઓ માટે (શાકભાજી,ફળ,ફૂલ) આવી વ્યવસ્થા સરકર કે સહકરી મંડળી દ્વારા ઉભી કરી શકાય.

૨.ગામના ૧૦ ધોરણ થી વધુ ભણેલા યુવાનોની વેચાણ માટેની મંડળી બનાવી શકાય જે આખા ગામના ઉત્પાદનને વેચાણ સ્થળ સુધી પહોચાડી હરાજી કરી સાંજે ખેડૂતને તેના નાણા પરત કરે.

૩.ડેરીના માળખાનો વેચાણ વ્યવસ્થા તરીકે ઉપયોગમાં લઇ શકાય શાકભાજી ઉત્પાદન કરતા ખેડૂતો પાસેથી ખરીદી તેના પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રો પર તાજું શાકભાજી પણ વેચી શકાય.

૪.આજ રીતે ડેરી જે શાકભાજીનું ઉત્પાદન ખુબ વધારે થતું હોય તેના રૂપાંતરણની પ્રક્રિયા પણ ડેરીમાં કરાવી શકે.

૫.દાહોદ જીલ્લાની પેદાશોને સંગ્રહી શકાય તેવી પેદાશોને સજીવ પેદાશને ટ્રાયફેડ બ્રાન્ડીંગ સાથે ઓનલાઈન એમઝોન અને ફ્લીપકાર્ટ પર વેચી શકાય.

૬.ગામમાં ખેત વેચાણ મંડળી બનાવી શકાય જે સહકારી ધોરણે ખેતપેદાશોને તાલુકા કે જીલ્લા સ્તરે વેચવા મોકલે.

ધિરાણ;

૧.સ્વ સહાય જૂથની સંખ્યા વધારી આ દિશામાં આગળ વધી શકાય.

૨.સામુદાયિક ખેતી, ઉત્પાદન, વેચાણને પ્રોત્સાહન આપવા તે સ્તરે થતી ખેતીને વેગેરેને ખાતર, બિયારણ, જંતુનાશકો, પિયત અને નાણાંકીય સહાયમાં વિશેષ પ્રોત્સાહન આપવાથી એક મજબુત માળખું ઉભું કરી શકાય.

૩.ગ્રામ વિકાસ બેંક, જમીન ધિરાણ બેંકનું પ્રમાણ વધારી શકાય.

## સમગ્રપણે ખેત રૂપાંતરણ માટેના સૂચનો :


૧.ટ્રાયફેડના માળખાને વ્યાપક બનાવી તેના તાલુકા સ્તરે જીલ્લા સ્તરે કેન્દ્ર ઉભા કરવા જ્યાં જીલ્લામાં ઉત્પાદિત વસ્તુ ખરીદવામાં આવે અને તેને સમગ્ર રાજ્યમાં વેચવા માટે મૂકી શકાય ખાસ કરીને શહેરી વિસ્તારમાં.

૨.સહકારી માળખાનો ઉપયોગ કરી શકાય દુધની જેમ ડેરી દ્વારા શાકભાજી ખરીદવામાં આવે તેના જુદાજુદા પેકિંગ કરી દૂધ વેચાણ કેન્દ્રોમાં વેચવા માટે મુકવામાં આવે શેષ બચેલ ઉત્પાદનને શુકાવની કરી પાવડર કરી વેચી શકાય.

૩.દાહોદ જીલ્લામાં મકાઈના ઉત્પાદનના વિભિન્ન સ્તરના પ્રોસેસની સંભાવના છે જેમકે વિવિધ પૌવા અને નાસ્તાના બહોળા અવકાશ છે તેના માટે બહેનોને એકત્રિત કરી સહકારી મંડળી બનાવી ઉત્પાદનને ટ્રાયફેડના બ્રાન્ડીંગ થી ઓનલાઈન અને ઓફલાઈન બજાર સાથે જોડી શકાય બજાર માટે દરેક ગામ જ્યાં પ્રોસેસ યુનિટ હોય ૧૨ ધોરણ સુધી ભણેલા યુવાનોને ઓફલાઇન અને ઓનલાઈન વેચાણની તાલીમ આપી વેચાણને શક્ય બનાવી શકાય.

## કૃષિક્ષેત્રના વિકાસ માટે સહકારી માળખું :

સમગ્ર દાહોદમાં સૌથી વધુ સહકારી મંડળીઓ દુધની છે અને તેના વિકાસના અવકાશ પણ છે ડેરી ક્ષેત્ર વ્યાપક રીતે ફેલાય રહ્યું છે ત્યારે તેજ માળખાનો ઉપયોગ કૃષિ પેદાશો માટે પણ કરી શક્ય કેમકે દૂધ ઉત્પાદક ડેરીનું કાર્ય સવારે અને સાંજે જ હોય છે જયારે બપોરના સમયે આ માળખું વપરાશ રહિત રહે છે. ઉપરાંત ડેરીને પોતાનું નેટવર્ક પણ છે જે દૂધ બગડે તે પહેલા જ વિતરિત કરે છે આજ માળખું કૃષિની નાશવંત વસ્તુઓના વેચાણ માટે ઉપયોગમાં લઇ શકાય. ઉપરાંત પ્રોસેસિંગ માટે પણ આ માળખાનો ઉપયોગ ઉપયોગ કરી શકાય કેમકે તેમાં જાળવણીના સાધનો મોટા કેન્દ્રો પર ઉપલબ્ધ છે આ અંગેનું સમગ્ર માખું નીચે મુજબ હોઈ શકે.




# ઉત્પાદન થી વેચાણનું માળખું એક નવી શરૂઆત

ઉપરોક્ત માળખા અનુસાર ઉત્પાદનથી લઇ વેચાણની પ્રક્રિયામાં કેટલા સ્તરના મૂલ્ય વૃદ્ધિના અવકાશ છે તે દર્શાવવામાં આવેલ છે. મૂળભૂત રીતે ગુજરાતમાં અમુલ એક સફળ સહકારી એકમ વિકસી શકે તો આ માળખાને વધુ વ્યાપક કેમ ના બનાવી શકાય? જો ડેરી ક્ષેત્રે આપણે સફળ બની શકીએ તો તેજ માળખું કૃષિ ક્ષેત્રના અન્ય ઉત્પાદનોમાં કેમ ન પ્રયોજી શકાય.

આ વિચાર અનુસાર પંચમહાલ અને તેના આદિવાસી તાલુકાઓમાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે ડેરીની સંખ્યા પણ વધી છે કોઈ પણ વિસ્તારમાં ડેરી બનાવવા માટે એક ચોક્કસ માળખું આવશ્યક છે બાંધકામ ત્યારબાદ દુધની જાળવણી અને પેકિંગ સુધીની પ્રક્રિયા તેજ સ્થળે કરવામાં આવે છે. તેથી જાળવણીની સુવિધા પણ ડેરીના વિવિધ કેન્દ્રોમાં ઉપલબ્ધ હોય. ડેરીના સમગ્ર માળખાનો ઉપયોગ સવારે અને સાંજે દૂધ ભરવાના સમયે જ થાય બાકીના સમયમાં ડેરીનું મકાન વપરાયા વગરનું રહે છે આ અવકાશ છે.

દુધના જ ઉત્પાદકો શાકભાજીના ઉત્પાદકો છે તે વિવિધ શાકભાજીનું ઉત્પાદન કરે છે માટે જો દુધની જેમ શાકભાજી પણ ડેરીમા જમા કરવામાં આવે અને ત્યાંથી તેને વિભાજીત કરી, સાફ કરી, કેટલુક સુધારી, અને જો દુધની જેમ દૂધ વિતરણ કેન્દ્રો પર વેચવામાં આવે તો શાકભાજી પણ તેજ ચેનલ દ્વારા વહેચી શકાય આખી પ્રક્રિયામાં બીજા કોઈ વધારાના સાધનની મૂડીરોકાણની આવશ્યકતા નથી. ઉપરાંત શાકભાજીના ક્ષેત્રમાં વાચેટીયોનો નફો સીધો ખેડૂતને મળશે અને ગ્રાહકને પણ ઓછા ભાવથી આપી શકાશે.

**ત્રીસ્તરીય પ્રોસેસિંગ માળખું**

**પ્રથમ સ્તર** :

આ માળખા અનુસાર ખેડૂત ઉત્પાદકોનું ઉત્પાદન શાકભાજી સફાઈ કરી અલગ અલગ વજનના પેકિંગ કરી તેને દૂધ વિતરણ કેન્દ્રો પર વેચવામાં આવશે. તેમાં કેટલાક શાકભાજીને સુધારીને પણ વેચી શકાય. દા.ત બિગ બાસ્કેટ : સાફ કરીને ભાજી વેચી શકાય, દાડમ દાણા નીકળીને પેકિંગ કરીને વેચી શકાય, જેને સુધારવામાં દૈનિક જીવનમાં સમય વધારે લાગે તેમ હોય તેવા શાક સુધારીને આ રીતે વેચી શકાય જેમકે તુવેર, વટાણા, મકાઇ,  અને આ સ્તરે જે ન વેચાય તેને દ્વિતીય સ્તરના પ્રોસેસિંગમાં લઇ શકાય પ્રથમ સ્તરના પ્રોસેસિંગમાં કોઈ વિશેષ તાલીમની આવશ્યકતા રહેતી નથી. તેમજ વિશેષ યંત્રોની પણ આવશ્યકતા નથી.

**દ્વિતીય સ્તરનું પ્રોસેસિંગ** :

જે શાકભાજી વેચાયા વિનાના રહે તેને સુકવણી અને પાવડર સ્વરૂપમાં કે અન્ય સ્વરૂપમાં સાચવીને વાપરી શકાય તે સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય. દા.ત ડુંગળી, લશણ, ગાજર જેવા શાકને સૂકવવા અને તેને 6 માસ સુધી સાચવી શકાય તે રીતે પ્રોસેસિંગ કરવાની પ્રક્રિયા કરી શકાય. આ સ્તરના પ્રોસેસિંગ માટે કેટલાક સ્તરની તાલીમની જરૂરિયાત ઉભી થાય છે જેકે તે ખુબ સરળતાથી આપી શીખવી શકાય તે સ્તરની જ હશે. અને તેમાં સ્થાનિક સ્તરે બનાવી શકાય તેવા મશીન દ્વારા પણ આ પ્રોસેસિંગ શક્ય છે.

**તૃતિય સ્તરનું પ્રોસેસિંગ** :

આ પ્રોસેસિંગનું આખરી સ્તર છે ત્યાં જે વસ્તુઓના મૂળ સ્વરૂપમાં નોંધપાત્ર મૂલ્ય વર્ધન શક્ય હોય એટલે કે કૃષિ પેદાશ માંથી નાસ્તાની વસ્તુઓ, સ્વરૂપનું પ્રોસેસિંગ દા.ત મકાઈ માંથી કોર્ન ફ્લેક્સ, દુધનો પાવડર વગેરે આ રીતના પ્રોસેસિંગ માટે થોડા મોટા મશીન અને થોડી વધારે તાલીમની જરૂરિયાત ઉભી થાય છે

**આ માળખાની સમસ્યાઓ અને ઉકેલો** :

**શાકભાજી વધવાનો કે બગડવાનો પ્રશ્ન** :


શાકભાજીના ક્ષેત્રે તેની જાળવણી અને બગાડ આ બે બાબતો ખુબ પ્રશ્નો સર્જે છે તે નુકશાન ક્યાં સ્તરે ભોગવવાનું થાય? આ પ્રશ્નના ઉકેલ માટે ડેરી અંતર્ગત આપણે તમામ શાકભાજીને આવરી લેવાની જરૂર નથી કેમકે તેનું એક ચોક્કસ માળખું અસ્તિત્વ ધરાવે છે અને લોકો શાકભાજી દુકાનથી દૂધ સાથે લેવા ટેવાયેલા પણ નથી તેથી ડેરી માત્ર તેજ પાક શાકભાજી વેચે જેના પ્રોસેસિંગ શક્ય હોય જેથી વણ  વેચાયેલા પાકને તુરંત દ્વિતીય સ્તરના પ્રોસેસિંગમા મોકલી અને બગાડને અટકાવી શકાય.

**વેચાણનો પ્રશ્ન** :

આ વ્યવસ્થામાં સૌથી મોટો ફાયદો વેચાણ માટે અલગ વ્યવસ્થાની જરૂર રહેશે નહી કેમકે ડેરીની પોતાની એક ગોઠવાયેલી વ્યવસ્થા છે અને ડેરીના બ્રાન્ડથી લોકો માહિતગાર છે તેથી પ્રથમ,દ્વિતીય કે તૃતિય સ્તરના પ્રોસેસ થયેલ ઉત્પાદનની ગુણવત્તાના સંદર્ભે અલગથી બજાર મેળવવાની તકલીફ આ ઉત્પાદનોને રહેશે નહી. અને સરળતાથી બજાર મળી રહેશે.

આજ પ્રક્રિયાના દ્વિતીય સ્તરના ઉત્પાદનને જુદા જુદા વિસ્તારમા જુદા જુદા હોય ત્યારે તેનો ઉપયોગ કરીને પણ વસ્તુઓને તૈયાર કરી શકાય.

**દાહોદ જિલ્લા અને આદિવાસી તાલુકામાં આ માળખા અનુસાર ઉત્પાદનની સંભાવનાઓ**




દાહોદ જિલ્લામાં કૃષિક્ષેત્રના વિવિધ પાકોમા કેટલા અવકાશ છે તેની ઉપર રજૂઆત કરી છે

**અનાજ અને કઠોળ**: અનાજમાં **મકાઈ** આ વિસ્તારનો મુખ્ય પાક છે જયારે કઠોળમા અડદ અને ચણાનું ઉત્પાદન સૌથી વધુ થાય છે. ત્યારે કઠોળ માંથી દાળ અને વિવિધ નાસ્તા બનાવવાની સંભાવના રહેલી છે જયારે મકાઈ પ્રોસેસિંગની વિશાલ તકો ધરાવે છે. મકાઈના વિવિધ સ્તરના પ્રોસેસિંગ શક્ય છે. જેમકે સ્થાનિક સ્તરે ધાણી જે ગ્રામીણ સ્તરે પણ શક્ય છે, તેમજ કોર્નફ્લોર પણ સ્થાનિક સ્તરે બનાવવો શક્ય છે. નાસ્તા માટે પણ બહોળો અવકાશ છે જે સ્થાનિક સ્તરે નાના પાયે શક્ય બનશે. તેલ અને કોર્ન ફ્લેક્સ માટે વિશેષ કૌશલ્યની આવશ્યકતા રહે છે તાલીમ અને મૂડીરોકાણ વગર શક્ય બને નહી.

**શાકભાજી** : દાહોદ જિલ્લામાં શાકભાજીનું ઉત્પાદન નોંધ પાત્ર પ્રમાણમાં થાય છે અને તેને પ્રથમ બે સ્તરના પ્રોસેસિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ કરી શકાય તેની લસણ, ડુંગળી, બટેટા, ટમેટા આ પાકમાંથી ચિપ્સ, પાવડર, પ્યુરી વગેરેની માંગ પણ છે

ફળ : આ તાલુકાઓમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થા અને સરકાર દ્વારા બાગાયત સંદર્ભે જે પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી તેના પરિણામે જામફળ અને કેરીના ઉત્પ્દનમાં નોંધપાત્ર વધારો થયો છે પરંતુ ફળના સંદર્ભમાં પુરવઠો વધવાના કારણે ભાવસપાટી નીચા જતા રહે પરિણામે વળતરનું પ્રમાણ ખુબ નીચું રહે તે સ્થિતિમાં આવક વધારવા માટે પ્રોસેસિંગ એક ઉત્તમ વિકલ્પ છે ખાસ કરીને જામફળ  અને કેરીના સંદર્ભમાં આ બન્ને પ્રોસેસિંગમાં પાવડર, અચાર, પલ્પ,શરબત વગેરે શક્ય છે.

**ઉધોગ** : ઉપરોક્ત માળખાને વ્યવહારમાં અમલમાં મુકવા માટે અને સ્થાનિક સંસાધનોના આધારે ગૃહ અને કુટિર ઉધોગોનો બહોળો અવકાશ છે જુદા જુદા ક્ષેત્ર અનુસાર જો તપાસીએ તો

કૃષિક્ષેત્ર:

**વોટર હાર્વેસ્ટીંગ** : પાણીની અછત ધરાવતા વિસ્તારમાં પિયત માટે વિવિધ સાધનોની આવશ્યકતા છે જે નાના પાયા પર ઉભા કરી શકાય.

**સોલાર લાઈટ અને સોલાર રીપેરીંગ** : દાહોદ ઉચું તાપમાન ધરાવતો વિસ્તાર છે તેથી ત્યાં સોલાર લાઈટ સંદર્ભે સારો અવકાશ છે ઉપરાંત દરેક તાલુકામાં આઈટીઆઈ માં આ પ્રકારના કોર્સ વિકસાવવાથી સ્થાનિક સ્તરે આ ઉદ્યોગ વિકસાવી શકાય.

પ્રોસેસિંગના નાના યંત્રો : દાહોદમાં મકાઈ અને શાકભાજી મસાલા જેવા પાકોના પ્રોસેસિંગના અવકાશને જોતા દળવાનાં સાધનો, નાસ્તાના મશીન, પેકિંગના મશીન, વગેરે જેવા યંત્રોના ઉત્પાદનના અવકાશ છે.

કૃષિ ઓજારો : કૃષિક્ષેત્રે વપરાતા યંત્રો નાના ખેડાણ ઘટકને ઉપયોગી પરંતુ તેના ખર્ચનું પ્રમાણ ઉચુ હોવાથી નાના ખેદન ધારકો તેને વસાવી શકતા નથી તેથી તેમાં નાના યંત્રોની આવશ્યકતા છે જે બનાવી શકાય

ખનન આધારિત ઉદ્યોગો : ઈટ બનાવવાનો ઉદ્યોગ, પથ્થર ક્રસિંગ

વાહનવ્યવહાર સંબંધિત: ઓટો રીપેરીંગ અને સર્વિસ, બાઈક રીપેરીંગ અને સર્વિસ, ટ્યુબ ટાયર

ઉદ્યોગો સમક્ષના પડકારો :

-કુટિર ઉદ્યોગ વિકાસ માળખાનો અભાવ

-પાણીની અછત

-વીજળીના ઉચા દર

-કાર્યકારી મૂડીની અપર્યાપ્તતા

-બજાર જોડાણનો અભાવ

-જમીનની ઉચી કિમત

-કાચામાલની અછત

-કૌશલ્યવાન કારીગરોની અછત

## વિકાસ માટેના સૂચનો :

-કૌશલ્યવાન શ્રમિકો માટે દરેક તાલુકાના આઈટીઆઈમાં ઉપરોક્ત ઉદ્યોગોના સંદર્ભે કોર્સ શરુ કરવા જેમકે ફૂડ પ્રોસેસિંગ, બેકરી,

-આઈટીઆઈમાં પ્રવેશ માટે ધો-૧૦ પાસના સ્થાને ધો-૮ પાસનું ધોરણ નક્કી કરવું ખાસ કરીને કૃષિ અને ગૃહ ઉદ્યોગોના પ્રથમ દ્રિતીય ક્ષેત્રના પ્રોસેસિંગ માટેના કોર્સ માટે.

-સોલાર સંબંધિત કોર્સ વ્યાપક પ્રમાણમાં ઓફર કરવા

-વેચાણ માટેની તાલીમ અંગે અભ્યાસ ક્રમ શરુ કરવા જેમાં ઓનલાઈન અને ઓફ લાઈન બન્ને પ્રકારના બજારમાં વેચાણ વધારવાના કૌશલ્ય પર ધ્યાન આપવું.

-સામુદાયિક ધોરણે ઉત્પાદન કરવા પર જમીન, ધિરાણ વગેરે સંસધ્નોમાં વિશેષ રાહતની જોગવાઈ કરવી.

-દાહોદના વિવિધ ઉત્પાદનને ટ્રાયફેડના માધ્યમથી બજાર સુધી પહોચાડવું.

## સેવા ક્ષેત્ર

સેવા ક્ષેત્રમાં અગ્રતા ક્રમ ધરાવતા ક્ષેત્રો સંદર્ભે સૂચનો આ મુજબ છે.

૧.દાહોદ પરમ્પરાગત રીતે આજીવિકા માટે સ્થળાંતર કરતો જીલ્લો છે તેમાં અનેક લોકો બાંધકામ, ઇલેક્ટ્રિફીકેસન, ગેસલાઈન, રેલ્વે લાઈન, જેવા જોખમી ક્ષેત્રોમાં વિમા, સામાજિક સુરક્ષાના કોઈ પણ યોજના વિના કામ કરે છે જે યોજના છે તે માત્ર ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે છે જયારે તેમાં કામ કરતો વર્ગ બહોળો છે તેને સામાજિક સુરક્ષા પૂરી પાડવી આવશ્યક છે અને તેના માટે ગ્રામસભામાં ગામમાંથી કામ માટે બહાર જતા લોકોની યાદી બનાવી સ્થળ અને ક્ષેત્ર નોંધી જોખમના આધારે વિમો સરકાર દ્વારા પૂરો પાડવો.

૨.જીલ્લામાં આંતરિક વાહનવ્યવહારથી સંપર્ક વધારવા દરેક તાલુકાના ગામોને જોડતા ખાનગી વાહનોની સાથે સાથે સરકારી વાહનોનું પ્રમાણ વધારવું.

૩. જે તાલુકાના અંતરિયાળ ગામોમાં સંદેશાવ્યવહાર માટે નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં ઉભી કરવી.

૪.કૃષિ વિમા અંગેની માહિતી ગ્રામજનો સુધી ઉપલબ્ધ કરાવવી.

૫.ચાંદલા પ્રથા જેવા નાણાંકીય માળખાના બદલે સંગઠિત માળખામાં લોકો પ્રવેશે તે સંદર્ભે સ્વસહાય જૂથો અને બહેનોમાં જાગૃતિ ફેલાવી આ પ્રથાને દુર કરવા પ્રયત્નો હાથ ધરવા તે દિશામાં પેસા એક્ટ હેઠળ ગ્રામસભા આ પ્રકારના ઠરાવ કરી આ દિશામાં આગળ વધી શકે.

૬.શિક્ષણ સંદર્ભે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા દરેક શાળા અનુસાર પર્યાપ્ત શિક્ષકોની ભરતી કરવી તેમજ શિક્ષકોની કામગીરી અંગે તપાસ હાથ ધરવી રાજ્ય બોર્ડના પરિણામોમાં જીલ્લાનું સ્તર ખુબ નબળું છે. તેને સુધારવા સ્વૈચ્છિક સંસ્થાનો સહારો લઇ શકાય.

## પ્રાદેશિક પ્રવાસન સેવાઓના વિકાસની સંભાવના

૧.સ્થાનિક સજીવ ભોજન ક્ષેત્રનો બહોળો અવકાશ છે (હોટલ વ્યવસાય સંદર્ભે)

૨.ચોમાસા દરમિયાન સાપુતારાની માફક દાહોદના રતનમહાલ વિસ્તારમાં ઈકો ટુરીઝમના સારા અવકાશ છે.

૩.પ્રવાસન સ્થળો પર વન્ય પેદાશોની બનાવટો, સજીવ ધાન્ય કઠોળ, નાસ્તા વગેરે વ્હેચવાનો સારો અવકાશ છે.

૪.પ્રવાસન સ્થળોના કેટલાક અંતર બાદ વાહન પ્રવેશ પર પ્રતિબંધ કરી ત્યાં ઇલેક્ટ્રિક વાહનો દ્વારા અવરજવર ફરજીયાત કરી સ્થાનિકોને રોજગાર આપી શકાય.

૫.ઇકોઝોનમાં પ્રવેશ પર ટીકીટ નિર્ધારિત કરી આવક ઉભી કરી શકાય.

૬.પ્રવાસન સ્થળો પર પ્લાસ્ટિક સંપૂર્ણ બંધ કરી ખાણી-પીણી, વસ્તુઓના પેકિંગ કાગળના કરવાથી તેનો ગૃહ ઉદ્યોગ પણ તે વિસ્તારમાં વિકસાવી શકાય.

૭.ઔષધીવન જેવા વિસ્તારમાં જંગલમાંથી ઉપલબ્ધ ઔષધીઓના પાવડર બનાવવા અને વેચવાના કેન્દ્ર પણ પ્રવાસન સ્થળો પર ઉભા કરી શકાય તેમજ સ્થાનિક ઔષધીઓની માહિતી ધરાવનાર ક્યાં રોગમાં કઈ ઔષધીઓ વાપરી શકાય તેની માહિતી સાથે હોય તો તેના વેચાણમાં નોંધનીય વધારો પણ કરી શકાય.

ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં દાહોદ જીલ્લાના આર્થિક વિકાસ માટે ક્ષેત્ર અનુસાર કેટલા અવકાશ છે તેના અમલમાં મુકવા માટે કેવા માળખાની જરૂરિયાત ઉભી થાય તે અને દરેક ક્ષેત્રને ઉત્પાદન ઉત્પદ્ક્તાથી થી વેચાણ સુધીની જોડતી કડીઓ કઈ હોઈ શકે અને તેના માટે કઈ રીતે કાર્ય હાથ ધરવું તે નગે વિગતે રજૂઆત કરવામાં આવેલ છે તેમ જંગલ, કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના અવકાશ અને અમલને વિગતે ચર્ચવામાં આવ્યું છે.